
સંસ્થાપક • રવિશંકર રાવળ
જુલાઈ ૧૯૪૮
૨૯૫



ફૂદડી • ચિત્રકાર : રસિકલાલ પરીખ



શાહી દંપતી · ચિત્રકાર: શાન્તિલાલ શાહ (સાધના કલાકેન્દ્ર · અમદાવાદ) ('ગુજરાત સમાચાર'ના સૌજન્યથી)


કુમાર

જુલાઈ ૧૯૪૮

અંક ૨૯૫

અનુક્રમ

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા ૧૫ શિલિંગ. છુટક નકલના બાર આના.



બરફનું અદ્દભુત સૌંદર્ય : અવનવી સૌંદર્યમય આકૃતિઓવાળું આ શાનું ચિત્ર છે તે ઓળખી શકશો ? તમને લાગશે કે આ તો કાપડ કે કાગળમાં દોરેલી યા કોતરેલી ડિઝાઇનો છે. પણ એ કલ્પના ખોટી છે. તે તો આકાશમાંથી વરસતા બરફના કણો(Snow flakes)-ની બનતી વિવિધ આકૃતિઓ છે ! ઇંગ્લંડ, અમેરિકા આદિ ઠંડા પ્રદેશોમાં વરસાદને બદલે ઘણીવાર બરફ(Snow) પડે છે. આ બરફ આપણે ત્યાં કરા પડે છે એ પ્રકારનો નથી હોતો, પણ રૂના બારીક પોલ જેવો અત્યંત ઝીણાંઝીણાં કણોના રૂપમાં તે વરસે છે. આ રીતે પડતો બરફ જ્યારે શહેરનાં છાપરાં, ઝાડો ઇત્યાદિ પર પથરાય છે, ત્યારે ધુમાડિયું શહેર કોઈ પરીની સૃષ્ટિ જેવું નયન-મનોહર લાગે છે. પણ બરફના એ બાહ્ય સૌંદર્ય કરતાં યે તેનું આંતરિક સૌંદર્ય તો અનેકગણું અદ્દભુત છે. બરફના એ કણો યા સ્ફટિકો હોય છે તો સોય જેવા લાંબા. પરંતુ કુદરતની અદ્દભુતતા એ છે કે જ્યારે તે ઉપરથી નીચે પડી એકબીજા સાથે જોડાય છે ત્યારે હંમેશ ૬૦ અંશને ખૂણે જ જોડાય છે! અને એ રીતે ષટ્કોણ આકારની અસંખ્ય અનુપમ સૌંદર્યમય આકૃતિઓ રચે છે. આ અવનવી સૌંદર્યમય ડિઝાઇનો નરી આંખે તો દેખાતી નથી. પરંતુ તેને સૂક્ષ્મદર્શક યંત્ર કે કાચમાંથી જોતાં જ એ ગબલખ વૈવિધ્યવાળા અનેક મનોહર ષટ્કોણી આકારો સ્પષ્ટ થાય છે. દરેક આકૃતિ જુદી, દરેકનું સૌંદર્ય જુદું, દરેકની રચના જુદી !

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

જુલાઈ

૧૯૪૮

પૃથ્વી

· મિશ્ર ·

હે પૃથ્વી, આ પાર્થિવતાથી તારી
ન હિંજરાઈશ, ન ઓછું આણતી.
ન નિંદતી આ તુજ જાડ્યને તું.

આ જાડ્ય, આ પાર્થિવતા, સ્થિરત્વ આ,
તે ધર્મ તારો : વસી ધર્મમાં રહે.
તું અન્ય તત્ત્વોથકી અલ્પ, એવી
ન અલ્પતા અંતરમાં વસાવતી.
તું પાર્થિવાંશે સહુ તત્ત્વથી વધુ,
દુર્ભાગ્ય એ તારું ન, જન્મજન્મનાં
સૌભાગ્યકેરું કંઈ સંચિયું મધુ !

ધારી રહે ધાર્ય બધું ય, હે ધરા !
આધાર હે, સૌ આધેય કેરા !
ને, એક દી આ તપ પૂર્ણ થાતાં,
સૌ ધાર્યકેરા શિરમોર જેવા
આધેયને શ્રેષ્ઠ ધરી રહીશ,
આધાર હે શ્રેષ્ઠ !

પ્રજારામ રાવળ

જિંદગી

· ઉપજાતિ ·

કહો નહીં, હાર અચૂક આવી.
એકાદ રૂડો ફટકો રમંતાં
પલટાવતો હારી જવાતી બાજી,
ને તાળીઓના ગગડાટ વચ્ચે
ખેલાડી આવે વરી વિજયશ્રી.

હાર્યા વિના હાર કહો ન આવી;
ને હારતાં શું બગડી જવાની
રમી મહા મોજથી રમ્ય બાજી?

સરોજ

આવ્યા?

મારા મૂગા શબ્દની શૃંખલાએ
બંધાઈને નાથ, આવ્યા ઘડીમાં;
બ્રહ્માંડોમાં જે સમાઈ શકે ના
આવ્યા તે શું આ અધૂરી કડીમાં?

મકરન્દ દવે

મારી નાવ


ધીરીધીરી જલ-ઝૂલણે મારી નાવ મનોરમ ડોલે,
(એને) હીરને દોરે હળુહળુહળુ કોણ આ રે હિલ્લોળે!

કલકલ વહે કાળનાં પાણી,
નભના રંગની દોરી વ માણી,
નવ ભૂમિ, નવ સાંભળી વાણી.
લખ આવે લખ જાય, મેળામહીં સુખ શાં ઊછળે ઓળે!
મારી નાવ મનોરમ ડોલે.

આભધરાતણા ભેદને ટાળી,
રાત લળે જવ કાજળકાળી,
તારલિયા સંગ રમતાં તાળી
એવી રહું કદી સ્વાતિ, અભિજિત, રોહિણી, રેવતી ખોળે.
મારી નાવ મનોરમ ડોલે.

વાયુ અનુકૂળ કે છ તુફાની,
મજલ માહરી કઈ દિશાની,
એ તો જાણે મારો એક સુકાની,
નીરખું હું તો
નાવની પાછળ જલ-ચીલા પર પંખી શાં કિલ્લોલે!
મારી નાવ મનોરમ ડોલે.

રાજેન્દ્ર શાહ



મારે શું? આપણા એક શબ્દવ્યાપી દૂષણની કહાણી

—મનન—

એક નાનકડી મંડળી સમક્ષ પૂ. રવિશંકર મહારાજે એક કિસ્સો વર્ણવેલો તેનો સાર નીચે આપું છું:

મહી નદીને કાંઠે આવેલું એક ગામડું. નદીમાં પૂર આવેલું ને ગામલોકો પૂર જોવા કાંઠે જમા થએલાં. મોટેભાગે એમાં જુવાનિયા હતા. નદીકાંઠાનું ગામ, એટલે જેમને તરતાં આવડતું હોય એવાની સંખ્યા પણ નાની નહિ. મહારાજને સામે કાંઠે જવાનું હોવાથી એ નદીમાં પડયા. (મહારાજ એક અચ્છા તારા છે એ ભેગાભેગું અહીં કહી દઉં.) પાણી હજુ ચડતું હતું. એક બાઇને પણ સામે કાંઠે પહોંચવાની ઉતાવળ, એટલે માથે પોટલું લઇને એ પણ પાણીમાં ઊતરી. મધવહેણે તાણ વધારે હતું ને એમાં બાઇનું પોટલું પાણીમાં પડી ગયું. બાઇએ એ સંભાળી તો લીધું, પણ પલળવાથી એનું વજન વધી ગએલું. બાઇનો જીવ હતો પોટલામાં; ન પોટલું છોડાય ને ન પગ ગોઠવાય. એટલે બાઇ પોટલા સાથે તણાવા માંડી. એ મહારાજે જોયું ને બાઈની દિશામાં તરીને એને પકડી પાડી. મહારાજને બાઇને બચાવવી, ને બાઇને પોટલાને બચાવવું. કહ્યા છતાં એ પોટલું છોડે નહિ ને તાણ સામે મહારાજનો કંઇ ઈલાજ ચાલે નહિ. કાંઠે ઊભેલા જુવાનિયાઓને તો તમાશો જોવાનો મળ્યો, એટલે આ ગમ્મત જોઇને એ તો હસવા લાગ્યા! સંભવ છે, આખી પરિસ્થિતિમાં રહેલા જોખમનો એમને પૂરો ખ્યાલ નહિ હોય. મહારાજની તરવાની અને બાઇને બચાવવાની શક્તિમાં એમને શ્રદ્ધા પણ હોય. તે છતાં પરિસ્થિતિ વિકટ તો હતી જ અને પ્રતિક્ષણે વધુ વિકટ થતી જતી હતી. અને તો યે કોઇને એવો ખ્યાલ ન આવ્યો કે બાઈની વહારે જઇએ. આખરે મહારાજે એમને હાકોટયા ત્યારે એ લોકો નદીમાં પડયા ને બાઇને સામે કાંઠે પહોંચાડી આવ્યા.

આ તો ગામડાનો દાખલો છે, જ્યાં હજી યે માણસની આંખમાં કંઈક અમી ને શરમ છે. બીજો દાખલો શહેરનો લઈશું,—અમદાવાદનો જ. બારેક વર્ષની એક છોકરીને થોડાક દિવસો પર એક રાત્રે વીંછી કરડયો. વીંછી સામાન્ય કરતાં વધારે ઝેરી હોવો જોઇએ, કેમકે છોકરી બેભાન બની ગએલી, છતાં વીંછી ઊતર્યો તો ખરો. પણ બીજે દિવસે સવારે છોકરીને તાવ આવ્યો. તાવ અમસ્તો આવ્યો હશે માનીને ઘરમાંથી કોઇએ એને ઝાઝો ગણકાર્યો નહિ અને દવાખાને દવા લેવા પણ છોકરીને જ મોકલી. ત્યાં દાક્તરે એને દવા આપી અને ઇન્જેકશન પણ આપ્યું. પણ છોકરી પાછી વળતી હતી ત્યાં અચાનક જ એ ફસડાઈ પડી ને ત્યાં ને ત્યાં જ મરણ પામી! દવાખાનાની નજીકમાં જ આ બનાવ બન્યો. આવે વખતે થાય છે તેમ, લોકો છોકરીની આસપાસ જમા થઈ ગયા, પણ કોઇને યે આવે પ્રસંગે પોતાને માથે કંઇક કર્તવ્ય હોઈ શકે એનો ખ્યાલ આવ્યો નહિ. ઘોંઘાટ મચાવતા, કે નવા આવેલા 'શું છે, શું છે' કરતા ઊભા જ રહ્યા. દવાખાના તરફથી છોકરીના બાપને તેડવા મોકલ્યું. બાપ આવ્યો, અને ખરી શરમજનક વાત તો હવે આવે છે. બાપના દિલમાં કેટલી વ્યથા હોય એની તો કલ્પના જ કરવી રહી અને તો ય છોકરીનું શબ ત્યાંથી ખસેડયા વિના ચાલે એમ નહોતું. ઘર પાસે હતું. બાપે મરેલી દીકરીને ઊંચકવા માંડી. આંખમાં આંસું, ગળામાં ડૂસકાં, શરીરમાં કંપ અને દુઃખના આઘાતથી આવેલી મૂઢતા—એ સ્થિતિમાં એ બાપડો એકલો શબને કેવી રીતે ઉઠાવી શકે? પણ અંગકસરતનો તમાશો જોતા હોય એમ એકઠા થએલા સૌ ઊભા જ રહ્યા-કોઈ ઉપાડવા લાગવા આગળ આવ્યું નહિ!

માણસ ભણેગણે, વાંચેવિચારે અને પોતાના અધિકારો વિષે સજગ બને ત્યારે અભણ ગામડિયાને મુકાબલે પોતાના સામાજિક ધર્મનો પણ એને ઊંચો ખ્યાલ હોય એવી સહેજે અપેક્ષા રહે. પણ વાસ્તવિક સ્થિતિનું ચિત્ર ઉપરના પ્રસંગમાં અંકાયું છે તેવું જ છે. અપવાદો હશે, પણ નિયમ તરીકે જે અનુભવ થાય છે તે ઉપરની કોટિનો છે.

કારણ ગમે તે હો, પરસ્પર સહાયની વૃત્તિ આપણામાં લગભગ નથી એમ કહીએ તો પણ એમાં અતિશયોક્તિ નથી. બીજા પ્રત્યે પોતાને કંઇક કર્તવ્ય છે એવું સમજનારાની સંખ્યા આપણે ત્યાં કેટલી બધી ઓછી છે? એથી આપણાં બધાં કામો બગડે છે. એકલશૂરા થઇને આપણે પંડનું હિત વિચારીએ છીએ તેથી અન્યાય અને દુઃખ પણ આપણે એકલાં જ ભોગવી લેવાં પડે છે. અનેક પ્રકારની હાડમારીઓ વેઠતાં આપણે [illegible] પડીએ છીએ, પણ ઈલાજ લેવાતા નથી [illegible] શું કારણ? પોતાનો હેતુ સધાયો એટલે [illegible] કરવાનું રહેતું જ નથી એમ માનીને જ હોય તે વર્તે છે. એટલે પોતાનો કચરો બીજાના આંગણામાં ઠલવાય છે, પારકાની ભીંતો બગાડાય છે, જાહેર સ્થાનોમાં બેસુમાર ગંદકી થાય છે, બસ કે ગાડી પકડવા, માપબંધીનું અનાજ કે કાપડ મેળવવા ધક્કામુક્કી ને ધાંટાધાંટી થાય છે. આ તો દાખલા જ છે. આપણે વગર વિચાર્યે કે આળસ કે જડતાને લીધે પારકાનું અહિત કરીએ છીએ ને પારકો પણ એમ જ કરતો હોવાથી પરિણામે આપણું પણ અહિત થતું હોય છે. ઘણી વાર અજ્ઞાન કે જડતાને લીધે અહિત ક્યાં થાય છે એનું પણ આપણને ભાન રહેતું નથી. રાતદિવસ આપણે સ્થૂળ સ્વાર્થમાં જ રચ્યાપચ્યા રહીએ છીએ ને આપણે હોશિયાર છીએ, કોઇ વગર નફાની બાબતમાં સલવાઈ પડતા નથી એ ખ્યાલે મલકાઇએ છીએ!

પૂજ્ય મહારાજે વર્ણવેલો એક બીજો પ્રસંગ કહું. કાપડની જ્યારે ધૂમ દાણચોરી થતી હતી એ દિવસોમાં મહારાજને આબુ લોકલના ત્રીજા વર્ગમાં બેસવું. ગાડીના ઊપડવા અગાઉએ પોણા કલાકે એ સ્ટેશને ગએલા; પણ કાપડનાં ત્રીસ રતલી પોટકાંથી અને માણસોથી ગાડી ચિકાર ભરાઇ ગએલી. કયાંય બેસવાની જગા નહોતી. પણ એક ઠેકાણે ચાર સિંધીઓ બે પાટલીઓ દબાવીને સૂતા હતા. કોઇને એ પેસવા દેતા નહોતા. મહારાજ એ ડબામાં ચડવા ગયા, ત્યાં પેલા સિંધીઓએ એમને પડકાર્યા. પણ એ તો ચડયા જ. 'અમારા બીજા માણસો બેસવાના છે; એ બહાર ગયા છે; હમણાં આવશે; અહીં બિલકુલ જગા નથી; બીજે જાઓ;' એમ, જે કહેવાતું આવ્યું છે તે તો બધું કહ્યું જ, ને ઉપરથી ધમકી પણ આપી. મહારાજ કહે કે માણસોએ આગળથી જગા રોકી હશે તો હું ઊભો રહીશ, પણ અહીંથી જવાનો નથી. એમ કહીને એ તો નિરાંતે એક પાટલી પર બેઠા. પણ આટલું બધું થવા છતાં આજુબાજુની પાટલીઓ ઉપરથી કોઈને એમની સિફારસ કરવાનું સૂઝતું નહોતું. એમને પોતાને જગા મળી ગઈ હતી, પછી બીજાને મળે ન મળે તેમાં પોતાને શું? એ તો ઠીક, પણ આ ચાર સિંધીઓની જોહુકમી સામે એ ચાળીસ પચાસ માણસો પણ કંઈ જ બોલતા નહોતા. એનું કારણ એ હતું કે પ્રત્યેક માણસ પોતાને એકલો સમજતો હતો. પોતે ચાળીસ કે પચાસ છે (અનુ૦ પૃ. ૨૨૪ ઉપર)

એક કાળે સમસ્ત ભારતમાં અદ્વિતીય ગણાઇને એકસરખી પ્રસિદ્ધિ અને લોકપ્રિયતા ભોગવનાર કલાકાર રાજા રવિવર્માની કલાકૃતિઓ તો આજે સુપ્રાપ્ય પણ નથી, પરંતુ તેમની કરેલી તસ્વીરો અને ચિત્રોએ એક સમયે એક યુગ રચ્યો હતો અને નવી પેઢીના કલાકારોને પ્રેરણા આપી હતી.

ત્રાવણકોરના કીલીમનૂર નામના એક પુરાણા ગામમાં આજથી સો વરસ પહેલાં ઇ. ૧૮૪૮ની ૨૯મી એપ્રિલે તેમનો જન્મ રાજકુટુંબમાં થયો હતો કીલીમનૂરના રાજકુટુંબનો ચિત્ર કલાનો શોખ તો મશહૂર હતો. તે કુટુંબના દરેક સ્ત્રીપુરુષમાં કળા, સાહિત્ય અને સંગીતની રુચિ ઊંચી કક્ષાની હતી. રવિવર્માના કાકા 'રાજવર્મા કુઈલતામ્પુરન' મલબારમાં અગ્રણી કલાકાર અને ઉચ્ચ અભિરુચિવાળા જ્ઞાતા ગણાતા. એમનાં ચિત્રોમાં નૈસર્ગિકતા, પ્રામાણિક આલેખન અને જીવંત તેજસ્વિતા જણાતાં. એ ખરેખરા કલાભક્ત હતા અને એમના સહવાસે રાજા રવિવર્મા પર ઘણી અસર કરી હતી.



રાજા રવિવર્મા

હિંદી ચિત્રકળાના મોટા અંધકારયુગ પછી જેમની કળાએ પ્રથમ હિંદી ઘરોમાં સૌભાગ્ય ને દીપ્તિ વધારીને હિંદુ સંસ્કૃતિની ઉષ્મા સજીવન કરી

લેખક
રવિશંકર રાવળ

કુલપરંપરા પ્રમાણે બચપણથી જ રાજા રવિવર્માને સંસ્કૃતના પંડિત ગુરુ પાસે શિક્ષણ મળ્યું હતું. અને એ અભ્યાસ સાથે જ કાકાની પ્રેરણાથી તે આલેખન અને ચિત્રણા પણ કર્યા જ કરતા. છેક શિશુકાળમાં પણ ઘરની ભીંતો કે જમીન પર લીટા કર્યા કરવા એ તેમની હમેશની રમત હતી; કુમાર વયે પણ એમની અભ્યાસપોથીમાં લેખન કરતાં ચિત્રો જ વધારે સંખ્યામાં થતાં; અને એ પ્રવૃત્તિમાં તેમના કાકા કુશળ ગુરુ સમાન હતા. સંસ્કૃત સાહિત્યમાં તેમને કલ્પના અને ચિત્રપ્રસંગોનો જે મહાસાગર મળ્યો હતો, તેમાંનાં પાત્રોને આ વયથી જ તે પોતાની પ્રતિભાથી રૂપમાં ઉતારવા મથતા.

એ અરસામાં થીઓડોર જેનસન(Theodore Jenson) નામે એક અંગ્રેજ ચિત્રકાર ત્રાવણકોરના પ્રવાસે આવ્યો અને ત્રિવેંદ્રમના મહારાજાનો મહેમાન બન્યો. રાજકુટુંબના નિકટના સંબંધી તરીકે રવિવર્માની હાજરી ત્યાં સહજ બની. જેનસને રવિવર્માની શક્તિ એકદમ પારખી અને તૈલચિત્રકળાની ખૂબીઓ તથા પદ્ધતિ પહેલી જ વાર એ કિશોર ચિત્રકારને સમજાવી. રવિવર્માએ જે ઝડપથી એ કામની ગતો હાથ કરી લીધી એ જોઇ જેનસન પણ ચકિત થઈ ગયો. તેમાંએ તરુણે છાયાપ્રકાશ મેળવવાની જે ચતુરાઈ બતાવી તે આશ્ચર્યપ્રેરક હતી. તેનું આલેખન તો બહુ જ શુદ્ધ હતું. કાચા કે લથડપથડ કામની વાત જ નહિ. પછી તો રવિવર્માના પ્રબળ ઉદ્યમ જોઇ જેનસનને પણ લાગ્યું કે હવે પોતે વિશેષ શીખવે એવું રહ્યું નહોતું!

જેનસનનો સમાગમ એ રવિવર્માની કળાનો સંક્રાન્તિકાળ હતો. એ જેવો ઉચ્ચકક્ષાનો ચિત્રકાર હતો તેવો જ ખુલ્લા દિલનો આદમી હતો. રવિવર્માએ પણ એની પાસેથી ચિત્રવિદ્યા ગ્રહણ કરીને તેને ઘણી યશસ્વી બનાવી. એટલી નાની વયમાં પણ તેની કુર્ચી (પીંછી) અને કલ્પના લોકોને ચમત્કારિક લાગતાં.

રવિવર્માએ સૌથી પ્રથમ તો રાજકુટુંબનાં માણસોની તસ્વીરો કરી. તેમાં જેનસનનાં ચિત્રોનું ઊંચું ધોરણ લક્ષમાં રાખી તેને પહોંચવા પ્રયત્ન કરતા. તેમનું તે કામ કુશળ માણસોની નજરમાં પણ ઉત્તમ ઠર્યું અને આમ ચારે તરફથી પ્રશંસા અને ઉત્તેજન મળતાં આ રાજવી કલાકારે તસ્વીરચિત્રોમાંથી ભાવના-ચિત્રોમાં ઝંપલાવ્યું.


એ દિશામાં તેમનો પહેલો વિજય તે ઇ. ૧૮૭૩માં મદ્રાસના પ્રદર્શનમાં ઘણી સ્પર્ધા વચ્ચે તેમણે ગવર્નરનો સુવર્ણચંદ્રક મેળવ્યો તે. એ ચિત્રમાં તેમણે ઉચ્ચ કુટુંબની એક નાયર રમણી આલેખી હતી. એ પ્રસંગથી આ ઊગતા કલાકારની પિછાન વિસ્તાર પામી અને દક્ષિણ ભારતના કલાકાર મંડળમાં તો તેમની વાહવાહ થઇ ગઇ. રવિવર્માને પણ લાગ્યું કે હવે કીર્તિ અને સંપત્તિ તેને સાદ કરી રહ્યાં છે.

એ કાળે રામસ્વામી નાયડુ કરીને ત્રાવણકોરના મહારાજાનો એક આશ્રિત રાજ્ય-કલાકાર હતો. તેને રવિવર્માની વધતી જતી કીર્તિ અને પ્રશંસાની બહુ અદેખાઇ થઈ આવતી. ખાનદાન રવિવર્મા તો નમ્ર ભાવે તેની પાસે પણ પોતની કૃતિ વિષે કંઇ પૂછવા કે જાણવા જતા, પણ તે તો સામો ઉધડો લઈ તેમને પાછા કાઢતો. રવિવર્માને આથી બહુ દુ:ખ થતું, છતાં પણ બમણા ઉત્સાહથી તે અભ્યાસ અને પરિશ્રમ કર્યે જતા. પછી તો શું કહેવું ? પેલો પીઢ પ્રતિસ્પર્ધી ક્યાંયે પાછળ પડી રહ્યો અને રવિવર્માએ એવી ઉચ્ચ કળા પ્રકાશી કે કોઇ તેમને નવું શીખવી શકે એવું રહ્યું જ નહિ.

જે વર્ષે એમની કલાને સુવર્ણપદક મળ્યો એ જ ઇ. ૧૮૭૩માં રાજા રવિવર્માનું લગ્ન ત્રાવણકોરનાં સીનિયર રાણીનાં બહેન સાથે થયું. ત્યાંના હાલનાં રાણીમાતાનાં [અનુસંધાન પૃ. ૨૦૯મે]

એમ. બ્રામ અને આઇ. ગ્રીનબર્ગની
વાર્તા ઉપરથી • અનુવાદક

'નિષાદચન્દ્ર'



એરોડ્રોમની સામે જ લીલું વન પથરાએલું હતું અને ઊડવા માટે તૈયાર એ યુદ્ધ-વિમાન પાસે બેઠાબેઠા કોટોવ અને ઑગ્નેવ વાતો કરતા હતા. બન્નેના વ્યક્તિત્વમાં અને ઉમરમાં ઘણો તફાવત હતો છતાં બન્નેને એકબીજા તરફ ઘણી લાગણી હતી.

કોટોવ લાંબા હાથવાળો, ઊંચો અને દૂબળો સ્વપ્નશીલ યુવક હતો. જ્યારે તે હસતો અગર ગાનવી, પૃથ્વી કે પુસ્તકોની વાતો કરતો ત્યારે જાણે વાતાવરણમાં ઉષ્મા ફેલાતી. તે હતો તો એક ચિત્રકાર, પણ એકાએક તેને એક વખત વિમાની થવાની તાલાવેલી લાગી. પરંતુ પરીક્ષકોએ તેની આંખમાં ખામી કાઢી વિમાની-શાળામાં તેને દાખલ ન કર્યો. છતાં કોટોવે વિચાર છોડી દીધો નહિ. છેવટે ભારે મથામણને અંતે તે વિમાનનો મિકેનિક થયો. પ્રથમ તો તેને બહુ નિરાશા થઈ હતી. તેણે ચક્ષુ-શાસ્ત્ર પર કેટલાં યે પુસ્તકો વાંચી નાખ્યાં, બારેક જેટલા આંખના ડૉક્ટરોને મળ્યો, પણ વ્યર્થ. છેવટે એ અશક્ય સમજીને મન વાળીને બેઠો. છતાં ઍરોપ્લેન પ્રત્યે તેને અજબ પ્રેમ હતો અને તે હમેશાં વિમાનીઓની નિર્દોષ પરંતુ અવિરામ ઈર્ષ્યા કર્યા જ કરતો.

એવામાં યુદ્ધ ફાટી નીકળ્યું અને કોટોવને યુદ્ધની સીધી સેવામાં લેવામાં આવ્યો અને તેને ઑગ્નેવના હાથ નીચે મૂકવામાં આવ્યો. ઑગ્નેવે હજુ હમણાં જ લડાયક વિમાની તરીકેની તાલીમ પૂરી કરી હતી. પણ તે ભારે કડક માણસ હતો. કોટોવની ઊર્મિલતા અને કોમળ દૃષ્ટિ તેને ગમતી નહિ. તેઓ બન્ને સાથે કામ કરતી વખતે બહુ વાતો પણ ન કરતાં. પણ એક દિવસે કોટોવે પૂછ્યું કે, 'તમને ખાત્રી જ છે કે આ પેટ્રોલ જ યુદ્ધ-વિમાનનું મશીન ચલાવે છે?'

ઑગ્નેવ આશ્ચર્યથી તેની સામે જોઈ રહ્યો. કેવો વિચિત્ર પ્રશ્ન ! કોટોવ તો ઑગ્નેવ સામે જોયા વગર મશીન જ સાફ કરતો હતો.

'અને તને ખાત્રી છે કે વૉલ્ગા કાસ્પીઅન સમુદ્રને મળે છે ? જુવાન, તું આ કરતાં તો લોઢું ટીપ્યા કરતો હોત તો સારું હતું.'

કોટોવ પિસ્ટન સાફ કરતો બોલ્યો, 'તમને એ વિચિત્ર નથી લાગતું કે કેટલાકો ટેકનિકલ આવડતને માણસથી વધુ ઉપયોગી ગણે છે ?'

હવે ઑગ્નેવને તેના સાથીદારની મતલબ સમજાઈ. તેણે કોમળ ભાવે કહ્યું, 'મને લાગે છે કે યુદ્ધમાં તો પેટ્રોલ કરતાં યે વધુ મહત્ત્વ વિમાનીના લોહીનું છે. તે શેનું બનેલું છે એ પર જ બધો આધાર છે.'

'તેની ધગશની જ વાત કરો છો ને ?'

'હા, તે કઈ માટીનો બનેલો છે તેની અને તેની શ્રદ્ધાભરી ધગશની. તારા કહેવાની મતલબ પણ એ જ છે ને ?' અને પાછું મૌન છવાયું. હવે ઑગ્નેવને સમજાયું કે કોટોવ ફક્ત કોમળ માટીનો જ બનેલો નથી. અને તેને એની સાથે વાતો કરવામાં રસ પડવા લાગ્યો. કોટોવે નાનપણથી જ સુખી જીવન માણ્યું હતું. અભ્યાસમાં યે તે હોશિયાર હતો. અને ચિત્રકળામાં તેણે સારી પ્રગતિ પણ બતાવેલી. પણ પછી, ઉપર કહ્યું તેમ તે વિમાનનો મિકેનિક બન્યો. જ્યારે ઑગ્નેવે તો બચપણથી જ ભૂખ અને અછતનો ડંખ વેઠ્યો હતો. તેનાં માબાપ આંતર-યુદ્ધમાં કામ આવી ગયાં હતાં. પોતાના જેવા જ અનાથ બાળકો જોડે તે દેશભરમાં રખડ્યો હતો. તે દિવસોના ભીષણ બનાવો તેના મગજમાં, શરીર પરના જખમ જેવાં ચિહ્નો મૂકી ગયા હતા. દેખાવે તે કઠોર અને કદમાં ઠૂંકો હતો અને તેના ખભા અસાધારણ પહોળા હતા. મૂંગો રહીને પોતાના સાથીઓ જોડે હથોડા જેવા હાથ વડે તે કામ કર્યા જ કરતો. જ્યારે જુઓ ત્યારે તે લાલ ખૂણામાં કંઈક કામ કરતો જ હોય અથવા કાંઈક વાંચતો હોય.

હજુ ગઈ કાલે જ દુશ્મન કાફલા સાથે ભયંકર વિમાની યુદ્ધ ખેડીને ઑગ્નેવ પાછો આવ્યો હતો. તેના વિમાનના રેડીએટર પર ગોળીઓ લાગી હતી અને પાંખમાં ઘણાં કાણાં પડયાં હતાં. પણ તેણે તથા તેની સરદારી નીચેનાં નવ વિમાનોએ એવી વીજળિક ઝડપે વળતો હુમલો કર્યો હતો કે પહેલે જ ઝપાટે બે દુશ્મન વિમાનો ફિન્લેન્ડના અખાતમાં તૂટી પડયાં. ને બાકીનાં છેલ્લી બૉંબવર્ષા કરીને બી ગએલા કાગડાનાટોળાની જેમ નાસી ગયાં. આ યુદ્ધમાં જો ઑગ્નેવની સરદારી ન હોત તો કદાચ નવે રશિયન વિમાનોના ભુક્કા બોલી ગયા હોત. પણ તેની અસાધારણ ચપળતા ને અડગતાએ જ વિજય અપાવ્યો હતો. પણ કોટોવને રાત આખી વિમાન સમું કરવા સખત કામ કરવું પડયું.

સવારે તેણે નાહી ધોઇ વિમાન પાસે બેસીને જ સવારનો નાસ્તો લીધો. ઑગ્નેવ પોતાની કામગીરીએ જવા ઊડે નહીં ત્યાં સુધી તે કદી રક્ષણ-ખાઈમાં આરામ લેવા જતો નહિ. ઑગ્નેવ ઊડે નહિ ત્યાં સુધી પાંખ પકડીને તે ઊભો જ રહેતો ને વિમાન ઊડવાનું શરૂ કરે એટલે તે પોતાના દોસ્તને સ્મિતભરી સલામ કરીને પછી જ ખાઇ તરફ જતો.

બન્ને જણ અત્યારે વિમાન પાસે બેઠા બેઠા વાતો કરતા હતા.

'આજે મળસ્કે કોઝેવૂનિકોવની ટુકડી વાયવ્ય દિશામાં ગઈ છે, અખાત પર થઇને.' કોટોવે ખબર આપ્યા.

'હુમલો કરવા ?' 'હા.'

'સરસ. કોઝેવૂનિકોવ ખરો બહાદુર છે.'

''કહે છે કે તેને તોડી પાડવા માટે જર્મનોએ દસ હજાર માર્કનું ઇનામ જાહેર કર્યું છે.'

'કોઝેવૂનિકોવ જેવા માટે એ ઈનામ કંઇ પૂરતું ન ગણાય.'

'ઓહ, હું જો ઊડી શકયો હોત !' કોટોવે નિસાસો નાખ્યો.

'તું ઊડવાનો જ છે.' ઑગ્નેવે આશ્વાસન આપ્યું.

'પરંતુ મારી આંખો....'

'મેં કર્નલને વાત કરી છે. તેણે તને 'યૂ-૨' ઉપર જોયો હતો અને તારું કામ વખાણ્યું હતું.'

'કહે છે કે જપાનીઓની યે આંખો તો નબળી હોય છે; છતાં તેઓ કેટલું સરસ ઊડી શકે છે!...'

'તું પણ ઊડી શકશે. કર્નલ—'

એવામાં ઓચિંતી વિમાની હુમલાની સૂચક સાઇરન વાગવી શરૂ થઈ જર્મન વિમાનોએ એકાએક એરોડ્રોમ ઉપર હુમલો શરૂ કર્યો હતો. રશિયાની વિમાન-વિનાશક તોપોએ તરત કાર્ય શરૂ કર્યું. પડતા બૉંબના સુસવાટા વાતાવરણમાં સંભળાવા લાગ્યા. વીસ કરતાં વધુ દુશ્મન-વિમાનોએ ભયંકર બૉંબ વરસાવવા માંડયા હતા.

'બધા રક્ષણ-ખાઈમાં પહોંચી જાઓ.' હુકમ છૂટયો. હવે દુશ્મન વિમાનોનો સામનો કરવા ઊડી નીકળવાનો કંઈ અર્થ ન હતો—બહુ મોડું થઇ ગયું હતું. કારણ ઊડવાનું શરૂ કરતી વખતે લડી ન શકાય.

વિમાનની પાંખ પકડીને ઑગ્નેવ ઊભો હતો. એટલા જોરથી તેણે પાંખ પકડી હતી કે પોતાની લોખંડી આંગળીઓ વડે તે જાણે તેને વાળી નાખવા માગતો ન હોય ! તે બહુ જ ફરફેરાએલો લાગતો હતો. આસપાસ ભયંકર બૉંબ પડતા જ હતા.

'હું તો ઊડીશ જ, કોટોવ.' તેણે મક્કમતાથી કહ્યું.

'પરંતુ હુકમ વગર તમારાથી ઉડાય જ નહિ.'

'જલદી રક્ષણ-ખાઇમાં ચાલ્યા જાઓ.' ફરી હુકમ આવ્યો.

કોટોવે ઑગ્નેવ તરફ પ્રશ્નાર્થ દૃષ્ટિ કરી. ત્યાં તો દુશ્મન-વિમાનોએ જબ્બર હુમલો કર્યો. એરોડ્રોમ અને રક્ષણ-ખાઇ પર તેમણે મશીનગનમાંથી ગોળીઓ ચલાવી. બૉંબવર્ષા તો ચાલુ જ હતી. ધૂળ અને ધુમાડાથી હવા ભરાઈ ગઇ હતી. ચારે બાજુથી અગ્નિ જ્વાળાઓ પણ ડોકિયાં કરતી હતી. વૃક્ષોની ડાળીઓ ધડાધડ ઊખડી પડવા લાગી. અને બધે કાળી-રાતી જ્વાળાઓ આગળ ધસવા લાગી.

ઑગ્નેવ અને કોટોવ તેમની રક્ષણ-ખાઇના નાકા પર જઈ ઊભા રહ્યા. એવામાં અચાનક તેમની પાસેથી જ મશીન-ગનની ગોળીઓ સુસુ કરતી પસાર થઈ ગઈ. તરત તેમને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. દુશ્મનોએ પોતાના વિમાન પર જ હુમલો શરૂ કર્યો હતો! તેઓ ટટ્ટાર થઇ ગયા. ત્યાં તો જે વૃક્ષ-જૂથ નીચે તેમનું વિમાન સંતાઇને પડયું હતું તે વૃક્ષો ઉપર જ બૉંબ ફેંકીને એક દુશ્મન વિમાન ઊડી ગયું. અને બીજું એક વિમાન મશીનગનના ચાલુ મારા સહિત તેમના વિમાનને જ લક્ષ્ય બનાવતું હતું. આ જોઇ ઑગ્નેવ અને કોટોવ ઝડપથી પોતાના વિમાન તરફ દોડયા.

'ઑગ્નેવ પાછો ફર.' પાછળથી ટુકડીના કૅપ્ટનનો હુકમ છૂટયો.

ઑગ્નેવ અટકયો. તેનું માથું નીચું નમ્યું, તેના હોઠ સખતરીતે બિડાયા અને પછી ધીરે પગલે તે પાછો ફર્યો.

પરંતુ કોટોવ તો પોતાના વિમાન તરફ દોડતો જ રહ્યો. ભયસૂચક ચેતવણીને તે વિસરી ગયો હતો. ગોળીઓનો અવાજ પણ તેના કાન સુધી પહોંચતો ન હતો. તેના મનમાં એક જ વિચાર હતો: પોતાના યુદ્ધ-વિમાનને ગમે તેમ કરી બચાવવું. તેમાં ભયંકર દારૂગોળો ભરેલો હતો. મશીન-ગન અને ગોળીઓ પણ એમાં ઘણી હતી. જો બરાબર તેના પર જ એકાદ બૉંબ પડે તો...

ભારે અવાજ સાથે બૉંબ ફાટતા હતા અને જંગલમાં તેના અનેક પ્રતિધ્વનિ થતા હતા. હવામાંથી કેટલી યે મશીન-ગનો મોત વરસાવતી હતી. જર્મનોને આ એરોડ્રોમ પર પૂરી દાઝ હોઈ તેઓ ઝનૂનપૂર્વક હુમલો કરતા હતા.

પણ આ કશું લેશપણ ન ગણકારતાં કોટોવ વિમાન પાસે પહોંચી ગયો. ત્યાં તો એની પાસે જ એક તેજસ્વી જ્વાળા ઝબુકી ઊઠી. રશિયન વિમાન-વિનાશક તોપોએ એક દુશ્મન-વિમાનનો ભોગ લીધો હતો અને એ ખરતા તારા પેઠે તેજ વેરતું નીચે પડયું હતું.

વીજળિક ઝડપે તે પોતાના વિમાનમાં ઘૂસ્યો અને દારૂગોળાનું બંડક ખોલી, ઝપાટાથી પોતાના લાંબા કોટમાં ભરાય એટલો ભર્યો. બાકીનો કોથળીઓમાં ભરી તે બગલમાં અને ખભા પર ઉઠાવી તે જંગલમાં દોડયો. થોડે દૂર વનસ્પતિથી ઢંકાએલો એક ખાડો હતો તેમાં તે બધું દાટી દઈ, ફરી પાછો તે વિમાન તરફ દોડયો.

વિમાનમાં હજુ ભયંકર બૉંબ પડયા હતા. દુશ્મનનો એક જ બૉંબ જો તેના પર પડે તો વિમાનના ચૂરેચૂરા થઈ જ જાય અને રક્ષણ-ખીણમાં સંતાઈ બેઠેલા પોતાના સાથીઓની જિંદગી પણ જોખમમાં મુકાય. ફરી લેવાય તેટલો દારૂગોળો લઇ તે નીકળ્યો. આવા વજનદાર કોટ સાથે દોડવું એ પણ કંઈ સહેલું ન હતું. તેના ચહેરા પર પ્રસ્વેદનાં ઝરણાં ફૂટી નીકળ્યાં હતાં, પરંતુ તે લૂછવાનો સમય ન હતો. તેના કાનમાં અનેક પ્રકારનાં ચિત્રવિચિત્ર અવાજો થતા હતાં. ધુમાડાથી તેનું મોં ભરાઇ ગયું હતું. પરંતુ તેના મગજમાં એક જ વિચાર હતો—કોઇ પણ પ્રકારે વિમાન બચાવવું.



'તું ઊડવાનો જ છે'
ઑગ્નેવે આશ્વાસન આપ્યું
'પરંતુ મારી આંખો...'

ફરી તે વિમાનમાં દાખલ થયો. તેની ઇચ્છા મશીનગનમાંથી ગોળીઓ કાઢી લેવાની હતી. ત્યાં અચાનક બૉંબના ધડાકાથી તે ચમકયો. જોયું તો ત્રણ દુશ્મન વિમાનો તેના વિમાન ઉપર જ હુમલો કરવા નીચે આવતાં હતાં.

રક્ષણ-ખાઇના નાકા પર જ કૅપ્ટન અને ઑગ્નેવ ઊભા હતા. તેમનું ધ્યાન પણ પોતાના વિમાન પર જ કેન્દ્રિત થયું હતું. ઑગ્નેવે દૃષ્ટિથી જ જવાની રજા માગી, પરંતુ કૅપ્ટને મના કરી.

કોટોવને ખાત્રી હતી કે એ દુશ્મન વિમાનોની સાથે તેનું મૃત્યુ પણ નજીક ધસી રહ્યું છે. કોઈ પણ નિર્ણય પર આવવા માટે તેની પાસે માત્ર અર્ધી સેકંડ હતી. એટલા વખતમાં દારૂગોળો લઇ જઇ શકાય એમ નહોતું. આંખના પલકારામાં તેણે નિર્ણય કરી લીધો. બધી ગોળીઓ એકસામટી છોડી નાખીને મશીનગન ખાલી કરી દેવી.

અને તરત જ તેણે બટન દાબ્યું. અને જબરદસ્ત ધડાકા સાથે બધી મશીનગનો વછૂટી. એકી સાથે છૂટેલી આટલી બધી ગોળીઓએ હવામાં અનેક તેજ-વર્તુલો દોર્યાં અને જંગલને પેલે પાર સુધી તેનો અવાજ પહોંચ્યો. પછી કોટોવ તોપ ખાલી કરવા લાગ્યો.

પછી શું બન્યું તેનો તેને બરાબર ખ્યાલ ન રહ્યો. તેને તો એટલું જ યાદ હતું કે દુશ્મન-વિમાનો અતિ ઝડપથી નીચે ઊતરતાં હતાં. હમણાં જ પોતે અને પોતાનું વિમાન કચડાઇ જશે. પોતાના વિમાનમાં જ પડેલો થોડો દારૂગોળો પોતાના ભુક્કેભુક્કા બોલાવી દેશે.

પરંતુ ત્યાં તો નીચે ઊતરતાં ત્રણે દુશ્મન વિમાનો એકીસાથે ધ્રૂજી ઊઠયાં. બાજુનાં બન્ને છૂટાં પડી ગયાં અને વચલું વિમાન

(અનુસંધાન પૃ. ૨૧૬મે)



ઑલિમ્પિક રમતો



આ મહિને ઇંગ્લંડમાં ભરાનારા ઑલિમ્પિક રમતોના ૧૪મા સમારોહમાં ઊતરનારા પ્રત્યેક ખેલાડીને અપાનારો, બે ઇંચના વ્યાસનો કાંસાનો ચન્દ્રક, જેની એક બાજુ સ્પાર્ટાના રથનું અને બીજી બાજુ પાર્લામેન્ટના મકાનનું ચિત્ર છે. તેમાં '૧૪મી ઑલિમ્પિયાડ લંડન ૧૯૪૮' એ શબ્દોની નીચે પાંચ જોડાએલી કડીઓનું સંજ્ઞાચિત્ર છે, તે ઑલિમ્પિક રમતોનું કાયમી પ્રતીક છે, જે દુનિયાના પાંચે ખંડોના ઐક્યનું દ્યોતક છે.

આ માસને અંતે ઇંગ્લંડની રાજધાની લંડનમાં આંતરરાષ્ટ્રીય ઑલિંપિક રમતો ભરવાની હોઈ તેને માટે પ્રચંડ તૈયારીઓ થઇ ચૂકી છે. આ રમતોમાં ભાગ લેવાના ઇંગ્લંડના આમંત્રણનો ૫૮ દેશોએ સ્વીકાર કર્યો છે. જેમાં હિંદુસ્તાન પણ પોતાના ખેલાડીઓને મોકલવાનું છે. અને એ જાગતિક સ્પર્ધામાં પોતાનો દેશ અગ્રેસર આવે તે માટે દરેક દેશની સરકાર તથા જનતાએ વ્યાપક પ્રમાણમાં પ્રયત્નો કરીને પોતાના ખેલાડીઓને મોકલ્યા છે. અરધી સદીથી નિયમિતરીતે ભરાતા આ સ્પર્ધા-સંમેલન વિષે હજુ આપણે ત્યાં ઘણું અજ્ઞાન છે. ઑલિંપિક રમતો એટલે શું? તેમાં ભાગ કેવી રીતે લઈ શકાય? તેની વ્યવસ્થા કોણ કરે છે? હિંદુસ્તાને તે બાબતમાં શું શું કર્યું છે અને એનું સ્થાન હવે ક્યાં છે વગેરે બાબતો આપણે જોવી જોઇએ.

આ ઑલિંપિક રમતોની મૂળ શરૂઆત તો ઈ. પૂર્વેની પહેલી સદીમાં આજથી લગભગ બે હજાર વરસ પર ગ્રીસ દેશમાં થએલી. જોકે આપણે ત્યાં હિંદમાં તો તેથી યે હજારેક વરસ પહેલાં ઈ. પૂર્વે ૧૧૦૦માં પણ આ જાતની રમતોની સ્પર્ધા રાખવાની પદ્ધતિ પ્રચલિત હતી અને ગ્રીકોએ આપણી પાસેથી જ તે કલ્પના લીધી હોય એમ મનાય છે. રામાયણ, મહાભારત અને સ્મૃતિ વગેરેમાંના કેટલાક પ્રસંગો પરથી તે કાળે ધનુર્વિદ્યા, અશ્વારોહણ, દ્વંદ્વયુદ્ધ, ખડ્ગયુદ્ધ, રથદોડ, વિમાન-ઉડ્ડયન આદિ રમતોની વ્યાપક સ્પર્ધાઓ થતી હોવાનું વિદ્વાનોને જણાયું છે.

જોકે ઈ. પૂર્વે ૧૧૦૦થી ઇ. પૂર્વે ૮૮ સુધીના એ કાળની રમતો વિષયનો સુસંબદ્ધ ઇતિહાસ મળતો નથી. પણ ઇ. સ. પૂર્વે પહેલી સદીમાં ગ્રીસ દેશમાં ખૂબ યુદ્ધો થવાથી દેશની સ્થિતિ બહુ બગડી ગઇ હતી. એ સર્વ અંધાધૂંધી દૂર થઈ સામ્રાજ્યની વ્યવસ્થા બરાબર ચાલે તે માટે 'ડેલ્ફીક ઑરેકલ' (ઈશ્વરની સંમતિ) લઇને 'મર્દાની રમત-સ્પર્ધાઓ'નું પુનરુજ્જીવન કરવાનું ઠરાવવામાં આવ્યું. તે નિર્ણય અનુસાર ઑલિંપિયા શહેરના 'ઍલિસ' નામના મેદાન પર આ રમતો શરૂ કરવામાં આવી. અને આમ તે ઑલિંપિયા શહેરમાં શરૂ થવાથી ઑલિંપિક ગેમ્સ તરીકે ઓળખાવા લાગી. દર ચાર વર્ષે પાંચ દિવસ સુધી થતા આ મહા સમારંભમાં ભાગ લેવા દેશભરના ચુનંદા નાગરિકો ભેગા થતા. અને જુદીજુદી રમતોની હરીફાઇઓ યોજાતી. તેમાં કેવળ રમતગમતના જ હરીફો નહિ પણ લેખકો, નાટ્યકારો, ચિત્રકારો, શિલ્પીઓ અને સંગીતકારો પણ ભાગ લેતા. વિજયી બનેલા વીરોને પ્રેક્ષકો તથા લોકો તરફથી ખૂબ માનસન્માન મળતું. પણ આ ઑલિંપિક રમતની એક મહત્ત્વની શરત એ હતી કે જ્યારે ઑલિંપિક રમતો ચાલુ હોય ત્યારે દેશમાં ક્યાં ય પણ લડાઇ ચાલુ ન હોવી જોઇએ. આ રમતો દર ચારચાર વર્ષે ભરાતી અને તે સમારંભ ઑલિમ્પીઆડ-olympiad—કહેવાતો. શરૂઆતના કાળમાં આ રમતમાં વિજેતા નીવડેલા ખેલાડીઓને પારિતોષકો અપાતાં; અને ઉપરાંત ઈ. પૂર્વે ૭૭૬થી ચાલી આવતી વિજેતાઓનાં નામોની યાદી તાજી રખાતી. પણ ૬ઠ્ઠી ઑલિંપીઆડથી ઓલિવવૃક્ષનાંપાંદડાંમાંથી બનાવેલો મુકુટ વિજયીવીરોને આપાવા લાગ્યો અને ત્યારથી આજ સુધી તે જ પ્રથા ચાલુ છે.

પણ ગ્રીસના રાજા થીઓડોસિયસે મુત્સદ્દી વર્ગ કરતાં ખેલાડીઓનું પ્રાબલ્ય લોકોમાં વધી ગએલું જોઈ ઈ. ૩૯૪માં આ રમતો બંધ પાડી અને આમ લગભગ ૧૨૦૦ વર્ષથી સતત ચાલુ રહેલી એ રમતો બંધ થયા પછી ૧૫૦૦ વર્ષ સુધી તે તદ્દન નિષ્પ્રાણ રહી.

એ બંધ પડેલી રમતોને પુનરુજ્જીવિત કરવાનું માન ફ્રાન્સના જાણીતા નેતા અને આદર્શવાદી બૅરન પીઅરી કુબર્ટિન(Baron Piere Coubertin)ને ફાળે જાય છે. ઑલિંપિક રમતો દ્વારા જગતના વિવિધ દેશોને હરીફાઇ માટે એકત્રિત કરી તેમનામાં એકબીજા માટે સદ્‌ભાવના તથા સહકારની લાગણી પેદા કરી આંતરરાષ્ટ્રીય બંધુત્વનો ફેલાવો કરવાની તેમની નેમ હતી. તે માટે વિચાર-વિનિમય કરવાને તેમણે ઇ. ૧૮૯૪ના જાન્યુઆરીની ૧૫મીએ દેશદેશના રમતગમતના નિષ્ણાતો પર એક પરિપત્ર મોકલીને તેમની એક પરિષદ પારીસમાં બોલાવી અને એ પરિષદ આગળ તેમણે યુદ્ધથી ત્રસ્ત થએલા જગતમાં શાંતિ સ્થાપવાને અર્થે જગત-ભ્રાતૃભાવની પ્રેરક ઑલિંપિક રમતોનો પુનરુદ્ધાર કરવાની પોતાની સૂચના મૂકી. બધાએ ઉત્સાહથી તેમનો વિચાર વધાવી લીધો, એટલું જ નહિ પણ કુબર્ટિનના પ્રમુખપણા નીચે એક ઑલિંપિક ગેમ્સ કમિટિ પણ નીમી દીધી. તરત કુબર્ટિન ઑલિંપિક ગેમ્સ ભરાવવાના કાર્ય પાછળ લાગ્યા. ઍલેક્ઝૅન્ડ્રિયાના જ્યૉર્જ એવરૉફે તે માટે જ-

જ્યાં જગતભરની જુવાનીનું પાણી કસે ચડે છે

ફરી નાણાંકીય મદદ પણ આપી અને ગ્રીસના જ રાજા જ્યૉર્જ પહેલાએ તેને જોરદાર ટેકો આપ્યો. અંતે, પોતાના દુર્દમનીય ઉત્સાહ અને વ્યવસ્થાશક્તિના બળે કુબર્ટિને ઈ. ૧૮૯૬માં પહેલી આંતરરાષ્ટ્રીય સ્વરૂપની ઑલિંપિક રમતો ગ્રીસના ઍથેન્સ શહેરમાં સફળતાથી ભરીને પાર પાડી. આમ જે દેશમાં પહેલાં આ પ્રકારની રમતો પ્રચલિત હતી તે જ દેશની રાજધાનીમાં આ આધુનિક પ્રકારની રમતો શરૂ કરવા પાછળ યોગ્ય ઔચિત્ય હતું. ઑલિંપિક રમતોનું રહસ્ય સમજાવતાં કુબર્ટિને કહ્યું, 'ઑલિંપિક રમતોમાં 'જીતવું' એ મુખ્ય વસ્તુ નથી, પરંતુ 'ભાગ લેવો' એ મહત્ત્વની બાબત છે. જીવનમાં પણ મહત્ત્વની વસ્તુ 'જીત' નથી પણ 'પ્રયત્ન જ' છે; વિજય મેળવવો એ મહત્ત્વનો સવાલ નથી, સારી રીતે લડત આપવી એ અગત્યની વસ્તુ છે, એવી જાતની ભાવના ફેલાવવી એ માનવજાતને વધુ ઉદાર અને વધુ બળવાન બનાવવા બરાબર છે.' કુબર્ટિને જે એકનિષ્ઠાથી પરિશ્રમ લઈને આ મહત્ત્વની રમતો શરૂ કરી માનવજાતની સેવા કરી, તેની યાદગીરી રૂપે આજે પણ તેમના નામની એક ટ્રૉફી(વિજયકળશ) ઑલિંપિકમાં અપાય છે.

૧૮૯૬થી પછી દર ચાર વર્ષે એમ આજ સુધી કુલ ૯ વખત તે રમતોનાં જંગી આયોજનો થયાં છે. પાશ્ચિમાત્ય વર્ષગણત્રી પ્રમાણે જે વર્ષે 'લીપ ઈયર' આવે છે તે વર્ષે આ રમતો ભરાય છે. તે પ્રમાણે આજ સુધીમાં નીચે જણાવેલાં સ્થળે અને વર્ષમાં તેના સમારોહ થયા છે: ઇ. ૧૯૦૦: પારીસ; ૧૯૦૪: સેંટ લૂઇ(અમેરિકા); ૧૯૦૮: લંડન; ૧૯૧૨: સ્ટૉકહોમ(સ્વીડન); ૧૯૧૬: યુદ્ધને કારણે બંધ; ૧૯૨૦: ઍન્ટવર્પ (બેલ્જિયમ); ૧૯૨૪: પારીસ; ૧૯૨૮: આમ્સ્ટર્ડામ (હૉલંડ); ૧૯૩૨: લૉસ ઍંજેલિસ (અમેરિકા); ૧૯૩૬: બર્લિન(જર્મની); ૧૯૪૦માં જાપાનમાં ટોકિયોમાં ભરાવાની હતી પણ તેણે યુદ્ધમાં ભાગ લેવાથી તેનો હક નામંજૂર થયો અને ફિનલૅંડમાં હેલસિંકી શહેરમાં ભરવાનું નક્કી થયું, પણ તે યે યુદ્ધમાં ખેંચાઇ જવાથી આખરે તે વર્ષની રમતો મોકૂફ રાખવામાં આવી. કારણ એવો નિયમ છે કે ઑલિંપિક રમતો કદી પણ પછીના વર્ષ પર મોકૂફ રાખી શકાય નહિ, તેમજ જે દેશ યુદ્ધમાં સંડોવાયો હોય ત્યાં થાય નહિ. આ વર્ષે ૧૯૪૮માં તે લંડનમાં ભરાવાની છે.

આજની ઑલિંપિક રમતોનું નિયંત્રણ ને નિયોજન ઈન્ટર્નેશનલ ઑલિંપિક કમિટિ કરે છે. આ કમિટિ પર દરેક દેશના એક કે બે પ્રતિનિધિઓ હોય છે. આજની આ સમિતિના પ્રમુખ કાઉંટ બાઈલેટ લાટૂર છે અને તે સમિતિના હિંદ તરફથી પ્રતિનિધિ તરીકે ૧૯૩૧થી શ્રી જી. ડી. સૌંદી કામ કરે છે. આ આંતરરાષ્ટ્રીય ઑલિંપિક સમિતિનો પોતાનો ધ્વજ પણ છે જેના પર લાલ, લીલા, પીળા, વાદળી અને કાળા રંગનાં એકબીજામાં પરોવાએલાં પાંચ વર્તુળો છે. આ રંગો દુનિયાના દરેક દેશના ધ્વજ પર જોવા મળે છે; અને એ જોડાએલાં પાંચ વર્તુળો દુનિયાના પાંચ ખંડની એકતા સૂચવે છે.

ઑલિંપિક રમતોમાં હિંદુસ્તાને કેવી રીતે પ્રવેશ કર્યો અને આજ સુધી તેણે શો ફાળો નોંધાવ્યો તે હકીકત પણ નોંધપાત્ર છે. હિંદનું નામ એમાં નોંધાવવાનું માન દોરાબજી તાતાને ફાળે જાય છે. ઈ. ૧૯૧૯માં પૂનામાં ડેક્કન જિમખાના તરફથી અખિલ ભારતીય રમતોની હરીફાઈ થએલી. તેના ઈનામ-વહેંચણીના પ્રસંગે અધ્યક્ષ તરીકે મુંબાઇના ગવર્નર સર જ્યૉર્જ લૉઇડ હતા. તે વખતે તક ઝડપી લઇ સર દોરાબજી તાતાએ ગવર્નરને કહ્યું કે આંતરરાષ્ટ્રીય ઑલિંપિક રમતોમાં હિંદ ભાગ લે તો કેમ? ગવર્નરને તે પ્રસ્તાવ ગમ્યો અને તેમણે 'સેક્રેટરી ઑવ્ સ્ટેટ્સ્ ફૉર ઈંડિયા'ને ઑલિંપિક રમતોનું સભાસદપદ હિંદને મેળવી આપવા વિનતિ કરી. તે અનુસાર વ્યવસ્થા થઇને આખરે ૧૯૨૦ના ફેબ્રુઆરી માસમાં હિંદને સભ્યપદ મળ્યું હોવાની જાણ સર દોરાબજીને કરવામાં આવી.

અને તરત જ, તે જ વર્ષમાં ભરાનાર ઑલિંપિક હરીફાઈ માટે છ શ્રેષ્ઠ ખેલાડીઓને પસંદ કરીને દોડવાની અને કુસ્તીની એમ બે શરત માટે ઍન્ટવર્પ મોકલવામાં આવ્યા, જોકે ત્યાં તેઓ સારો દેખાવ કરી શક્યા નહોતા. એ સફરનો અહેવાલ લખતાં તે ટુકડીના સંચાલકે લખ્યું, 'ઑલિંપિક હરીફાઇમાં ફક્ત હૉકી અને કુશ્તી એ બે રમતોમાં જ હિંદને યશ મળી શકશે.' એ અભિપ્રાયનો અરધો ભાગ તો આશ્ચર્યકારક રીતે સાચો પડ્યો એ તો ત્યાર પછીની હરીફાઈમાં હિંદને હૉકીમાં મળેલા સુયશ પરથી સાબિત થયું.

૧૯૨૦ની ઑલિંપિક હરીફાઈથી હિંદમાં તેને માટે ખૂબ રસ ઉત્પન્ન થયો. તેનો લાભ લઈ સર દોરાબજી તથા હિંદના તે વખતના વાઈ. એમ. સી. એ. સંસ્થાના પ્રમુખ ડૉ. નેલ્હોરેને હિન્દના પ્રાંતેપ્રાંતમાં પ્રચાર કરીને ઠેકઠેકાણે પ્રાંતિક શાખાઓ નિર્માણ કરી. પછી તે સર્વ પ્રાંતિક શાખાઓના પ્રતિનિધિઓની સહાયથી 'ઇંડિયન ઑલિંપિક એસોસીએશન' નામની સંસ્થા સ્થાપી. આ સંસ્થા તરફથી દર બબ્બે વર્ષે હિંદમાં જુદેજુદે સ્થળે હરીફાઈ થાય છે અને આંતરરાષ્ટ્રીય ઑલિંપિક હરીફાઈ માટે ઉમેદવારો ચુંટાય છે.

૧૯૨૪ની સાલની પારીસની ઑલિંપિક હરીફાઈમાં હિંદ તરફથી ૯ ખેલાડીઓનો પહેલો અધિકૃત 'હિંદી સંઘ' મોકલવામાં આવ્યો. ત્યાં હિંદને એક 'પૉઈન્ટ' મળવાની તક ફક્ત ૧ નંબરથી ચુકાઇ ગઇ. પતિયાળાના શ્રી દિલીપસિંહ ત્યાં લાંબા કૂદકામાં ૭મા નંબરે આવેલા. ત્યાર બાદ ૧૯૨૮ની આમ્સ્ટર્ડામની ઑલિંપીઆડમાં કુસ્તી, તરવું તથા હૉકી માટે હિંદે પોતાની ટુકડીઓ મોકલી. તેમાં હિંદની હૉકી ટીમે તો મોટો ખળભળાટ મચાવી દીધો. જગતભરના સર્વ દેશોના સંઘ(ટીમ)ને હરાવીને હિંદી સંઘે અદ્ભુત વિજય પ્રાપ્ત કર્યો અને હિંદુસ્તાનનું નામ જગતભરમાં મશહૂર બનાવી દીધું એક ગુલામ દેશના યુવાનોએ કોઈ પણ પ્રકારના ખાસ ઉત્તેજન વિના જે આ અજોડ સફળતા પ્રાપ્ત કરી તે જોઈ જગતના અગ્રગણ્ય દેશો ચકિત થઈ ગયા. આ વિજયને પ્રતાપે હિંદના જવાન હૉકી-ખેલાડી ધ્યાનચંદનું નામ ઑલિંપિક આલમમાં મશહૂર બની ગયું અને ખેલાડી જગતે તો તેને '(હૉકીની) ગેડીના જાદુગર'નું ગૌરવભર્યું બિરુદ આપ્યું. તે પછી બીજે વખતે ૧૯૩૨માં પણ લૉસ ઍન્જેલિસમાં ભરાએલી ઑલિંપિક રમતોમાં હિંદ તરફથી હૉકી, તરવું, કુસ્તી વગેરે માટે ટુકડીઓ મોકલવામાં આવી એ વર્ષે હૉકી માટે ગએલી ટુકડીઓમાં જર્મનીની ટીમ અજીતમનાતી. વિવિધ દેશો વચ્ચે મૅચો રમાયા પછી આખરે જર્મની અને હિંદ વચ્ચે મૅચ શરૂ થઇ અને જોતજોતામાં આપણા જુવાનોએ ધ્યાનચંદની નેતાગીરી નીચે માત્ર એક કલાકમાં જ ૧૧ ગોલથી જર્મન ટીમને હરાવીને કાયર કરી મૂકી! દુનિયા આખી ચકિત થઈ ગઇ. હિટલરે જેને જગતની શ્રેષ્ઠ પ્રજા ગણાવી હતી એવા જર્મન વીરોને પરાધીન ગણાતા હિંદના જુવાનો આવો મોટો પરાજય આપી શરમિંદા કરે એ જર્મનો માટે અસહ્ય હતું. એટલે ગમે તે હિસાબે આવતે વખતે તો હિંદીઓને હરાવવા જ જોઇએ એવો નિશ્ચય કરીને તેમણે આપણી રમતનો બારીકાઈથી અભ્યાસ કરવા માંડ્યો. આપણા ખેલાડીઓની રમતને સર્વ ખૂણેથી કૅમૅરા માંડીમાંડીને ફિલ્મ ઝડપી લેવામાં આવી. તેમની ધીમી ગતિ(Slow Motion) ફિલ્મ પણ લેવામાં આવી અને આપણી વિશિષ્ટ વ્યૂહરચનાનો પૂરી બારીકાઇથી અભ્યાસ શરૂ કર્યો. આમ ચાર વર્ષ સતત અભ્યાસ કરીને જ્યારે એ જર્મન ટુકડી પોતાના પાટનગર બર્લિનમાં ઈ. ૧૯૩૬માં ભરાએલી ઑલિંપિક રમતોમાં ઊતરી ત્યારે વિજય મેળવવાની તેને સંપૂર્ણ ખાત્રી હતી. નક્કી થયા પ્રમાણે બર્લિનના મેદાન પર હિંદ અને જર્મની વચ્ચે જંગ શરૂ થયો. પ્રેક્ષકો ઉત્સાહપૂર્વક જંગ જોઇ રહ્યા હતા અરધો કલાક વીત્યો, પણ આપણે ફક્ત એક જ ગોલ કરી શક્યા. પરંતુ એટલા વખતમાં આપણી ટુકડીના

આસપાસના વૃક્ષવિશેષનો પરિચય આપતી લેખમાળા : આપણી વનસ્પતિ : ૧૭

આછી સુગંધીવાળું, અને લાલ ગુલાબી કે સફેદ રંગનાં ફૂલોથી શોભતું કરેણનું ઝાડ તો સામાન્ય માણસોને પણ પરિચિત હશે. અંગ્રેજીમાં તેને Sweet-scented Oleander કહે છે. કેટલાક તેનો ઉચ્ચાર 'કણેર' પણ કરે છે. સંસ્કૃતમાં તે કરવીર, અશ્વમારક, હયમારક વગેરે નામથી ઓળખાય છે અને સંસ્કૃત ગ્રંથોમાં કોઇ જગ્યાએ તેની ચાર જાતો [રક્ત, શ્વેત, પીત અને કૃષ્ણ કરવીર (કરેણ)]નો ઉલ્લેખ છે. પરંતુ કૃષ્ણ રંગની કરેણ હજી સુધી ક્યાંય જોવામાં આવતી નથી. મરાઠીમાં તે કણ્હેર અને હિંદીમાં કનેર નામથી ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ નીરીઅમ ઓડોરમ (Nerium Odorum Soland). પીળાં ફૂલો આપતી કરેણ જુદી જ વનસ્પતિ છે. અંગ્રેજીમાં તેને Yellow Oleander કહે છે, પણ તેનું શાસ્ત્રીય નામ થેવેટીઆ નીરીફોલીઆ (Thevetia Neriifolia Juss).

કરેણનાં ઉત્પત્તિસ્થાન પશ્ચિમ હિમાલય, મધ્ય ને દક્ષિણ હિંદ, સિંધ ને અફઘાનિસ્તાન. તેનાં સુશોભિત ફૂલો માટે તે હિંદભરના બગીચાઓમાં ઉગાડવામાં આવે છે.

કરેણનું વૃક્ષ સાધારણ ઊંચું થાય છે. તેના કોઈ પણ ભાગને ભાંગતાં દૂધ જેવો રસ નીકળે છે. તેની સીધા સોટા જેવી શાખાઓ પર પાન ત્રણત્રણનાં ઝૂમખાંમાં ગોઠવાએલાં હોય છે અને તે ૪ થી ૬ ઇંચ લાંબાં,



કરેણ

લેખક · જયંતીલાલ ઓઝા એમ. એસસી.

ઘટ, વચમાં પહોળાં, પરંતુ ઉપર તેમજ નીચે સાંકડાં થતાં ટોચે અણીદાર અને ટૂંકી દાંડીવાળાં હોય છે. તેને લગભગ બારે માસ ફૂલ આવે છે. તે ઘેરા લાલ, ખુલતા ગુલાબી અગર સફેદ રંગનાં અને શાખાઓને છેડે ઝૂમખાંમાં થાય છે. કરેણનું ફળ ૮ થી ૯ ઇંચ લાંબું, શીંગ જેવું હોય છે અને તેમાં સફેદ અગર ભૂખરાં રુવાંટીવાળાં ઘણાં બીજ હોય છે.

કરેણનાં ફૂલ પવિત્ર ગણાય છે અને તે દેવપૂજામાં શિવને ચડાવાય છે. તેનું લાકડું નુકસાનકારક જીવજંતુઓનો નાશ કરવા માટે વપરાય છે. દક્ષિણ ફ્રાન્સમાં તો ખેડૂતો કરેણની છાલનો ભૂકો જન્તુનાશક તરીકે જ વાપરે છે. વળી તેના કોલસાનો ઉપયોગ બંદુકનો દારૂ બનાવવામાં થાય છે.

કરેણની ઔષધીય ઉપયોગિતા વિષે આયુર્વેદના સંસ્કૃત ગ્રંથોમાં ઘણી જગાએ ઉલ્લેખ છે. તેનાં મૂળ બહુ ઝેરી ગણાય છે, પરંતુ ચામડીનાં દર્દોમાં બાહ્ય ઉપચાર તરીકે તે અસરકારક છે. સંસ્કૃત ગ્રંથોમાં જણાવ્યા પ્રમાણે તેના તાજા રસનાં ટીપાં, આંખો આવેલી હોય તો, આંખમાં નાખવાથી અસરકારક કામ આપે છે. તેનાં પાનનો ઉકાળો સોજા મટાડવા માટે લેવાય છે; તેના મૂળની છાલમાંથી મેળવેલું તેલ ચામડીનાં દર્દોમાં તેમજ કોઢમાં અસરકારક કામ કરે છે; તેનાં પાનને તેલમાં ઉકાળી મલમ બનાવીને ચામડી પર ઘસવાથી નુકસાનકારક જંતુઓ તેથી દૂર રહે છે. કરેણનાં પાન પથરીના દર્દમાં પણ વપરાય છે અને વીંછી તેમજ સર્પદંશ ઉપર કરેણનાં મૂળ અસરકારક કામ આપે છે.

કરેણનાં પાનનું રાસાયનિક અન્વેષણ થએલું છે અને તેમાં 'ઓલીએન્ડ્રીન' અને બીજાં તત્ત્વો હોવાનું માલૂમ પડ્યું છે.

કર્ણધાર ધ્યાનચંદે હરીફ ટીમનું માપ કાઢી લીધું ને તરત વ્યૂહમાં થોડો ફેરફાર કર્યો. અને જોતજોતાંમાં બીજા અરધા કલાકમાં તો આઠ ગોલ ફટકારી દઈ કુલ ૯ ગોલથી જર્મનીની એ મજબૂત ટીમને સખત હાર આપી. આમ ત્રીજી વખત હિંદે જાગતિક સર્વોપરિતા (Championship) મેળવી. હિંદ અને જર્મની વચ્ચે થએલી એ મૅચ એવી તો રસાકસીભરી હતી કે તેનો અહેવાલ હૉકીના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે. તે જ હરીફાઇમાં ૨૧ માઈલ લાંબું દોડવાની 'મૅરેથોન રેઈસ'માં હિંદના ખેલાડી શ્રી સ્વામી ૭મા નંબરે આવ્યા. જોકે માત્ર ૧૦ દિવસ પહેલાં જ તેમને દવાખાનામાંથી છૂટા કરવામાં આવ્યા હતા અને શરતમાં દોડતાં વચ્ચે તો તે ચક્કર આવવાથી પડી પણ ગયા હતા. પણ ફરી ઊઠીને તેમણે તે શરત પૂરી કરી હતી! શરતનું અંતર પૂરું દોડવું એ પણ તે શરતમાં એક મહત્ત્વની બાબત ગણાય છે.

એ પછી આજે લગભગ બાર વર્ષે ઑલિંપિક રમતો લંડનમાં ભરાય છે. દુનિયાભરના કુલ ૫૮ દેશોએ ખૂબ જહેમત લઈ પોતાના હરીફોને બરાબર તૈયાર કરી ત્યાં મોકલ્યા છે. એક વિશેષ વાત એ છે કે રશિયા આ રમતોથી અલિપ્ત રહ્યું છે. અને બીચારાં પદદલિત જર્મની અને જાપાન ત્યાંની અસ્થિર પરિસ્થિતિને કારણે ભાગ લઈ શકે તેમ નથી. મલ્લયુદ્ધ, મુષ્ટિયુદ્ધ (બૉક્સિંગ), તરવું, સાઈકલિંગ, ઘોડદોડ, હોડી ચલાવવી, વજન ઊંચકવું, ફૂટબૉલ, હૉકી ઈત્યાદિ ૧૭ જાતની રમતો ત્યાં રમાવાની છે. સત્તરે રમતોમાં તો માત્ર ૬ જ દેશો ભાગ લેવાના છે: ઇંગ્લંડ, અમેરિકા, ફ્રાન્સ, હંગેરી, ઈટાલી અને ચેકોસ્લોવાકિયા. ફિન્લૅંડ, હોલૅંડ ને સ્વિટ્ઝર્લૅન્ડ ૧૬ રમતોમાં, ડેન્માર્ક ૧૫ રમતોમાં તથા સ્પેન ૧૪ રમતોમાં ભાગ લેવાનું છે. ઇતર દેશો ઊતરતા ક્રમમાં આ પ્રમાણે ભાગ લેવાના છે: કૅનેડા: ૧૩, ઇજિપ્ત: ૧૨, બ્રાઝિલ: ૧૧, દ૦ આફ્રિકા: ૯, પૅલેસ્ટાઈન: ૮, તુર્કસ્તાન: ૭, ફિલિપાઈન્સ: ૬, ચીન: ૫, અફઘાનિસ્તાન: ૩ અને સિલોન: ૨. હિંદુસ્તાન આ વખતે ૯ પ્રકારની રમતોમાં ભાગ લેવાનું છે, જ્યારે પાકિસ્તાન ૬ પ્રકારમાં. સિંગાપુર બીચારું ફક્ત મલ્લયુદ્ધમાં જ ઊતર્યું છે. બધી રમતોમાં મલ્લયુદ્ધ, મુષ્ટિયુદ્ધ અને તરવું એ સૌથી આકર્ષક રમતો છે, કારણ ૪૯ દેશો મલ્લયુદ્ધમાં, ૪૦ દેશો મુષ્ટિયુદ્ધમાં અને ૩૮ દેશો તરવાના વિભાગમાં ભાગ લેવાના છે.

આ માસની ૨૯મી તારીખે હરીફાઇ શરૂ થઇ ઑગસ્ટની ૧૪મીએ પૂરી થશે. તે કાળમાં દેશદેશના જુવાનોની શરીરશક્તિ, કૌશલ્ય તથા કુનેહનું જગતના પંચની રૂબરૂ પાણી મપાશે. આપણો દેશ આ વખતે ત્યાં સ્વતંત્ર દેશ તરીકે ભાગ લે છે અને તે અનુસાર યોગ્ય તૈયારીઓ સાથે વિવિધ રમતોમાં ભાગ લેવા તેણે ખેલાડીઓ મોકલ્યા છે. હૉકી, ફૂટબૉલ, તરવું, વૉટરપોલો, બૉક્સિંગ, દોડવું, વેઈટ લિફ્ટિંગ ઇત્યાદિ દરેક વિભાગમાં હિન્દ આ વર્ષે ભાગ લેવાનું છે. પણ હિંદની ખરી કસોટી તો હૉકીના ક્ષેત્રમાં થવાની છે. લાગલાગટ ત્રણ વખતથી જાળવી રાખેલી સર્વોપરિતા આ વખતે પણ આપણે ટકાવી રાખીએ છીએ કે કેમ તે જોવાનું છે. દેશના ભાગલા પડવાથી હરીફો વહેંચાઇ ગયા છે, એટલું જ નહિ પણ આ વખતે 'લકડીનો જાદુગર' ગણાતો ધ્યાનચંદ પણ આપણી ટુકડીમાં નથી. છતાં પણ હિંદ પોતાનું માન જાળવી રાખશે એવી આશા છે.

આ જંગી હરીફાઇ માટે ઇંગ્લંડ બે વર્ષથી તૈયારીઓ કરી રહ્યું છે. ૬૦૦૦ ઉપરાંત હરીફો તથા અધિકારીઓની રહેવાખાવાની વ્યવસ્થા કરવી તથા ૧ લાખ પ્રેક્ષકો માટે જોવાની ગોઠવણ કરવી એ કંઈ નાનુંસૂનું કામ નથી. તે માટે આવા કટોકટીના સમયમાં પણ ઇંગ્લંડે હરીફોને સત્કારવા તથા તેમને રહેવા ઊતરવાની ઉત્તમ વ્યવસ્થા તથા સાધનસામગ્રી પૂરી પાડવા જંગાવર ખર્ચે ગોઠવણ કરી છે. પ્રેક્ષકો માટે પણ મોટા પાયા પર શમિયાણા અને બેઠકો ઊભાં કર્યાં છે. વેમ્બ્લી ખાતેના મુખ્ય સ્ટેડિયમ ઉપરાંત લંડનનાં બીજાં ૬૦ જેટલાં મેદાનો આ કામ માટે રાખી લેવામાં આવ્યાં છે. ડૉક્ટરી સારવારની, પરીક્ષકોની ઈત્યાદિ બધી વ્યવસ્થા થઈ ગઈ છે.

૧૯૩૬ની બર્લિનની ઑલિંપિક રમતોથી એક નવી પ્રથા શરૂ કરવામાં આવી છે. તે એ કે જે દેશમાં ઑલિંપિક રમતો હોય તે દેશમાં ગ્રીસના ઑલિંપિયા શહેરથી એક બળતી મશાલ વ્યાયામવીરો દોડતાંદોડતાં લઈ જવી. આ જાતની ક્રિયાથી ગ્રીસ દેશની પ્રાચીન ઑલિંપિક રમતો માટેની પવિત્રતાનું આજના લોકોને સ્મરણ રહે છે. તે પ્રમાણે આ વર્ષે પણ ગ્રીસથી ઇંગ્લંડ સુધી તે બળતી મશાલ પહોંચાડવાની વ્યવસ્થા થઇ ગઈ છે. એ આતશ જ્યારે ઇંગ્લંડના વેમ્બ્લી સ્ટેડિયમમાં પહોંચશે ત્યારે જ રમતો શરૂ થશે. વચ્ચે આવતી ઇંગ્લિશ ખાડીમાં અંગ્રેજ વહાણમાં થઇને તેને લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

બધી રમતોમાં મળીને કોઇ પણ દેશ વધુમાં વધુ ૪૮૧ હરીફો-(૪૧૨ પુરુષો અને ૬૯ સ્ત્રીઓ)ને મોકલી શકે એવો નિયમ છે. આ વખતની રમતોમાં સૌથી વધુ હરીફો અમેરિકા મોકલવાનું છે. એ દેશના ૪૧૫ હરીફો છે. ઇંગ્લંડના ૩૮૪ છે, ફ્રાન્સના ૩૦૮, ઈટાલી અને ચેકોસ્લોવાકિયાના ૨૮૪ અને સ્વિટ્ઝર્લૅન્ડના ૨૭૦ હરીફો ભાગ લેવાના છે. હિંદ તરફથી કુલ ૬૦ હરીફો ઊતરવાના છે.

આખા જગતની પાણીદાર જુવાની જ્યાં હરીફાઈમાં ઊતરે છે તે આ ઑલિંપિક રમતોની અગત્ય આપણે હજુ જોઈએ તેવી પિછાણી નથી, તેમ ઑલિંપિક રમતોમાં એક હૉકી સિવાય બીજા કશામાં આપણે ખાસ પ્રગતિ બતાવી નથી. જગતના ઇતર દેશોને મુકાબલે આપણે હજુ ઘણા પાછળ છીએ. શારીરિક શક્તિ કે ચપળતામાં આપણે કોઇ પણ દેશ કરતાં ઊતરતા નથી એ તો આપણે હૉકીમાં મેળવેલા વિજયે બતાવી આપ્યું છે. આપણે ત્યાં બુદ્ધિ છે, શક્તિ છે ને પૈસો પણ છે; પણ નથી બે વસ્તુઓ: વ્યવસ્થિત રીતે કાર્ય કરવાની સંગઠિત શક્તિ અને પરાજય મળતાં નિરાશ ન થતાં સતત પ્રયત્ન ચાલુ રાખવાનું નિશ્ચયબળ. આ બે વસ્તુઓ જો આપણામાં નિર્માણ થશે તો જગતના મેદાનમાં આપણને અગ્રસ્થાન મેળવતાં વાર નહિ લાગે.

અથાણું

ભૂલકણા મનુને ચાર દિવસ પ્રવાસે જવાનું થયું. તેની બાએ તેને તાકીદ કરી કે રોજ સવારે ધોએલું ખમીસ પહેરજે. જ્યારે તે મુસાફરીથી પાછો ફર્યો ત્યારે તેની બાએ પૂછ્યું, 'કેમ મનુ, રોજ સવારે ધોએલું ખમીસ પહેરવાની તને મેં શિખામણ આપી હતી તે બરાબર પાળી હતી ને?'

'હા, હા, કેમ નહિ?' મનુએ જવાબ આપ્યો. 'ગયો તે દિવસનું ખમીસ ગણતાં આજે મારા બદન પર પાંચ ખમીસો છે.'

દરદી: ડૉક્ટર, હું રાતના એટલા મોટેથી ઘોરું છું કે હું પોતે જ જાગી જાઉં છું.

ડૉક્ટર: ઓહો, તેમાં શું? બીજા ઓરડામાં સૂઇ જજો.

એક મારવાડીએ સ્ટેશને જઇને હૈદ્રાબાદની ટિકિટ માગી.
'કયું હૈદ્રાબાદ? સિંધ હૈદ્રાબાદ કે દખ્ખણ હૈદ્રાબાદ?'
'સસ્તું કયું છે?' જવાબ આવ્યો!

બંગાળની બૉમ્બ-ક્રાન્તિના બીજા બે તેજસ્વી બલિ



કન્હાઈલાલ દત્ત અને સત્યેન્દ્ર બસુ

માભોમની મુક્તિ કાજે મરી ફીટનારાઓની પરિચયમાળા

સ્વાતંત્ર્યના શહીદો

[૧૪]



હસતાં હસતાં ફાંસીએ ચડી જવાનાં જેની જાન-નિસારી જોઈ એક ગોરો અફસર પણ મુગ્ધ થઇ બોલી ઊઠેલો: 'જે દેશમાં આવા જુવાનો પાકે છે તે દેશને ધન્ય છે.'

ઈ. ૧૯૦૮ની ૩૦મી એપ્રિલે ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી (ચક્રવર્તી)એ મુઝફ્ફરપુરમાં બૉંબનો જે ધડાકો કર્યો તેથી હત્યા તો માત્ર બે જ જીવોની થઈ; પણ તેને કારણે હિંદની યુયુત્સુ ક્રાંતિકારી શક્તિનું જે પ્રદર્શન થયું તેણે સરકારને ગભરાવી નાખી. હિંદના યુવાનો આવું મોટું સાહસ કરશે તેની સરકારને જરા યે કલ્પના નહોતી. બૉંબના એ ધડાકાએ માત્ર બંગાળમાં જ નહિ પણ દેશ આખામાં એક નૂતન ઉષ્મા પેદા કરી દીધી. લોકહૃદયમાં અંગ્રેજો માટે જે તિરસ્કારની લાગણી હતી તેને તે ધડાકાએ વધુ ઘેરી કરી, એટલું જ નહિ પણ લોકોમાં એક જાતનો આત્મવિશ્વાસ પેદા થયો કે અમે ધારીએ તો અંગ્રેજોને પણ ડરાવી શકીએ તેમ છીએ. ને તેમના જુલમનો સામનો કરવાની તાકાત ધરાવીએ છીએ.

આ જાતની ભાવના કોઇ પણ પરદેશી અમલ માટે ઘાતક છે. આથી સરકારે એ મુઝફ્ફરપુર બૉંબ કેસ પાછળ રહેલું કાવતરું ગમે તે ઉપાયે શોધી કાઢવાનો નિશ્ચય કર્યો અને પોતાનું જંગી વહીવટીતંત્ર તે કાર્ય પાછળ લગાડયું. 'યુગાંતર' પત્રને કારણે સરકારને માણિકતોલા બાગ વિષે સાધારણ ખબર તો હતી જ. વળી ક્રાંતિકારીપક્ષમાં પણ જોઇએ એટલી ગુપ્તતા નહિ હોવાથી સરકારને કાને સર્વ વાત જતાં વાર ન લાગી. માણિકતોલા બાગમાં રહેતા ક્રાંતિકારીઓને પણ ખબર મળી ગયા કે સરકાર એકબે દિવસમાં બાગની જડતી લે તેવા સંભવ છે. આથી બારીન્દ્રે માત્ર તે રાત માટે જ ત્યાં સૂઈ રહી વિખેરાઇ જવાનું ઠરાવ્યું. પણ વિધિનો સંકેત કંઈ જુદો જ હતો. તે જ રાતના—એટલે કે ૧૯૦૮ના મેની ૨જીએ મળસ્કે ૪ વાગ્યે જ હથિયારબંધ પોલીસોની ટુકડીએ બાગને ઘેરો ઘાલ્યો. શું છે એ જોવા સૌપહેલા બહાર આવેલા બારીન્દ્ર ઘોષને પકડવામાં આવ્યા અને પછી તો જોતજોતાંમાં બાગમાં હતા એટલા બધા ક્રાંતિકારીઓ સરકારને હાથ પડયા. તેમાં ઉપેન્દ્રનાથ બૅનરજી, ઉલ્લાસકર દત્ત, ઇન્દ્રભૂષણ રાય, હેમેન્દ્રનાથ ઘોષ, વિભૂતિભૂષણ સરકાર, નલિનીકાન્ત ગુપ્ત, શચીન્દ્રકુમાર સેન, પરેશચન્દ્ર મલિક, વિજયકુમાર નાગ આદિ ૧૪ જણા હતા. તે સાથે પિસ્તોલો તથા બૉંબનું સાહિત્ય પણ સરકારને હાથ લાગ્યું. તાબડતોબ સરકારે તે સૌને જેલમાં ધકેલ્યા ને સાથોસાથ બીજાં કેન્દ્રો પર હુમલા કરીને ઈતર ક્રાંતિકારીઓને પણ પકડયા. તેમાં ગોપીમોહન દત્ત સ્ટ્રીટમાં આવેલા કેન્દ્રમાંથી કન્હાઇલાલ દત્ત અને નિરાપદ રૉયને પકડવામાં આવ્યા. એ સ્ટ્રીટમાંથી 'વંદેમાતરમ્' ચલાવતા શ્રી અરવિંદ ઘોષને તથા તેમની સાથે 'નવશક્તિ'નું સંચાલન કરતા અવિનાશ ભટ્ટાચાર્ય અને શૈલેન્દ્ર બસુને પણ પકડવામાં આવ્યા. ક્રાંતિકારીઓમાં અગ્રગણ્ય નેતા તરીકે ગણાતા શ્રી હેમચન્દ્ર દાસ પણ નવકૃષ્ણ સ્ટ્રીટમાંથી પકડાઈ ગયા. આ સિવાય માણિકતોલા બાગમાંથી જે કાગળો મળી આવ્યા હતા તેને આધારે બંગાળભરમાં પથરાએલા બીજા ઘણા ક્રાંતિકારીઓને પણ સરકારે પકડીને જેલમાં નાખ્યા. તેમાં હૃષિકેશ કાંજીલાલ, સુધીરકુમાર સરકાર, વીરેન્દ્ર ઘોષ, કૃષ્ણજીવન સન્યાલ, હેમચન્દ્ર વીરેન્દ્ર અને સુશીલ સેન, રામપુરના નામચીન ક્રાંતિકારી નરેન્દ્ર ગોસ્વામી તથા સત્યેન્દ્રનાથ બસુનો સમાવેશ થાય છે. પણ જેમ સૂકા ભેગું લીલું પણ બળી જાય છે તેમ એમાં કેટલાક તદ્દન નિર્દોષ લોકો પણ, કેવળ ક્રાંતિકારીઓ સાથે પહેલાં કંઇ થોડાઘણા સંબંધમાં આવેલા હોવાને કારણે જ, પકડાયા હતા.

આમ, ગભરાઈ ગએલી સરકારે આંધળિયાં કરીને સાચાખોટા જેટલા પકડાય તેટલા યુવકોને પકડીને તેમના પર રાજ્યને ઉથલાવી પાડવાનું કાવતરું કરવાનો આરોપ મૂકયો અને કેસ શરૂ કર્યો. બારીન્દ્ર ઘોષ, ઉપેન્દ્ર બૅનરજી આદિ બેચાર જણાએ એ સર્વ ક્રાંતિકારી ચળવળની જવાબદારી પોતાને શિરે લઈ લીધી અને બીજી વધુ કોઈ માહિતી આપવાની ના પાડી. આથી છૂપી પોલીસના અમલદારો રોજ જેલમાં જઈ મીઠુંમીઠું બોલી ક્રાંતિકારીઓના પેટની વાતો કઢાવવા પ્રયત્ન કરવા લાગ્યા. બધા ક્રાંતિકારીઓ મક્કમ હતા. પણ અંતે એક જણ પીગળ્યો. નરેન્દ્ર ગોંસાઈ (ગોસ્વામી) નામનો એક ક્રાંતિકારી તાજનો સાક્ષી બન્યો. તે એક પૈસાદાર કુટુંબનો નબીરો હતો ને કેવળ શોખને ખાતર દેશના ઉદ્ધારના કાર્યમાં પડયો હતો. જોકે તેને ક્રાંતિકારી પક્ષના તદ્દન અંદરના વર્તુળમાં લેવામાં આવ્યો નહોતો. પણ ચન્દ્રનગરના મેયર પર બૉંબ નાખવાની યોજના વખતે તેણે જરાતરા મદદ કરેલી અને બાંકુરાની તેની જાગીર આગળ ધાડ પાડતી વેળા એકવાર તે ક્રાંતિકારી મંડળને ત્યાં લઈ ગએલો, એટલું જ. પોતાના પિતાની અને પોલીસની સતત આજીજી અને આગ્રહને કારણે તે અંતે પીગળી ગયો અને સરકાર તરફથી સાક્ષી બનીને ક્રાંતિકારી પક્ષને લગતી તેને હતી તેટલી સર્વ માહિતી સરકારને આપી દીધી.

જોકે શરૂમાં ક્રાંતિકારીઓને નરેન્દ્રના આવા દેશદ્રોહી પલટાની ખબર નહોતી. પરંતુ 'આપણી ક્રાંતિકારી ચળવળનો મદ્રાસનો નેતા કોણ છે? મહારાષ્ટ્રનો આગેવાન કોણ છે?' એવીએવી છૂપી ગૂઢ વાતોની પૂછપરછ તેણે કરવા માંડતાં બધાને તેના વિષે સંદેહ ઉત્પન્ન થયો. અને પછી તો તેના ફૂટી જવાની ખાતરી થતાં જ ક્રાંતિકારીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો અને એકવાર લાગ મળતાં જ કેટલાક

ક્રાંતિકારીઓએ તેને સારી પેઠે મેથીપાક પણ જમાડચો. ત્યારથી સરકારે તેને યુરોપિયન વૉર્ડમાં જુદી કોટડીમાં પહેરા નીચે રાખ્યો.

પણ નરેન્દ્ર સરકારને જે સાચીખોટી માહિતી આપતો તેથી મેદિનીપુર, બાંકુરા આદિ સ્થળોના કેટલાક સારાસારા માણસો, રાજાઓ તથા જમીનદારો પણ ગિરફતાર થવા લાગ્યા; અને જો વેળાસર નરેન્દ્રનો નિકાલ કરવામાં ન આવે તો જે અથાક મહેનત લઈ આ મહાન ક્રાંતિકારી ચળવળ ઊભી કરી હતી તેનો સર્વનાશ થવાનો સંભવ ઊભો થયો. આથી જેલમાં ક્રાંતિકારીઓની ગુપ્ત સભા થઈ અને શ્રી અરવિંદ ઘોષ તથા બારીન્દ્ર સિવાય બાકી બધાએ નરેન્દ્ર ગોસ્વામીને દેહાંતદંડની શિક્ષા આપવાનું નક્કી કર્યું. બારીન્દ્રે આ કામ જેલની બહાર છૂટયા પછી કરવાની સલાહ આપી. પરંતુ ક્રાંતિકારીઓના ગુસ્સાનો પારો એટલી હદ સુધી ઊંચો ગયો હતો કે તેમને આ સલાહ રૂચિ નહિ અને તેમણે કેસ સેશન્સ કમિટ થાય તે પહેલાં જ નરેન્દ્રનું કાટલું કાઢી નાખવાનું નક્કી કર્યું.

પણ આ કામ કંઈ સહેલું નહોતું. નરેન્દ્રને તદ્દન જુદી કોટડીમાં રાખવામાં આવતો હતો, એટલું જ નહિ પણ તેની આસપાસ બંદુકધારી પોલીસનો પહેરો રહેતો. વળી ખૂન કરવા માટે જેલમાં પિસ્તોલ લાવવી એ પણ કંઈ જેવી તેવી વાત નહોતી. પણ ક્રાંતિકારીઓએ તો ગમે તે ભોગે એ મિત્રદ્રોહી-દેશદ્રોહીને પૂરો કરી નાખવાનું નક્કી કર્યું હતું. એટલે પોતાની કુશળતા, સાહસ ને ધ્યેયનિષ્ઠા માટે જાણીતા કન્હાઈલાલ દત્ત ને સત્યેન્દ્રનાથ બસુએ એ વિકટ કાર્ય માથે લીધું.

કન્હાઈલાલ દત્તનો જન્મ ૧૮૮૭માં શ્રી કૃષ્ણ ભગવાનના જન્મદિન કૃષ્ણાષ્ટમીની જ રાત્રે એક શ્રીમંત કુટુંબમાં થયો હતો. નાનપણથી જ તેની વર્તણૂક ઉમદા અને ઉદાત્ત હતી. ભણવામાં તેનો નંબર હમેશ પહેલો રહેતો અને શાળાના વિદ્યાર્થીઓના પ્રેમનું તે કેન્દ્રસ્થાન હતો. દીનદુઃખિયાં પ્રત્યે તેને એટલી બધી સહાનુભૂતિ હતી કે પોતે ઊંચા કુળનો નબીરો હોવા છતાં સદા નિર્ધન વિદ્યાર્થીઓની સાથે રહેતો. આજે કોઈકને ચોપડીઓ ખરીદી આપે તો કાલે કોઇને કપડાં ને પરમ દિવસે કોઇને ખાવાપીવાની વ્યવસ્થા કરાવી આપતો હોય.

આવા ઉદારચરિત અને દયાળુ કન્હાઇલાલનું હૃદય હમેશ દેશની ગુલામ સ્થિતિ જોઇને કકળી ઊઠતું. મુંબાઇ અને બંગાળમાં તેણે ઉચ્ચ શિક્ષણ લીધું હતું, પરંતુ તેનું હૃદય તો દેશસેવાના કાર્યમાં કૂદી પડવા થનગની રહ્યું હતું. એવામાં બંગભંગની ચળવળે દેશભરમાં નવા તેજનો સંચાર કરી દીધો. સરકારે કરવા માંડેલા આઘાતોથી બંગાળી જુવાનો ઉશ્કેરાઈ ગયા અને સરકારના એ અત્યાચારોનો જવાબ વાળવા બારીન્દ્ર ઘોષે ક્રાંતિકારી સંસ્થા સ્થાપીને નિર્ભયપણે કાર્ય શરૂ કરી દીધું. ક્રાંતિયજ્ઞનું આવું મંડાણ થએલું જોઈ કન્હાઇનું હૃદય હાથ રહે? તેણે પણ તેમાં યા હોમ કરીને કૂદી પડવાનો નિર્ણય કર્યો. માતાની મમતા, પિતાનો પ્રેમ, સંપત્તિનો લોભ કે મૃત્યુનો ભય કશું તેને પોતાના નિશ્ચયમાંથી ડગાવી શક્યું નહિ અને 'નોકરી શોધવા કલકત્તે જાઉં છું.' એમ માતાને કહી એ ચાલી નીકળ્યો.

કલકત્તા આવીને તે સીધો બંગાળભરમાં ક્રાંતિનો આતશ ફેલાવતા 'યુગાંતર' પત્રની ઑફિસે પહોંચ્યો. ત્યાં ક્રાંતિયુગના બ્રહ્મદેવ ગણાતા બારીન્દ્ર ઘોષને મળ્યો અને દેશને માટે ગમે તે કાર્ય કરવાની પોતાની ઈચ્છા બતાવી. એ ઠીંગણા, ચમકતા કાળા રંગના, નાજુક બાંધાના જુવાન સામે બારીન્દ્ર પહેલાં તો જોઈ જ રહ્યા. તેમને લાગ્યું કે આ માંદલો યુવાન શું કરી શકશે? પણ જેમજેમ તેમણે તેને કામ સોંપવા માંડયાં તેમતેમ કન્હાઇની તેજસ્વિતા તેમની નજરે પડવા લાગી. ધીરેધીરે તે એટલું બધું કામ માગવા લાગ્યો કે તેને શું કામ આપવું એ બારીન્દ્રને પ્રશ્ન થઇ પડચો. પણ તે કાળે કન્હાઈનું શરીર સારું નહોતું રહેતું. તેને વારેવારે મૅલેરિયા થતો. આથી બારીન્દ્રે તેને હવાફેર માટે (જગન્નાથ) પુરી મોકલ્યો. ન છૂટકે નારાજ થઇને તે ત્યાં ગયો, પણ જરા ઠીક લાગતાં જ પાછો આવ્યો. હજુ પણ તેને પોતાને મનગમતું કામ નહિ મળવાથી તેને ખૂબ અસંતોષ હતો, પણ તે વખતે કોને ખબર હતી કે કારાગ્રહમાં સેંકડો બંધનોની વચ્ચે જ તેને ખરેખરું લાયક કામ મળવાનું હતું?

સર્વ ક્રાંતિકારીઓમાં કન્હાઇ તેના વિશિષ્ટ સ્વભાવને કારણે પણ જુદો પડી આવતો. બધાઓ થોડેઘણે અંશે બોલકણા હતા, પણ કન્હાઈ તો મૂંગો મંતર! જરૂર વગર એક શબ્દ પણ ન બોલે. બોલવા કરતાં કાર્ય કરવા તરફ તેનું વધુ લક્ષ્ય રહેતું. ચન્દ્રનગરમાં વિપ્લવનું કેન્દ્ર સ્થાપવા તેને મોકલવામાં આવ્યો. તે કામ કુશળતાથી પાર પાડી ૧૯૦૭માં તે પાછો આવ્યો. ત્યાંથી ચટગાંવ(ચિતાગોંગ)ના એક કારખાનામાં પ્રચાર માટે તેને મોકલવામાં આવ્યો. ત્યાં મજૂર બનીને તે લોકો સાથે ભળી જઇ તે કાર્ય કરવા લાગ્યો. પણ એક અમીરનો છોકરો મજૂરના વેશે ક્યાં સુધી છુપો રહી શકે? ત્યાંથી તે બૉંબ બનાવવાના એક કારખાનામાં કાર્ય કરવા માંડચો.

અંતે ૧૯૦૮ના મે માસમાં સરકારે ઉપર કહેલી જે પ્રાંતવ્યાપી ધરપકડો અને જડતીઓ કરી તેમાં કન્હાઇને પણ પકડીને અલિપુર જેલમાં લાવવામાં આવ્યો. જેલમાં ઈતર ક્રાંતિકારીઓ રાજનીતિ કે ધર્મ પર વાદવિવાદ કરતા ત્યારે કન્હાઇ તેમાં બિલકુલ ભાગ ન લેતો. નરેન્દ્ર ગોંસાઈ સરકાર તરફથી સાક્ષી બન્યાની વાત તેને કાને આવી ત્યારે તે ક્રોધથી રાતોપીળો થઇ ગયો. એ દેશદ્રોહીને મૃત્યુ દંડ જ દેવો જોઇએ એવો મત તેણે પ્રતિપાદિત કર્યો અને સત્યેન્દ્રનાથ બસુ સાથે એ કામ પાર પાડવાનું નક્કી કર્યું. ઘણી વાર તે કહેતો કે: 'જેમને વીસ વરસ જેલ વેઠવી હોય તે વેઠે; આપણે કંઇ એ વેઠવાના નથી. તે પહેલાં જ તેનો કંઈ ઉપાય આપણે કરી લેવાના.' પણ એ ઉપાય શો હતો તેની બહુ ઓછાને ખબર હતી.

સત્યેન્દ્રનાથ બસુ તો બારીન્દ્ર ઘોષના મામા થતા હતા. ક્રાંતિકારી પક્ષની મેદિનીપુરની પ્રખ્યાત શાખાના તે અધિકારી હતા. તેમના નેતૃત્વ નીચે મેદિનીપુરમાં મોટાં પરાક્રમો થએલાં. અને ખુદીરામ વગેરે કેટલાક ક્રાંતિકારીઓ ગુપ્ત પત્રિકા વહેંચતી વખતે પોલીસ સાથે જે અથડામણમાં આવેલા તેમાં યે આગેવાની તો સત્યેન્દ્રની જ હતી. તે પ્રગટ રીતે બંગાળ પ્રાંતિક પરિષદમાં કદાગ્રહવાદી પક્ષનું કાર્ય કરતા અને ગુપ્તરીતે ક્રાંતિકારી પક્ષનું કાર્ય કરતા. તે માટે તેમણે એક નાનકડું અંધારિયું ઘર ભાડે રાખેલું. તેમાં કાલિમાતાની મૂર્તિ સ્થાપન કરી તે બેધડક રીતે ક્રાંતિની જ્વાળા ફેલાવતા. વાંચવાનું તો જાણે તેમને વ્યસન જ વળગ્યું હતું. પુસ્તકો તથા છાપાંઓથી તેમનું ઘર ભર્યુંભર્યું રહેતું. તેમની કુશાગ્ર બુદ્ધિમત્તા ને અજોડ કૌશલ માટે સૌને ઘણું માન હતું. એકવાર તેમના મોટાભાઈની બંદુક વગર રજાએ વાપરવા માટે તેમને પકડવામાં આવેલા ને બે વર્ષની સજા પણ પામ્યા હતા. મે માસમાં જે જડતીઓ થઈ તેમાં તેમને પણ અલિપુર જેલમાં બીજા ક્રાંતિકારીઓ સાથે લાવી રાખેલા.

નરેન્દ્રને યમસદને પહોંચાડવાનું કાર્ય માથે લીધા પછી તેને માટે તેઓ તક શોધવા લાગ્યા. બારીન્દ્ર ઘોષે જેલ તોડીને નાસી જવાના ઉદ્દેશથી ઘણી મહેનતે પિસ્તોલો જેલમાં આણી હતી. તે તેમણે ગુપ્તરીતે મેળવી લીધી. પણ નરેન્દ્રને યુરોપિયન વૉર્ડમાં જુદો રાખવામાં આવતો હોવાથી તથા તેની સાથે સશસ્ત્ર અંગરક્ષકો રહેતા હોવાથી નરેન્દ્રનો સંપર્ક સાધવાનું કામ મુશ્કેલ હતું.

આખરે તેમણે એક યુક્તિ કરી. સત્યેન્દ્રને વંશપરંપરાથી દમનો રોગ તો હતો જ. જ્યારે શ્વાસ ઊપડતો ત્યારે ખૂબ દુઃખ થતું. આ રોગના બહાના હેઠળ તે જેલની ઑસ્પિટલમાં દાખલ થયા. તરત તેમની પાછળપાછળ કન્હાઇલાલ દત્ત પણ પોતાને પેટમાં સખત ચૂંક આવે છે એ બહાના હેઠળ ત્યાં પહોંચ્યા. આમ ઑસ્પિટલમાં કાયમી જગ્યા મેળવીને બન્નેએ નરેન્દ્ર ગોંસાઇને તેડાં મોકલવા માંડ્યાં કે, 'અમે પણ જેલનાં કષ્ટોથી કંટાળીને સરકારી સાક્ષી બનવા તૈયાર છીએ. જો તું આવે તો આપણે ત્રણે મસલત કરીને એકસરખી જ જુબાની આપીએ.' નરેન્દ્રને એમ તો થતું જ હતું કે પોતે એકલો સરકારી સાક્ષી બને એટલાથી જ કંઇ વળવાનું નહોતું કોઇકે તેને ટેકો આપવાની જરૂર હતી જ. તેથી જો આ લોકો પણ સરકારી સાક્ષી બની જાય તો પોતાનું કામ સંપૂર્ણ રીતે પાર પડી જાય. આ વિચારણાથી લલચાઇને આખરે નરેન્દ્ર સશસ્ત્ર પોલીસના રક્ષણ હેઠળ સત્યેન્દ્ર અને કન્હાઇને મળવા આવ્યો. અને પછી તો પોલીસને આપવાના સ્ટેટમેંટની રોજ કલાકોના કલાકો તેઓ ત્રણે ચર્ચા કરવા લાગ્યા. નરેન્દ્રને પણ વિશ્વાસ બેઠો અને પોલીસનો પહેરો પણ એથી ધીમેધીમે ઢીલો થયો. એ વાતચીતમાં સત્યેન્દ્રનાથને ખબર પડી કે સપ્ટેમ્બર માસમાં દેવવ્રતબાબુની વિરુદ્ધમાં નરેન્દ્ર સાક્ષી આપવાનો છે; એટલે એ સાક્ષી થાય એ પહેલાં જ કામ પૂરું કરી નાખવાનો તેમણે તથા કન્હાઇએ નિશ્ચય કર્યો.

આખરે ૧૯૦૮ના સપ્ટેમ્બરની ૧લી તારીખ આવી. સવારના ખુશનુમા વાતાવરણમાં હમેશની માફક નરેન્દ્ર ઑસ્પિટલના મેડા પર સત્યેન્દ્રની પથારી પાસે આવીને વાતો કરવા લાગ્યો. તેની સાથે આવેલો હિગીનબૉથામ નામનો યુરેશિયન અંગરક્ષક બેફિકરપણે પાસે ઊભો હતો. શિકાર છટકી ન જાય તે માટે ખિસામાં ભરેલી પિસ્તોલ સાથે બહાર વરંડામાં કન્હાઇ આંટા મારતો હતો. સત્યેન્દ્ર સાથે નરેન્દ્રની વાતચીત ચાલતી હતી એટલામાં જ અચાનક ઑસ્પિટલનો કમ્પાઉન્ડર આવ્યો અને કન્હાઇને પાટા બાંધવા કે એવા જ કોઈ કામ માટે બોલાવીને લઈ ગયો. આવી કટોકટીની પળે ત્યાંથી જવાને માટે કન્હાઇ ખૂબ નારાજ હતો, પણ ગયા વગર ચાલે તેમ નહોતું. જેમ બને તેમ જલદી કામ પતાવીને પાછા આવવાનું ધારી કન્હાઈ તેની સાથે ગયો. એવામાં આ બાજુ વાત કરતાંકરતાં સત્યેન્દ્રનાથે એકાએક ખીસામાં હાથ નાખીને પિસ્તોલ કાઢી અને નરેન્દ્ર સામે તાકીને ધડાક દઈને ગોળી છોડી.

પણ રે કમનસીબ! એ બારનો કેવળ અવાજ જ થયો, પરંતુ ગોળી છૂટી નહિ. તરત સત્યેન્દ્રે બીજો ફાયર કર્યો. પણ આ વખતે પેલો અંગરક્ષક સાવધ બનીને સત્યેન્દ્રને પકડવા ધસ્યો. સત્યેન્દ્રે તેના પર ગોળી છોડી જે તેના હાથને વાગવાથી તે પાછો હઠી ગયો. આ થયું એટલામાં તો નરેન્દ્ર ઊઠીને દાદરો ઊતરીને નાસવા લાગ્યો. પિસ્તોલના અવાજ તથા શોરબકોર સાંભળીને કન્હાઈ દોડતો ત્યાં આવી પહોંચ્યો. જોયું તો શિકાર છટકતો દેખાયો. તરત તેણે નાસતા નરેન્દ્ર ઉપર ગોળી છોડી, જે નરેન્દ્રના પગમાં વાગી. પરંતુ નરેન્દ્ર શરીરે કદાવર હોવાથી પગમાં ઘા થવા છતાં નાસવા લાગ્યો.

હાથમાં ભરેલી પિસ્તોલ સાથે શિકારી ચિત્તાની માફક કન્હાઈ નરેન્દ્રની પાછળ પડ્યો. ઑસ્પિટલને દરવાજે આવી પિસ્તોલ ધરી સંત્રીને પૂછ્યુ, 'બોલ, નરેન્દ્ર કઈ બાજુ ગયો છે?' પ્રાણભયે સંત્રીએ ગભરાઇને આંગળીને ઇશારે નરેન્દ્રના નાસવાની દિશા બતાવી.

કન્હાઈ દોડતો એ બાજુ ગયો. બરાબર એ જ વેળા જેલર, જમાદાર વગેરે અધિકારીઓ જેલમાં રોન મારવા નીકળેલા. તેમને લોહીથી ખરડાએલો ગભરાએલો નરેન્દ્ર સામે મળ્યો. તેને અટકાવીને તેઓ 'શું થયું' વગેરે પૂછવા લાગ્યા. પણ ગભરાઈ ગએલો નરેન્દ્ર કંઈ જ બોલી શક્યો નહિ, અને માત્ર પછવાડે હાથ બતાવી જેમતેમ ગણગણ્યો, 'મને જવા દો, પેલો પાછળ આવે છે.'

એટલામાં તો હાથમાં રિવોલ્વર સાથે કૃતાંત સરખો કન્હાઈ ત્યાં આવી પહોંચ્યો. કન્હાઈની એ ભયંકર મુદ્રા જોતાં જ જેને જેમ ફાવ્યું તેમ નાસી છૂટ્યા. જેલર સાહેબે માંડમાંડ પોતાની બીમ કાય એક બાંકડા પાછળ સંતાડી. જમાદાર જમીન પર સૂઈ ગબડતાગબડતા જેલની ગટરમાં જ જઈ છુપાઇ ગયા! અને આમ રસ્તો મોકળો થઇ ગએલો જોઈ કન્હાઈએ તત્ક્ષણ ગોળી વડે નરેન્દ્રને વીંધી નાખ્યો અને લેશ પણ સંજોગે નરેન્દ્ર બચી ન જાય તે માટે પિસ્તોલની બધી ગોળીઓ ખલાસ થતાં સુધી તેના પર છોડ્યા જ કરી. અંતે ગોળીઓ ખલાસ થઈ ગઈ ત્યારે જ તે જંપ્યો.

નરેન્દ્રને મારીને તેણે જરા પણ નાસવાનો પ્રયત્ન ન કર્યો. હસતોહસતો ત્યાં જ ઊભો રહ્યો અને પોલીસ પકડવા આવી ત્યારે હાથમાંની પિસ્તોલ ફેંકી દઇને પોલીસને તાબે થઈ ગયો. એવામાં ત્યાં આવી પહોંચેલા સત્યેન્દ્રનાથને પણ પકડવામાં આવ્યા.

એ ગોળીબારના અવાજથી તે દિવસે તો ફક્ત અલીપુરની જેલ જ ધણધણી ઊઠી; પણ બીજે દિવસે છાપાંઓ મારફતે જ્યારે આ અજબ હિંમતના સમાચાર દેશભરમાં ફેલાઇ ગયા ત્યારે જનતા સમસ્તે આચકો અનુભવ્યો. 'દેશદ્રોહીનો અંત' એ શીર્ષક હેઠળ છાપાંઓમાં અગ્રલેખ ઝળકવા લાગ્યા. હિંદ અને વિલાયતના અમલદારો તો આ નવા ધડાકાથી બેબાકળા બની દોડાદોડ કરવા લાગ્યા.

બંને જણા પર કેસ ચલાવવામાં આવ્યો. કેસ વખતે મૅજિસ્ટ્રેટે કન્હાઇને પૂછ્યું કે 'જેલમાં પિસ્તોલો તને કયાંથી મળી?' કન્હાઈએ હસતાંહસતાં કહ્યું, 'ખુદીરામનું ભૂત મને પિસ્તોલ આપી ગએલું.' સેશન્સમાં બંનેને ફાંસીની સજા થઇ. સત્યેન્દ્રે તે સામે હાઇકોર્ટમાં અપીલ કરી; પણ કન્હાઇએ તો અપીલ કરવાની ના જ પાડી. તેને જાણે મરવામાં જ આનંદ આવતો હતો. રખે હાઇકોર્ટમાં અપીલ મંજૂર થતાં કદાચ મૃત્યુદેવની ભેટમાં વિક્ષેપ પડી જાય તો!

કન્હાઇને એક જુદી કોટડીમાં પૂરવામાં આવ્યો અને ત્યાં મરણની વાટ જોતો તે ગીતાવાચનમાં દિવસ ગાળવા લાગ્યો. તે વખતે બારીન્દ્ર ઘોષે તેને છૂપી રીતે પુછાવ્યું કે 'એક ગોળી તેં તારે પોતાને માટે કેમ ન રાખી?' કન્હાઈએ વીરતાપૂર્વક જવાબ કહેવડાવ્યો કે, 'વખતે નરેન્દ્ર સહેજમાં બચી જાય તો મારું કર્યું કારવ્યું ધૂળમાં મળે. એવું ન થાય એટલા માટે જ મેં જેટલી ગોળી પિસ્તોલમાં હતી તેટલી તેને મારી. વળી મારી ઇચ્છા પણ હતી કે એકવાર જગતને જાહેર કરું કે મેં જે કર્યું છે તે દેશને ખાતર જ કર્યું છે.'

ફાંસીની સજાની કન્હાઇને ખબર પડ્યા પછી પણ તેની શાંત આનંદી મુદ્રામાં જરા યે ફેર ન પડ્યો. ફલટું ગીતાવાચનના નિષ્કામ સમર્પણના એ દિવસોમાં તેનું વજન ૧૬ રતલ વધ્યું! ફાંસીના ચાર દિવસ પહેલાં જ તે બી. એ. ની પરીક્ષામાં ઊંચા વર્ગમાં પાસ થયાનું પરિણામ બહાર પડ્યું! આ સમાચાર જ્યારે આંખોમાં અશ્રુ સાથે તેના મોટાભાઇએ આપ્યા ત્યારે કન્હાઈ કટાક્ષ કરતો બોલ્યો, 'મારી સાથે મારી ડિગ્રીને પણ ફાંસી આપવી જોઈએ.'

ઇ. ૧૯૦૮ની ૧૦મી નવેમ્બરનો દુઃખદ દિવસ ઊગ્યો. મળસ્કે ચાર વાગ્યે ફાંસી માટે તૈયાર રહેવાનું કહેવા એક પહેરેગીર કન્હાઇ પાસે ગયો. કન્હાઇ તે વખતે ગાઢ નિદ્રામાં હતો! તેને જગાડી ફાંસી માટે તૈયાર થવાનું કહ્યું. પણ કન્હાઈને મન તો માત્ર એક ઊંઘમાંથી





જમણી બાજુ: રાજા રવિવર્માએ આલેખેલું સૌથી પહેલું ચિત્ર—'કૂવાકાંઠે'; ઉપર: 'લાલારૂખ'—એની કથા એવી છે કે ઔરંગઝેબની પુત્રી લાલારૂખનું લગ્ન કાશ્મીરના શાહઝાદા સાથે થયું હતું. લગ્ન પછી તેને કાશ્મીર લઇ જવાને આવેલાં માણસોમાં એક યુવાન કાશ્મીરી ગવૈયો પણ હતો. તે પ્રવાસ દરમ્યાન રોજ સાંજે શાહઝાદીનું મનોરંજન કરવા ગીતો લલકારતો. પણ તેની એ ગીતકથાઓમાં પ્રણયી પાત્રોનાં મિલન અને વિરહનાં રસિક વર્ણનો આવતાં હોવાથી શાહઝાદીનો રખેવાળ સલાદીન બહુ કચવાતો અને ધમકી પણ આપતો કે કાશ્મીર જઇને પોતે તેને શાહઝાદા પાસે સજા કરાવશે. છતાં શાહઝાદીને ગવૈયાની પ્રણયકથાઓ અને ગાનલહરીઓએ એટલી મુગ્ધ કરી કે તેનું મન હરાઇ ગયું. શાહઝાદીએ અંતે નિશ્ચય કર્યો કે પોતે કાશ્મીર જઇને શાહઝાદા આગળ મન ખોલીને પોતાને મુક્ત કરવા માગણી કરવી. કાશ્મીર પહોંચ્યા પછી કાશ્મીરના બગીચાના એકાંતમાં રિવાજ મુજબ શાહઝાદો ફૂલનો બુરખો પહેરીને શાહઝાદીને મળવા આવ્યો. તરત શાહઝાદીએ અશ્રુપૂર્ણ મુખે ગવૈયા પ્રતિનો પોતાનો પ્રેમ જાહેર કર્યો અને શાહઝાદાની સજા માગી લીધી. પણ શાહઝાદાએ બુરખો ખોલતાં જણાયું કે તે પોતે જ ગવૈયો બન્યો હતો અને પોતે શાહઝાદીનો આવો સાચો પ્રેમ મેળવી શક્યો તેથી શુક્રિયા જાહેર કરી. રવિવર્માના ઉપરના ચિત્રમાં લાલારૂખ, ગવૈયા અને સલાદીનનાં પાત્રો કથાને ન્યાય આપતા લાગે છે.

રાજા રવિવર્મા (અનુસંધાન પૃ. ૧૯૫ થી) બા રવિવર્માની પુત્રી થાય. એ રીતે મહારાણી રવિવર્માનાં પૌત્રી થાય. વળી એ સમયના મહારાજા શ્રી વિશાખમતીરૂમલ કળા-સાહિત્યના મહાન પરિપોષક હતા. તેમણે રવિવર્મા માટે મહેલમાં એક કળાગૃહ બાંધી આપ્યું હતું અને બીજી ઘણી સગવડો આપવા ઉપરાંત તેમને પોતાના મિત્રમંડળમાં આદર પણ આપ્યો હતો. અને મહારાજાની સલાહથી રવિવર્મા મદ્રાસ ગયા અને તે વખતના ગવર્નર લૉર્ડ હૉબર્ટને મળ્યા. ગવર્નર પણ તેમનાં ચિત્રો જોઈને મુગ્ધ થઇ ગયો અને એ પૈકીના એક ઉપર તો સુવર્ણ-ચંદ્રક આપ્યો. ત્યાંથી એ ચિત્ર તેમણે વીએના-ના વિશ્વ-પ્રદર્શનમાં મોકલ્યું જ્યાંથી પણ સુવર્ણપદક અને પ્રમાણપત્ર આવ્યું. મહારાજાની પ્રેરણા અને ઉત્સાહથી હવે તેમણે ઉત્તરોત્તર ખૂબ કામ વધાર્યું અને બીજે વરસે સતાર વગાડતી સુંદરીનું ચિત્ર મદ્રાસ પ્રદર્શનમાં મૂક્યું. તે માટે પણ તેમને સુવર્ણચંદ્રક મળ્યો. એ ચિત્ર ઇ. ૧૮૭૫માં પ્રિન્સ ઑવ્ વેલ્સ(પાછળથી રાજા સાતમા એડવર્ડ) હિંદમાં આવ્યા ત્યારે તેમને ભેટ કરવામાં આવ્યું હતું.

ત્યાર પછી તેમણે પુરાણના ચિત્ર-પ્રસંગો આલેખવા માંડ્યા ને તેમાં તેમણે સૌથી પહેલું 'શકુન્તલા-પત્રલેખન' ચીતર્યું. ઇ. ૧૮૭૮માં તે પર ગવર્નર જનરલનો સુવર્ણ-ચંદ્રક તેમને મળ્યો. બીજે વર્ષે હિંદ સરકારના સરકારી મહેલ માટે ડ્યૂક ઑવ બકિંગહામની તસ્વીર તેમના હાથે થઇ, અને ત્યાં, યુરોપના બીજા અનેક ચિત્રકારોની તસ્વીરો વચ્ચે રવિવર્માનું એ ચિત્ર ઝળકી ઊઠ્યું.

એ પછી રવિવર્માએ મહારાજાની ઇચ્છાથી સીતા-ભૂમિપ્રવેશનું ચિત્ર કર્યું. સર ટી. માધવરાવે તે સુંદર ચિત્ર જોયું કે તરત ખરીદી લીધું તે પછી તે પૂનાના પ્રદર્શનમાં રજૂ થયું અને ૧૮૮૦નો ગાયકવાડ સરકારનો સુવર્ણચંદ્રક જીતી ગયું. મુંબાઈના ગવર્નર સર જેમ્સ ફર્ગ્યુંસનને પણ તે ઘણું ગમી ગયું અને તેની માગણી કરી, પણ તે સર ટી. મ.ધવરાવની અંગત માલિકીનું હતું, એટલે રવિવર્માએ તેમને બીજી નકલ કરી આપી. ગવર્નરે રવિવર્માને બીજી ઘણી ભેટો આપી.

ઈ. ૧૮૮૫માં મ્હૈસુરના મહારાજાએ પોતાના મહેલમાં કેટલાંક ચિત્રો કરવા રવિવર્માને આમંત્રણ આપ્યું. ને તે સાથે રાજકુટુંબની



'સીતા–ભૂમિપ્રવેશ': કથા-પ્રસંગોના ચિત્રોમાં રાજા રવિવર્મા જે નાટ્યછટા લાવતા તે દર્શાવતું વડોદરારાજમહેલ માટે કરેલું તેમનું ચિત્ર

પણ કેટલીક તસ્વીરો કરાવી. એ જ પ્રમાણે ૧૮૮૮માં વડોદરા-નરેશ શ્રીમંત સયાજીરાવે પણ પોતાના દરબારમાં તેમને બોલાવ્યા. ત્યાં તે બે વર્ષ સુધી રહ્યા, જે દરમ્યાન તેમણે ૧૪ જેટલાં પુરાણ-પ્રસંગોનાં ચિત્રો અને કેટલીક તસ્વીરો કરી.

એ ચૌદ ચિત્રો મુંબાઇમાં પ્રદર્શિત થયાં અને પારાવાર પ્રશંસા પામ્યાં. અનેક શ્રીમંતોએ તેની નકલો મેળવવા આગ્રહ બતાવ્યો. એ માગણી પૂરી કરવા સર ટી. માધવરાવે રવિવર્માને એ ચિત્રો ઉચ્ચ મુદ્રણપદ્ધતિથી છપાવવાની સૂચના કરી અને થોડાં ચૂંટેલાં ચિત્રો યુરોપ મોકલવા ભલામણ કરી. પણ મુંબાઈના ખટાઉ શેઠોએ જ એ સાહસ ઉપાડી લીધું. દસ લાખ રૂપિયા જેટલી મૂડીથી તેમણે હિંદમાં જ 'રવિવર્મા પ્રેસ'નો પાયો નાખ્યો અને બે જર્મન લીથો-ગ્રાફરોને મોટા પગારે બોલાવી ચિત્રો છાપી પ્રસિદ્ધ કરવા માંડયાં. ૧૮૯૨માં આ યોજના શરૂ થઈ અને થોડા વખતમાં તો આખા હિંદુસ્તાનને રવિવર્માનાં 'શંકુન્તલા-પત્રલેખન', 'મોહિની' વગેરે ચિત્રોની મોટા કદની સરસ છપાઇની છબિઓ સુપ્રાપ્ય બની. એ વખતે બજારમાં માત્ર યુરોપની હલકી કલાની છબિઓ વેચાતી અથવા તો પૂનાથી કેટલાંક ધાર્મિક ચિત્રો છપાઈ આવતાં. પણ તેમાં આકર્ષણ કે ઊંચી અભિરુચી બિલકુલ નહોતાં. આથી રવિવર્માનાં સુંદર ચિત્રોએ એકદમ લોકાકર્ષણ કર્યું અને આથી તેમના પર છાપખાનાને કામ પૂરું પાડવાનો બોજો પણ ઘણો વધી ગયો.

ઈ. ૧૮૯૨માં એલેપ્પીના દ્વારા નામના એક યુરોપીઅને રવિવર્માનાં દસ ચિત્રો અમેરિકાના શિકાગો-વિશ્વપ્રદર્શનમાં મોકલી આપ્યાં. ત્યાંનાં પત્રોમાં તેની સરસ નોંધો લેવાઈ અને કલાવિવેચકોએ ખૂબ પ્રસન્નતા બતાવી. ત્યાં તેમને બે ચાંદ અને ડિપ્લોમાનું પારિતોષિક પણ મળ્યું. હિંદનાં પત્રોએ પણ આ માટે તેમને જ્વલંત અભિનંદન આપ્યાં. તે પછી ૧૯૦૦માં લૉર્ડ કર્ઝન જ્યારે ત્રિવેંદ્રમ ગયા ત્યારે તેમણે પણ રવિવર્માનું કામ જોઇ તેમનું ખૂબ અભિવાદન કર્યું હતું. થોડા સમય પછી ઉદયપુરના મહારાણાએ તેમને તેડાવ્યા અને પોતાની તેમજ પોતાના પૂર્વજોની તસ્વીરો તેમની પાસે કરાવી. એમાં મહારાણા પ્રતાપનું સુપ્રસિદ્ધ ચિત્ર પણ છે.

ઇ. ૧૯૦૪માં રવિવર્માને સરકાર તરફની કદર તરીકે 'કૈસરે હિંદ'નો ઈલ્કાબ મળ્યો. હિંદમાં એક કલાકારને આવું ઊંચું માન સૌ પ્રથમવાર જ મળ્યું હતું. પ્રિન્સ ઑવ્ વેલ્સ મ્હૈસુર આવ્યા ત્યારે તેમના રસાલા સાથે શિકારમાર્ગમાં પણ રવિવર્માને આમંત્રણ મળ્યું હતું, અને તે વેળા તેમણે જંગલોમાંથી શિકારનાં કેટલાંક ચિત્રો કર્યાં હતાં. તે વખતે યુરોપથી આવેલા ચિત્રકારો હિંદના એ કલાકારની એમાંની અદ્‌ભુત શક્તિ જોઈ આશ્ચર્ય પામ્યા હતા. આમ, રવિવર્માના કામની યશગણત્રી કરવા બેસીએ તો બહુ વિસ્તૃત બની જાય એવી છે. તેમના સમયના સર્વ કલારસિકો, વિદ્વાનો, પંડિતો અને શાસકો એકમુખે અને સાચા દિલથી તેમની પ્રશસ્તિ કરતા.

રવિવર્માની અવલોકનશક્તિ સંપૂર્ણ હતી. પ્રત્યેક પ્રસંગે તે નવી-નવી દૃષ્ટિથી નોંધ કરતા, તેમજ એમની સ્મૃતિમાં પણ ઘણી વિગતો ઠરતી. તેમનાં ચિત્રો અત્યંત મીઠાશવાળાં અને સ્નેહભાવથી ભરેલાં બનતાં; ને પોતાની અભિજાત કેળવણી, સંસ્કાર, સદુદ્યોગ ને પ્રતિભાથી તેઓ એટલા તો આગળ વધ્યા હતા કે તેમના યુગમાં તેમની બરોબરીમાં ઊભા રહેનાર કોઈ જ નહોતા. હિંદના સંસ્કૃત સાહિત્ય-નાં નાયક-નાયિકાઓ અને વીર પાત્રોને ચિત્ર મારફત તેમણે હિંદુ-ઘરોમાં પ્રતિષ્ઠા અપાવી, અને તેમની કલમ એટલી લોકપ્રિય થઈ ગઈ કે રવિવર્માનું નામ એ ચિત્રકળાનું સૂચક સ્મરણ બની ગયું.


શરૂશરૂમાં રવિવર્મા તૈલી રંગોથી ચિત્રો કરતા, પણ પાછળના સમયમાં જલરંગના પ્રયોગો કરી તેમાં પણ તેમણે પ્રવીણતા બતાવી હતી. ચિત્રો મુખ્યત્વે સૌંદર્યપ્રધાન હોવાં જોઇએ એ તેમનો આદર્શ હતો અને તેથી પુરાણો તેમજ સંસ્કૃત સાહિત્યનાં ઘણાં રસિક પાત્રો અને પ્રસંગો તેમણે પોતાનાં ચિત્રોમાં ઉતાર્યાં હતાં. મત્સ્યગંધા-શાન્તનુ, મદાલસા-ઋતુધ્વજ, અર્જુન-સુભદ્રા, કચ-દેવયાની, વિશ્વામિત્ર-મેનકા, ઉર્વશી-પુરુરવા વગેરે યુગલોનાં અત્યંત રસભર ચિત્રો તેમણે પ્રજાને આપ્યાં અને આપણી સાહિત્યપરંપરાની રસવૃત્તિને લોકમાનસમાં સ્થાપિત કરી. તેમણે ચીતરેલી દેવદેવીઓની છબિઓ તો પૂજામાં પણ પ્રતિષ્ઠિત થઇ છે અને તે પૈકી કેટલીક શિલ્પીઓના પથ્થરમાં પણ અવતાર પામી છે. તેમાં યે તેમનાં લક્ષ્મી અને સરસ્વતી તો ઘરેઘરમાં શુકન બન્યાં છે.

આમ, જનસમાજમાં તેમની કળા બહોળો વિસ્તાર પામતાં મુંબાઇના રવિવર્મા લીથો પ્રેસે કાઢેલી જર્મન કારીગરોની મોટી હૂબહૂ છબિઓ તો ઘણો પ્રચાર પામી જ; પણ તે ઉપરાંત જનસામાન્યને પોસાય તેવી નાની છબિઓની માગણી થતાં એ પ્રેસે નાની છબિઓ પણ કરવા માંડી. તેમાં જોકે મૂળ કળાનું સંપૂર્ણ સ્વરૂપ જળવાયું નથી. પણ રાજમહેલો ને મહાલયોમાં સચવાઇ રહેલાં મૂળ ચિત્રો જોવા મળે તો આજે પણ તે એટલાં જ તેજસ્વી ને ભાવપૂર્ણ લાગે છે.

એ કાળે રવિવર્મા હિંદના તમામ ઊગતા ચિત્રકારોનો આદર્શ બન્યા હતા. બંગાળ-શૈલીના પ્રધાન પ્રણેતા શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર તથા નંદલાલ બસુ જેવા પીઢ ચિત્રકારોએ પણ નાનપણમાં રવિવર્માનાં ચિત્રો પરથી જ ચીતરવાની શરૂઆત કરેલી. 'મૉડર્ન રીવ્યુ' જેવું પ્રગતિવાન સંસ્કાર-પત્ર પણ આરંભમાં થોડા વખત સુધી રવિવર્માનાં રંગચિત્રો પ્રથમ પૃષ્ઠ પર પ્રકટ કરતું. પાછળથી બંગાળની આદર્શવાદી અને કલ્પનાપ્રધાન શૈલીએ નવાં સ્વરૂપોને જન્મ આપ્યો. તે પછી તો રવિવર્માની કળા પર ઘણા આક્ષેપો અને વિરોધો પણ દર્શાવવામાં આવ્યા છે. છતાં રવિવર્મા તેમની વાસ્તવદર્શી કળા માટે તો અજોડ સ્થાને રહ્યા છે. અને ભારતના આકાશમાં તો તે એક પ્રકાશવાન સિતારો જ ગણાશે.

રવિવર્માનું ચિત્રગૃહ પૂર્ણ સજાવટવાળું હતું. પોતાનાં ચિત્રો-માંનાં વસ્ત્રો તથા અલંકારો સ્થિરતાથી ચીતરવા માટે આધારભૂત લાકડાની માનવ આકૃતિનો તે ઉપયોગ કરતા. (અનુ૦ પૃ. ૨૨૭મે)

અનુસંધાન પાછળના પાનાથી



જગતનું દેશવાર જસતનું ઉત્પાદન. આંકડાઓ હજાર ટન માટે મૂકેલા છે. ૧૯૩૪-૩૮માં જસતનું દુનિયાનું ઉત્પાદન ૧૬,૬૬,૦૦૦ ટન હતું.

છે. છાપકામમાં ચિત્રોના બ્લૉક જસતનાં પતરાં પર તૈયાર કરવામાં આવે છે. મોટર ઉદ્યોગમાં કાર્બ્યુરેટર, રૅડીએટર ને હબના ઢાંકણાં આદિ તેનાં જ બને છે. જસતની ધાતુનો ઝીણો ભૂકો રસાયન-ઉત્પાદક ઉદ્યોગોમાં ને રંગની બનાવટમાં ઘણો ઉપયોગી છે.

જસતના ક્ષારો અનેકવિધ રીતે ઉપયોગી છે. ખાસ કરીને દવામાં તેમનો સારો ઉપયોગ થાય છે. ઝિંક ઑક્સાઈડ ગૂમડાં મટાડવા માટે ઉપયોગી છે. એક ભાગ ઝિંક ઑક્સાઇડ, એક ભાગ બોરિક પાઉડર અને મેંદા(starch)નું મિશ્રણ કરી પાણીમાં કાલવી ગૂમડાં પર ચોપડવાથી તે મટી જાય છે. ઝિંક સલ્ફેટનું પાણી પણ જંતુ-વિનાશક હોઇ માથાનાં ગૂમડાં મટાડવા માટે ચોપડવામાં આવે છે. વળી રંગવાની ક્રિયામાં તેનો ઉપયોગ 'મોર્ડન્ટ' તરીકે થાય છે. ઝિંક ક્લોરાઇડ લાકડું સડતું અટકાવે છે. ઝિંક સલ્ફાઈડ 'લીથોફોન'ની બનાવટમાં પુષ્કળ વપરાય છે. લીથોફોન એ ૭૦ટકા બેરિયમ સલ્ફેટ અને ૩૦ ટકા ઝિંક સલ્ફાઇડનું મિશ્રણ છે. તે સફેદ રંગ તરીકે વપરાવા ઉપરાંત રબર, કાગળ, મીણ, કાપડ વગેરેની બનાવટમાં પૂરક (filler) તરીકે પણ ઉપયોગમાં આવે છે. ઝિંક ક્લોરાઈડ, ઝિંક ઑક્સાઇડ અને બારીક કાચનો ભૂકો મેળવવાથી ઉત્પન્ન થતું મિશ્રણ સીમેન્ટની માફક થોડા વખતમાં સખત થઈ જાય છે. આનો ઉપયોગ દાંતના દાક્તરો દાંત પડતો અટકાવવા(dental stopping) માટે કરે છે.

મીઠાના તેજાબમાં જસત ઓગાળીને બનાવેલું દ્રાવણ રેણ કરવા માટે ફ્લકસ તરીકે ઉપયોગમાં લેવાય છે. ગરમ ઝિંક ક્લોરાઈડના દ્રાવણમાં રૂ અને એવા બીજા સેલ્યુલોઝના પદાર્થો ઓગળી જાય છે. આ દ્રાવણને ચાળણીદ્વારા દારૂમાં રેડવામાં આવે તો સેલ્યુલોઝના તાંતણા બને છે. આ તાંતણાઓને ગરમ કરવાથી કાર્બન રહે છે, જે વીજળીની બત્તીઓમાં કાર્બન ફીલામેન્ટ તરીકે વપરાય છે. આ ઉપરાંત ઝિંક ક્લોરાઇડ કાપડની મીલોમાં પણ પુષ્કળ વપરાય છે. ઝિંક સલ્ફાઇડને સખત ગરમ કરવાથી તેનામાં અંધારામાં ચળકવાનો ગુણ આવે છે અને તેનો ઉપયોગ ક્ષ-કિરણો માટે ચળકતા પડદા બનાવવા માટે કરવામાં આવે છે. રેડિયમ ડાયલ વાળી ઘડિયાળોમાં પણ આ પદાર્થ વડે આંકડાને ચીતરવામાં આવે છે, જેથી રાત્રે પણ તે ચળકયા કરે છે. આ ઉપરાંત ચળકાટવાળા રંગ બનાવવા માટે પણ તે વપરાય છે. આવા વિવિધ રંગ બનાવવા માટે જુદાજુદા પદાર્થો ઉપયોગમાં લેવાય છે. દાખલા તરીકે ચકચકતો વાદળી રંગ નીચે મુજબ તૈયાર કરાય છે: ચૂનો: ૨૦ ગ્રામ, બેરિયમ હાઈડ્રોક્સાઈડ : ૨૦, ગંધક : ૬, પોટાશિયમ સલ્ફેટ : ૧, સોડિયમ સલ્ફેટ : ૧, લીથિયમ કાર્બોનેટ : ૨, મેંદો(સ્ટાર્ચ) : ૨. આ મિશ્રણને ગરમ કરી તેનો ભૂકો કરી નાખવો. પછી બિસ્મથ નાઇટ્રેટના દારૂના ૦.૫ ટકા દ્રાવણના બે સી.સી. અને રૂબીડિયમ નાઈટ્રેટના ૧ ટકા દ્રાવણના બે સી. સી. સાથે ઉપરના ભૂકાને ભીંજવી ફરી ગરમ કરવું. (બધાં વજન ગ્રામમાં આપેલાં છે.)


આપણા રોજના વપરાશની અનેક ઉપયોગી મિશ્ર ધાતુઓની બનાવટમાં જસતનો વ્યાપક ઉપયોગ થાય છે. જસતમય મિશ્ર ધાતુઓમાં સૌ પહેલું પિત્તળ આવે છે. જસતની કુલ વપરાશનો મોટો ભાગ આ પિત્તળની બનાવટમાં જ વપરાય છે. ત્રાંબું અને જસત મેળવવાથી પિત્તળ થાય છે એ તો ઘણા જાણતા હશે. કારટ્રિજ-પિત્તળમાં ૭૦ ભાગ ત્રાંબું અને ૩૦ ભાગ જસત હોય છે. પિત્તળનાં પતરાંમાં ૨ ભાગ ત્રાંબું અને ૧ ભાગ જસત હોય છે. ઢાળામાં વપરાતા પિત્તળમાં ૨૭ જસત, ૨ સીસું અને ૧ કલઈ હોય છે. મુંઝ-મેટલમાં ૬૦-૬૨ ત્રાંબું અને બાકીનું જસત હોય છે. ૧.૫થી ૨ ટકા સીસાવાળું પિત્તળ મશીનમાં સારું કામ આપે છે. બારીની ફ્રેમમાં વપરાતા પિત્તળમાં ૨ ટકા મૅંગેનીઝ નાખેલું હોય છે જેથી ખૂબ ઘેરો રંગ પેદા થાય છે. આઇશ મેટલમાં ૬૦ ત્રાંબું, ૨ લોઢું અને ૩૮ જસત હોય છે. સ્ટેરો મેટલમાં લોઢાનું પ્રમાણ વધારે હોય છે. નિકલવાળું પિત્તળ પણ બનાવાય છે અને તે ખૂબ મજબૂત હોય છે. ઓછા પ્રમાણમાં જસતવાળી મિશ્ર ધાતુઓમાં ગિલ્ડિંગ મેટલ (૩-૮ ભાગ જસત), તોમ્બાક (૧૦-૧૮ ભાગ જસત) અને પીન્ચબૅક(૭-૧૧ ભાગ જસત)નો ખાસ ઉલ્લેખ કરવો ઘટે છે. છેલ્લી બે મિશ્ર ધાતુઓનો રંગ અનુક્રમે સોના જેવો અને ઘેરો સોનેરી છે.

ધાતુઓ અને મિશ્ર ધાતુઓની આંતરિક રચનાનો અભ્યાસ એ ધાતુવિદ્યાનું એક અગત્યનું અંગ છે. ધાતુઓનો અભ્યાસ એટલે કેટલાંયે વિજ્ઞાનોનો વ્યવહારુ ઉપયોગ. ખનીજની ઉત્પત્તિ સમજવા માટે ભૂસ્તરવિદ્યાનો, ખનીજમાંથી ધાતુ કાઢવા માટે ધાતુવિદ્યાનો અને તે માટે કઈ પ્રક્રિયા કરવી તથા કાઢેલી ધાતુઓનું શુદ્ધીકરણ કેમ કરવું તે જાણવા માટે રસાયનવિદ્યાનો ઉપયોગ કરવો પડે છે.

જીવ-રાસાયનિક ક્રિયાઓમાં જસત કોઇ અગત્યનો ભાગ લેતું લાગતું નથી. જોકે આપણા શરીરના કોષોમાં જસતના કાર્બનિક પદાર્થો અતિ અલ્પ અંશમાં માલૂમ પડે છે. એ નોંધવું જોઇએ કે સર્પના ઝેરમાં ૦.૧૧થી૦.૫૬ ટકા જસતના સંયુક્ત પદાર્થો હોય છે.


કસોટીના જવાબો

(૧) જૂની કિંમત ૧ આનાની ૩ અને નવી કિંમત ૧ આનાની ૪;



(૨) ચિત્રમાં બતાવ્યા પ્રમાણે. (૩) પહેલાં બે પૂરીઓ તળવા મૂકો. ૩૦ સેકન્ડ પછી ૧ નંબરની પૂરીને બીજી બાજુએ ફેરવો અને બે નંબરની પૂરીને બહાર કાઢી ત્રણ નંબરની પૂરી અંદર મૂકો. બીજી ૩૦ સેકન્ડ પછી ૧ નંબરની પૂરી જે તૈયાર થઇ ગઈ હશે તેને બહાર કાઢી લો, ત્રણ નંબરની પૂરીને બીજી બાજુએ ફેરવો અને બે નંબરની પૂરીને ફરીથી બીજી બાજુ તળવા માટે અંદર મૂકો. કુલ ૯૦ સેકન્ડ લાગશે. (૪) અ: આ રીતે ૪૪ જેનો અર્થ થાય ૪×૪×૪×૪=૨૫૬. બ: ૫, ૨૦, ૮, ૧૨. (૫) તેણે બીજા નંબરનો પ્યાલો ઉપાડી પાંચમા નંબરના પ્યાલામાં રેડી દઇ પાછો ઠેકાણે મૂકી દીધો. (૬) કારણ તેને સ્વપ્નું આવ્યું એટલે સાબિત થયું કે રાત્રે ચોકી કરવાને બદલે તે ઊંઘતો જ હતો. અને નોકરી કરવાને બદલે ઊંઘતા ચોકીદારને કોણ રાખે ? (૭) (ક) Union of Socialist Soviet Republics (ખ) ઉત્તર પૅસિફિક, દક્ષિણ પૅસિફિક, ઉત્તર આટલાંટિક, દક્ષિણ આટલાંટિક, હિંદી મહાસાગર, આર્કટિક સમુદ્ર અને એન્ટાર્કટિક સમુદ્ર. (ગ) હોલંડ (ઘ) ઇ. સ. પૂર્વે પ૦૦ વર્ષમાં. (ચ) હા (છ) બુદ્ધ. (જ) ઈન્ડિયન ઓપિનિયન (આફ્રિકામાં), યંગ ઇંડિયા. નવજીવન અને હરિજન.

જસત ઉ. છાપરાનાં પતરાંથી માંડીને રંગો, દવાઓ, ચિત્રો છાપવાના બ્લૉકો, પિત્તળનાં વાસણો, ગૅલ્વેનાઇઝિંગ કાર્ય ઇત્યાદિ



અસંખ્ય રોજિંદી ક્રિયાઓ તથા વસ્તુઓમાં વપરાતી, લોઢા પછી બીજા નંબરની વ્યાપક ધાતુ

લેખક ડૉ. નરસિંહ મૂ. શાહ
એમ. એસસી. પીએચ. ડી.

ચડતા આણુવજન પ્રમાણે મૂળ તત્ત્વોને ગોઠવીએ તો સરખા ગુણધર્મવાળા તત્ત્વોના આઠ સમૂહ બની જાય છે. આ રચનાને પર્યાવર્તક કોષ્ટક(periodic table) કહે છે અને તે શોધવાનું માન રશિયન વિજ્ઞાની મેન્ડેલીફને જાય છે. આ કોષ્ટકના પ્રથમ સમૂહમાં આવતા સોડિયમ, પોટાશિયમ વગેરે તત્ત્વો વિષેનું વર્ણન આ લેખમાળાના અગાઉના હપ્તાઓમાં આવી ગયું છે. હવે બીજા સમૂહમાંથી ઉપયોગી તત્ત્વો લઈએ.

બીજા સમૂહનાં બધાં તત્ત્વો ધાતુઓ છે. આ ધાતુઓના બે વિભાગ કરવામાં આવ્યા છે. એક વિભાગમાં બેરીલિયમ, મૅગ્નેશિયમ, કૅલ્શિયમ, બેરિયમ, સ્ટ્રોન્શિયમ અને રેડિયમ ધાતુઓનો સમાવેશ થાય છે; બીજામાં, જસત, કૅડમિયમ અને પારો આવે છે. જસતને અંગ્રેજીમાં ઝિન્ક (zinc) કહે છે.

જસત સંબંધે જૂના ઉલ્લેખ ઘણા મળી આવે છે. ઈ. સ. પૂર્વે ૬૫૦ના પ્રાચીન આસીરિયાના શિલાલેખોના અવશેષોમાંથી જસતના ખનીજ સંબંધી નોંધ મળે છે. ત્રાંબામાંથી પિત્તળ બનાવવા માટે આ જ ખનીજ વપરાતું. એ ક્રિયામાં રાતા રંગના ત્રાંબામાંથી જસતની મદદ વડે પીળા રંગનું પિત્તળ પેદા થતું એટલે જસતના ખનીજને કીમિયાગરો 'પારસમણિ' તરીકે ગણતા !

પણ એક ધાતુ તરીકેનું જસતને નિરાળું અસ્તિત્વ ઈ ૧૬૬૫માં મળ્યું; અને તે પછી પણ તેના ખનીજમાંથી ધાતુ કાઢવાની શરૂઆત તો છેક ૧૭૩૦માં થઈ. રૂપાના રંગ સાથે જસતનો રંગ મળતો આવે છે, એટલે તે સમયે તે 'બનાવટી રૂપું'(mock silver) તરીકે પણ ઓળખાતું. જૂના રાસાયનિક સાહિત્યમાં જસત માટે 'સ્પેલ્ટર' શબ્દ વપરાતો, અને હજી પણ અશુદ્ધ જસતને 'સ્પેલ્ટર' જ કહેવામાં આવે છે. તેમાં ૯૭–૯૮ ટકા જસત અને બાકી સીસું, લોઢું, સોમલ ઈત્યાદિ અશુદ્ધિઓ હોય છે.

ચીનમાં તો જસત કાઢવાની ક્રિયાનું જ્ઞાન જૂના કાળથી પ્રચલિત હતું. હિંદુસ્તાનમાં જસતના ખનીજ નીકળતા નથી. રજપુતાનાની ત્રાંબાની ખાણો ચાલતી ત્યારે ત્યાં કાંસું બનાવાતું ખરું, પણ પિત્તળની બનાવટ સંબંધી કાંઈ ઉલ્લેખ મળતો નથી. પરંતુ બ્રહ્મદેશમાં જસતના પુષ્કળ ખનીજ નીકળે છે.

બીજી ધાતુઓની માફક જસત પણ શુદ્ધ સ્વરૂપમાં મળી આવતું નથી, પણ ખનીજ સાથે સંયુક્ત અવસ્થામાં મળી આવે છે. જસતના ખનીજમાંથી ધાતુ કાઢવાની રીત સાદી છે. તેના ખનીજને હવાની હાજરીમાં ભૂંજવાથી જસતનો ઑકસાઇડ બનેછે,ને આ ઑકસાઇડને કોલસાની ભૂકી સાથે મેળવીને ગરમ કરવાથી જસત જુદું પડે છે. (જુઓ મથાળા પરનું ચિત્ર) પરંતુ છેલ્લા દશકામાં વીજળી વડે જસત કાઢવાની રીત વિશેષ પ્રચલિત થતી જાય છે. તેમાં જસતના ઑકસાઇડને ગંધકનાં તેજાબમાં ઓગાળીને વીજળીનો પ્રવાહ પસાર કરવામાં આવે છે જેથી જસત એક બાજુ એકઠું થાય છે. આ પદ્ધતિનો ફાયદો એ છે કે તેમાં વિશેષ શુદ્ધ જસત પેદા થાય છે. જગતના જસતના ઉત્પાદનનો અરધો ભાગ આ જ પદ્ધતિથી પેદા થાય છે.

જસતના સ્ફટિકો ષટ્કોણી પ્રીઝમ આકારના હોય છે અને તેમનો રંગ વાદળિયો સફેદ હોય છે. તે ૪૨૦ ડિગ્રી સેન્ટીગ્રેડે પ્રવાહી બને છે અને ૯૦૭ ડિગ્રીએ ઊકળે છે. ભેજવાળી હવામાં જસતનું તેજ ઓછું થાય છે. જસતના વાસણમાં પાણી ભરી રાખવાથી જસત પાણીમાં ઓગળે છે. જસતનાં પતરાં બનાવવા તેને ૧૦૦-૧૫૦ ડિગ્રીએ ગરમ કરીને રોલ કરવામાં આવે છે.

એક સૈકા પૂર્વે જસતનો ઉપયોગ તદ્દન નજીવો હતો. તે કાળે થોડુંઘણું જસત માત્ર પિત્તળની બનાવટમાં વપરાતું. જસતનું ખનીજ તો સીસાની સાથેસાથ નીકળે છે, પણ એ કાળે જસતનો ખાસ ઉપયોગ નહિ હોવાથી જસત-ખનીજને નકામું ગણી કાઢી નાખવામાં આવતું. આમ, સીસાની ખાણવાળાને તેનો (જસતના ખનીજનો) કેવી રીતે ઉપયોગ કરવો એ એક પ્રશ્ન થઇ પડતો. જસતના ખનીજનું અંગ્રેજી નામ 'સ્ફાલેરાઇટ' યા 'બ્લેન્ડ' આ જ કારણે પડયું હોવું જોઇએ, કારણ તેનો અર્થ થાય છે છેતરપીંડીવાળું.

પરંતુ ઓગણીસમી સદીના અંતમાં પરિસ્થિતિ બદલાવા લાગી. વિકાસ પામતા વીજળિક ઉદ્યોગને પિત્તળની ખૂબ જરૂર પડવા લાગી, એટલું જ નહિ પણ ઢાળા પાડવા માટે તેનો ખપ ખૂબ થવા લાગ્યો. એ અરસામાં એવી પણ શોધ થઈ કે જસતનો ઑકસાઈડ સફેદ રંગની બનાવટમાં ખૂબ ઉપયોગી છે. વળી કાટ ન ખાય એવાં વાસણો પણ જસતનાં પતરાંમાંથી બનાવવામાં આવવા લાગ્યાં. આપણી જેલોમાં કેદીઓને જસતનાં જ વાસણો આપવામાં આવે છે.

પણ જસતનો સૌથી વિશેષ ધ્યાન ખેંચે એવો ઉપયોગ તો લોઢાનાં પતરાંને જસતનો પટ લગાડવાની ક્રિયા—જે 'ગૅલ્વેનાઇઝિંગ' કહેવાય છે તે. શરૂમાં લોઢા પર જસત ચોંટાડવા માટે વીજળીનો ઉપયોગ કરવો પડતો. પણ પછી એમાં સુધારો થતાં વીજળીનો ઉપયોગ બિનજરૂરી નીવડ્યો ને ઓગાળેલા જસતમાં સારીરીતે સાફ કરેલો લોઢાનો સામાન બોળવાની રીત અસ્તિત્વમાં આવી. આધુનિક ઉદ્યોગમાં તો લોઢાને જસતની વરાળમાં ધરવાથી જ જસતનો પટ લાગી જાય છે. આ 'ગૅલ્વેનાઇઝિંગ'ની ક્રિયાનો મોટો ફાયદો એ છે કે તેથી લોઢું કાટ ખાતું નથી અને લાંબો વખત ટકે છે. આજકાલ આ રક્ષણાત્મક ગૅલ્વેનાઇઝિંગ ખૂબ વ્યાપક થઇ ગયું છેઃ ખીલા, સ્ક્રૂ, સાંકળો, પાઇપો, બોલ્ટ, તાર ઈત્યાદિ અનેકવિધ લોઢાના સામાનને જસતનો પટ લગાવીને ગૅલ્વેનાઈઝ કરવામાં આવે છે.

જસતનાં પતરાંમાંથી કાચની બરણી, બાટલી વગેરેનાં ઢાંકણાં આદિ ઘણી વસ્તુઓ બનાવાય છે. વીજળીના સેલ, બૅટરી ઇત્યાદિની બનાવટમાં જસત ઋણ ધ્રુવ (નેગેટિવ પોલ) તરીકે ઉપયોગમાં આવે

૫૧૫૫

Our Friends Abroad

જગતસંપર્ક સાધતો પત્રમિત્ર વિભાગ

[આ પત્ર મેળવનાર : શ્રી ભાનુકુમાર નાયક, ૧૭-૨૧, ભાંગવાડી, કાલબાદેવી, મુંબાઇ-૨]

Barbara Hagman
C/o Dahl, Storgaton 39,
TRANAS (Sweden) 14th April 1948

પ્રિય ભાનુકુમાર,


એકંક દિવસ પર મળેલા તમારા પત્ર માટે તમારો ઘણો આભાર. હિંદથી સ્વીડન પત્ર આવતાં ખાસ્સો મહિનો નીકળી જાય છે. તમારો પત્ર પણ ઘણો રસપ્રદ હતો. મને ભય છે કે હું એવું સારું લખી શકીશ નહિ. જોકે હું પ્રયત્ન તો કરીશ જ. અને તમે જાણો છો કે હું કંઈ (તમારી માફક) પત્રકાર નથી. ગઈ વખતના કાગળમાં મેં તમને શું લખેલું એ હું સાવ ભૂલી ગઇ છું. તેથી જો આ વખતે કેટલીક બાબતો ફરી લખાઈ જાય તો મને માફ કરશો.

તમારી માફક મને પણ સાહિત્યમાં ઘણો રસ છે અને મારી શાળાના પુસ્તકાલયની હું ગ્રંથપાલ પણ છું. પણ એ કંઇ ભારે વાત નથી. બધા છોકરાઓની માફક તમને પણ રાજકારણમાં રસ હોય એ સ્વાભાવિક છે. મને તો જોકે એમાં બહુ રસ નથી; પણ જ્યાં બધા જ તેની વાતચીત કરતા હોય ત્યાં ઈચ્છા-અનિચ્છાએ પણ એ સાંભળવી જ પડે છે. હમણાં અહીં રશિયનો ચડી આવવાનો ઘણાં ભય રાખે છે. હું તો એવો વિચાર પણ સહન કરી શકતી નથી. અમે ઘણી સુખી પ્રજા છીએ એ તમે જાણો છો, અને છેલ્લાં ૧૩૪ વર્ષમાં અમારા દેશમાં એક પણ યુદ્ધ થયું નથી! પણ અમારે કદાચ બીજી અનેક વસ્તુઓ નવી શીખવાની છે.

શાળાનું આ મારું છેલ્લું વર્ષ છે અને મેના અંતમાં પરીક્ષા થવાની છે. હું ભણવામાં બહુ હોશિયાર નહિ હોવાથી પરીક્ષાનો વિચાર આવતાં જ મને ગભરામણ થાય છે. અંગ્રેજીનો અભ્યાસ મેં ચાર વર્ષ સુધી કર્યો છે અને શાળાના અભ્યાસ દરમ્યાન જર્મન પણ હું શીખી છું. પણ મને જર્મન ભાષા ગમતી નથી.

હું અતિ નાનકડા ગામમાં રહું છું. તેની વસતિ ફક્ત ૯૦૦૦ની છે તે કેવું દેખાય છે એનો ખ્યાલ મેં તમને આ સાથે મોકલેલા ફોટા પરથી આવશે. થોડા સમય પહેલાં જ તે વસેલું હોઇ તેનો મુખ્ય ઉદ્યોગ ફર(સુંવાળાં રૂવાંનાં ચામડાં) કમાવવાનો છે.

દર ઉનાળે હું સ્ટૉકહોમ(સ્વીડનના પાટનગર) જાઉં છું. એ જોકે બહુ મોટું નથી પણ અત્યંત રળિયામણું છે. આવતી પાનખરમાં હું ત્યાંની શાળામાં જવાની છું અને મને ચિત્રકળાનો ઘણો શૉખ છે, તેથી ત્યાં જઇને તે હું શીખવાની છું. આખા સ્વીડનમાં માત્ર બે જ ચિત્રશાળાઓ છે: એક સ્ટૉકહોમમાં અને બીજી ગોટુંબર્ગમાં.





ઉપર તથા નીચે (ડાબી બાજુ): ટ્રાનાસ ગામનાં બે દૃશ્યો

જેવું હિંદને મુંબાઈ છે તેવું અમારા સ્વીડનને ગોટુંબર્ગ છે.

થોડું સ્વીડન વિષે લખું. તેનું ક્ષેત્રફળ ઘણું વિશાળ છે પણ તેના પ્રમાણમાં વસતિ ઝાઝી નથી;—માત્ર ૭૫ લાખ. અમારે ત્યાં કોઈ ગરીબ લોકો છે જ નહિ. રસ્તા પર તમે કોઇને મળો તો તેના દેખાવ પરથી તેને ગરીબ કે તવંગર તમે કહી જ ન શકો. મેં સાંભળ્યું છે કે ઘણા લોકો એમ માને છે કે અમારાં જંગલોમાં રીંછો રહે છે. પણ એ વાત સાવ ખોટી છે. અમારે ત્યાં તો કોઇ પણ જાતનાં હિંસક પ્રાણીઓ નથી. હા, અમારે ત્યાં જંગલો મબલખ છે અને અહીંથી પરદેશ નિકાસ થતી વસ્તુઓમાં લાકડું જ પ્રથમ નંબરે આવે. ત્યાર પછી આવે લોઢું. તે પણ અમારે ત્યાં મોટા પ્રમાણમાં છે. દીવાસળીઓ પણ અમે પરદેશ મોકલીએ છીએ. કદાચ હિંદમાં તમે સ્વીડનની બનાવટની દીવાસળીઓ જોઇ પણ હશે. અમારે ત્યાં હિંદની ચા મોટા પ્રમાણમાં આવે છે. મને યાદ છે કે હું નાની હતી ત્યારે ચાના પડીકા પર 'હિંદમાં ઉત્પન્ન થએલી ચા' એમ વાંચતી.

અહીં સ્ત્રીઓ માત્ર પાદરીના કામ સિવાય હરકોઈ ધંધો કરે છે. હિંદની છોકરીઓ વિષે જાણવાની મને ઘણી ઉત્કંઠા છે. શું એ સાચું છે કે તેઓને પોતાનો ચહેરો પુરુષને બતાવવાની બંધી છે? અહીં મારી શાળામાં તો છોકરાછોકરીઓ સાથે જ ભણે છે ને એકબીજા સાથે છૂટથી વાતચીત કરી શકે છે અને ગમે ત્યાંસુધી એકલાં બેસી શકે છે. અમારે ત્યાં એ બિલકુલ અસ્વાભાવિક ગણાતું નથી.

અમારા દેશમાં રાજાશાહી છે અને રાજા ગુસ્ટાવ પાંચમા કહેવાય છે. તે ઘણા વૃદ્ધ છે. આ વર્ષે તેમને ૯૦મું વર્ષ બેસશે. અમારા એ બુઝર્ગ રાજા પ્રત્યે અમને ઘણું માન છે. રાજાના પુત્રની ઉમર ૬૫ વર્ષની છે અને તેમનું નામ ગુસ્ટાફ એડોલ્ફ છે. ગુસ્ટાફ એડોલ્ફનો એક પુત્ર ગયે જ વર્ષે વિમાની અકસ્માતમાં મૃત્યુ પામ્યો.

હવે મારે પત્ર પૂરો કરવો જોઈએ, કારણ કે હવે મારે શાળાનું 'લેસન' કરવાનો વખત થયો છે. તમારે તો 'લેસન' કરવાનાં જ નહિ! ખરેખર તમે કેવા સુખી છો!

કૃપા કરી પત્રનો જવાબ વહેલો લખશો, કારણ તમે જાણો છો કે તે અહીં પહોંચતા ઘણો લાંબો સમય જાય છે.

સ્નેહાધીન બાર્બારા

તા. ક. મારે એક ભાઈ છે. તેને ટિકિટ સંઘરવાનો ઘણો શોખ છે, તેથી તમે મોકલેલા પરબડિયા પર હતી તેવી હિંદી ટિકિટો મોકલશો તો હું તમારી આભારી થઈશ.

પરદેશી પત્રમિત્રોનાં સરનામાં


(1) Oleffe grene, 42 Rue Seuris, Auvelais (Province de Vamur), Belgium-girl, Age: 18; (2) Blazej Vopravil, Praha-xvi Smichov Parizska 27. Czechoslovakia-Boy, 17; (3) Audrey Bell; 2, Mayfield street, Spring Bank, Mayfield Avenue, Hull. England-Girl; (4) D. N. Standen. 29 Osborne Road, Willes-borough Ashford Kent, England-Girl; (5) Inger Lindberg Kemi Isopuistok 23. Finland-Girl, 18; (6) Stud Bruno Roland Erricsson, Byvaegen 52, Ostersund 2. Sweden-Boy, 17; (7) Britta Wester, Kalleberg, Horred. Sweden-Girl, 18; (8) Inger Hagertz, Linnegatan 8, Stockholm, Sweden—Girl, 18; (9) Marianne Lindqvist 43, Banergatan, Stockholm, Sweden—Girl, 18; (10) Vivi Videgen, Vasterbranna, Angermanland, Sweden-Girl-17; (11) Gunnel Soderlund, Stockholmsvagen 82, Enskede Sweden-Girl, 18; (12) Anna Olmu C/o. Nileson Grong, 5A ostersund Sweden-Boy, 18; (13) Shosana Abrahamof; B 165, Schunt Machlul, Tel-Aviv Palestine—Girl; (14) Erna Michaloka; Nowy Bytom al Korfantego 17, pw. Katowitz, Polland—Girl; (15) Mrs. Joseph Haggerty, 678 Academy st. New york 34 N.Y. U.S.A. (ઉલ્લેખ: ગિરધારીલાલ શ્રોફ, અમદાવાદ)

INDIAN PEN-FRIENDS

(111) Saifee A. Surka, 118-20 Abdul Rehman street, Bombay-3—Age: 20, Interest: Stamps, cards, cinema, (112) Balkrishna N. Patel, Jogidas Vithal's pole, Raopura, Baroda—20, Stamps, dancing, music, journalism; (113) Chimanlal K. Vora, P.o. Box No. 195, Zanzibar (Br. E. Africa)—Stamps, View-cards, coins. (114) Chhaganbhai Bhulabhai Bhakta, Bhuleshwar, Po. Dolatpur, Via Ankleshwar, Rajpipala state—17 Exercise, photography, drawing; (115) Shashi K. Anjaria, Kaki Deli, Mundra, Cutch-18, Photography, stamps, literature; (116) Dara F. Wadia, Chaman Champers, Marine street, near Metro cinema, Fort, Bombay-1—17, Oratory, photography, funny literature; (117) Navinchandra Uttamchand Domadia, 962 Hanuman Tekri, Gulbagh, Hyderabad (Deccan)-19, Reading, film, poliltics; (118) Chandrakant T. Parikh C/o Trambaklal L. Parikh, Near Nagabhai's Orada, Limdi (Saurashtra)—15, Cricket, science; (119) Mahamadi J. Tambawala, C/o Jafferbhai Mulla Jiwaji Tambawala, Saifipura, Sidhapur (North Gujarat)—18 Drawing, nature, detective Novels; (120) Subodhchandra Gulabbhai Desai, Shivdas Zaveri Street, Sagarampura, Surat—20, Music, stamps, photography, literature; (121) Bhupendra L. Desai, 43 Kalyan Building No. 7, Kandewadi, Bombay-4—17, Stamps, music. (Please mention 'Kumar' monthly, from Ahmedabad India while writing to above pen-friends.)

કસોટી

(૧) એક દુકાનદારે સસ્તે ભાવે મોસંબી વેચવાનું નક્કી કરીને પોતાના ગુમાસ્તાને કહ્યું, 'અત્યારે જે ભાવે મોસંબીઓ વેચીએ છીએ તેનાથી દર ડઝને એક આનો ઓછો લઇને આપણે વેચીશું, જેથી ઘરાકોને એક આના દીઠ એક મોસંબી વધારે મળશે.' આ ઉપરથી તમે મોસંબીનો પહેલાંનો અને પછીનો ભાવ શોધી શકશો ?



(૨) આ ત્રિકોણમાં ૧ થી ૯ સુધીના આંકડાઓ એવી રીતે ગોઠવેલા છે કે તેની ત્રણ બાજુ પૈકી કોઈ પણ બાજુના આંકડાનો સરવાળો ૧૬ થાય છે. હવે આ જ આંકડાઓને માત્ર તેમનાં સ્થાન બદલીને એવી રીતે ગોઠવવાના છે કે દરેક બાજુના આંકડાઓનો સરવાળો ૧૩ થાય. કરી શકશો ?

(૩) મણિબેનને ત્રણ પૂરીઓ તળવાની હતી. કડાઇ એટલી નાની હતી કે એકીસાથે ફક્ત બે જ પૂરીઓ તળાઇ શકે. તેથી પહેલાં તેમણે બે પૂરીઓ તળી લીધાં પછી ત્રીજી પૂરી તળી. પૂરીની એક બાજુ બરોબર તળાઈ રહેતાં ૩૦ સેકન્ડ લાગે છે. તેથી મણિબેનને ત્રણ પૂરીઓ તળતાં બે મિનિટ લાગી. આ જોઈ તેમના પતિએ તેમને એક એવી યુક્તિ બતાવી કે જેથી તેમને ત્રણ પૂરીઓ તળવાને બે મિનિટ કરતાં ઓછો સમય લાગે. તો એ યુક્તિ શી હશે ?

(૪) અ: બે ચોગડાને એવી રીતે ગોઠવો કે જેથી તેની કિંમત સૌથી વધારે થાય. બ: ૪૫ના આંકડાના એવા ૪ ભાગ પાડો કે જેથી તેમાંના ૧ ભાગ ને જો ૨ વડે ગુણીએ, બીજાને ૨ વડે ભાગીએ, ૩જા ભાગમાં બે ઉમેરીએ અને ૪થા ભાગમાંથી ૨ બાદ કરીએ તો દરેક વખતે એકસરખો જ જવાબ આવે.

(૫) ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ૬ પ્યાલા લઈ તેમાંના ત્રણ પ્યાલાઓમાં દૂધ રેડીને સુરેન્દ્રે પોતાના મિત્રોને કહ્યું: 'આમાં દરેક ભરેલા પ્યાલાની વચ્ચે એકએક ખાલી પ્યાલો છે. પરંતુ હવે માત્ર એક જ પ્યાલો ખસેડીને એવી રચના કરો જેથી ત્રણે ભરેલા અને ત્રણે ખાલી પ્યાલા એકબીજાની સાથે આવે.' મિત્રો માથું ખંજવાળીને હેરાન થયા પણ ન કરી શક્યા. તમે કરી શકશો ?




(૬) રાતના ચોકી કરવા રાખેલા ચોકીદારે સવારે બહારગામ જવા ઊપડતાં પોતાના શેઠને કહ્યું: 'શેઠ, મને રાત્રે સ્વપ્નું આવ્યું કે જે ટ્રેનમાં આજે આપ બહારગામ જવાના છો તે ટ્રેનને મોટો અકસ્માત થવાનો છે. માટે આજે આપ ન જાવ તો સારું.' શેઠે તે પરથી ન જવાનું ઠરાવ્યું. બીજે દિવસે ખબર મળ્યા કે તે ટ્રેનને ખરેખર મોટો અકસ્માત થઇ સેંકડો માણસો માર્યા ગયા હતા. તરત શેઠે ચોકીદારને બોલાવી સો રૂપિયા ઇનામ આપ્યું; પણ તેને નોકરીમાંથી છૂટો કરી દીધો. શા માટે ?

(૭) સામાન્ય જ્ઞાનના પ્રશ્નો: (ક) U. S. S. R એ રશિયા માટે વપરાતો શબ્દ છે એ તો ઘણા જાણે છે, પણ તેના સંપૂર્ણ શબ્દો કયા? (ખ) આપણી બધી વાર્તાઓમાં 'સાત સમુદ્ર' એવો શબ્દપ્રયોગ આવે છે, એ કયાકયા ? (ગ) યુરોપનો કયો દેશ સમુદ્ર સાથે સતત યુદ્ધ કરી રહ્યો છે ? (ઘ) જીસસ ક્રાઇસ્ટનો જન્મ કઈ સાલમાં થયો હતો ? (ચ) ઊંઘતો માણસ કોઈ વસ્તુ ગળી શકે ? (છ) સૂર્ય મંડળમાં સૂર્યની સૌથી નજીકનો ગ્રહ કયો ? (જ) મહાત્મા ગાંધીજીએ કયાંકયાં છાપાં ચલાવેલાં ?


(જવાબો પૃ. ૨૬૨ પર)

સ્વીડન યુરોપનો શાન્ત સુંદર ને સમૃદ્ધ દેશ



સ્વીડનની સમૃદ્ધિ દર્શાવતાબે આલેખ: પહેલો તેની વનજન્ય તથા ખનીજ પેદાશના ટકા દર્શાવે છે; અને બીજામાં તેની જંગલ પેદાશની નિકાસ દુનિયાનામાં માત્ર કૅનેડાથી બીજે નંબરે છે તે દર્શાવે છે.





યુરોપની છેક ઉત્તરે આવેલો આ દેશ તેના અપ્રતિમ સૃષ્ટિસૌંદર્ય—વિશાળ વન-ઉપવનો, સ્ફટિક સમાં સરોવરો અને વેગવતી નદીઓ—ને કારણે જગતભરમાં પંકાય છે. એક કાળે આ નાનકડા દેશના પરાક્રમી ગૉથિક લોકોએ પહેલી સદીમાં આખા યુરોપના દેશો પર આણ વર્તાવી હતી અને છેક રોમનોના પ્રદેશને પણ તેમણે પાદાક્રાંત કરીને પોતાના પરાક્રમનો જયઘોષ કરેલો.


સ્કૅન્ડિનેવીઆના દ્વિપકલ્પના મધ્ય ભાગે આવેલી મોટી પર્વતમાળાને કારણે નૉર્વે અને સ્વીડન જુદાં પડે છે. સ્વીડનની પહોળાઈ તો વધુમાં વધુ ફક્ત ૨૫૦ માઇલ જ છે, પરંતુ લંબાઈ ૧૦૦૦ માઈલ જેટલી હોવાથી ત્યાંના હવામાનમાં વિપુલ વૈવિધ્ય છે. દક્ષિણના ભાગમાં ખેતીવાડી સારા પ્રમાણમાં થાય છે. મધ્ય સ્વીડનનો પ્રદેશ થોડો ખડકાળ છે, જ્યાં પણ ખેતી થાય છે તથા થોડાં જંગલો છે. તેનાથી ઉત્તરે સ્વીડનનાં પ્રખ્યાત પાઈન અને સ્પ્રૂસનાં વિશાળ જંગલોનો પ્રદેશ શરૂ થાય છે, જ્યારે છેક ઉત્તરના ભાગમાં લૅપલૅન્ડનો ઊંચાણવાળો આર્કટિક પ્રદેશ છે. સ્વીડનની મોટી કુદરતી સંપત્તિ ગણાતાં જંગલો જ તેના કુલ ક્ષેત્રફળનો ½ ભાગ રોકે છે અને સરોવરો તથા નદીઓ ૮ ટકા પ્રદેશ પર પથરાએલાં છે. સરોવરો તો આખા સ્વીડનમાં એટલાં વ્યાપક પ્રમાણમાં ઠેરઠેર પથરાએલાં છે કે કોઇ પણ સ્થળેથી દૃષ્ટિ કરતાં કોઈક ને કોઇક સરોવર નજરે પડવાનું. ત્યાં કુલ ૯૬ હજાર સરોવરો છે, જેમાં વૅનર્ન(Vanern)નું સરોવર સૌથી મોટું છે. ઝપાટાબંધ વહેતી નદીઓ પણ સ્વીડનમાં વિપુલ છે.


સ્વીડનની કુલ ૭૦ લાખની વસતિમાંથી ⅔ ભાગના લોકો તો ગામડાંમાં જ રહે છે તેની રાજધાની સ્ટૉકહોમની વસતિ ૭ લાખ છે અને બીજાં મહત્ત્વનાં શહેરોમાં ગોટમ્બર્ગ (૩॥ લાખ), માલ્મો (૧,૬૮૦૦૦) અને નોર્કેપિંગ (૭૬૦૦૦)નો સમાવેશ થાય છે. સ્વીડનનું કુલ ક્ષેત્રફળ ૧,૭૩,૩૦૦ ચો૦ માઈલ છે, જેમાં વસતિનું પ્રમાણ દર ચો૦ માઇલે લગભગ ૪૨ વ્યક્તિનું છે. હિંદના દર ચો૦ માઇલે ૨૭૦ વ્યક્તિના પ્રમાણ સાથે સરખાવતાં કેટલું ઓછું! છેક ઐતિહાસિક કાળથી આ પ્રજાની એકતા સચવાઈ રહી છે. ન તો બહારથી કોઇ પ્રજાએ તેના પર હુમલો કર્યો છે, ન તો તેનું સ્વાતંત્ર્ય ઝૂંટવી લીધું છે. રોમન સામ્રાજ્યના કાળથી વસેલી એ પ્રજાનો પેઢીઉતાર એક જ વંશ ચાલ્યો આવે છે, એક જ રાષ્ટ્રીયતા તેના લોહીમાં વહે છે. એક જ ભાષા તે પ્રજા બોલે છે, અને ધર્મ પણ એક જ પાળે છે. ત્યાં કોઈ સ્વાતંત્ર્ય-દિન નથી, કારણ અનાદિ કાળથી પ્રજાએ સ્વાતંત્ર્ય ગુમાવ્યાનો પ્રસંગ જ બન્યો નથી. પ્રાંતમાં નિરક્ષરતાનું નામ નથી.


લગભગ ૧૦મી સદીથી સ્વીડનમાં રાજાશાહી થઇ. તેમાં ૧૬મી સદીમાં થઇ ગએલા રાજા ગુસ્ટાવસ પહેલાના વખતમાં સ્વીડનનું સામ્રાજ્ય ખૂબ ફાલ્યું અને ૧૭મી સદીમાં તો બાલ્ટિક રાજ્યો, ફિનલૅન્ડ, નૉર્વે તથા યુરોપના પ્રદેશ પર તેની આણ પ્રવર્તતી હતી. પણ ૧૮મી સદીની શરૂમાં તે સામ્રાજ્ય પડી ભાંગ્યું અને માત્ર ફિનલૅન્ડ પર જ સત્તા રહેલી. તે પણ ૧૮૦૯માં સ્વતંત્ર થઈ ગયું.

રાજાશાહી હોવા છતાં ત્યાં રાજાની સત્તા ઘણી મર્યાદિત છે. તે માત્ર રાજ્યનો બંધારણીય વડો જ છે અને ખરી સત્તા તો પાર્લામેન્ટ રિક્સડૅગ(Riksdag)ના હાથમાં છે, જેના તરફથી ૧૧ પ્રધાનોનું એક પ્રધાનમંડળ રાજ્ય ચલાવા નિમાય છે. બ્રિટિશ પાર્લામેન્ટ જેવી જ લાંબી ઐતિહાસિક કારકિર્દી ધરાવતી એ રિક્સડૅગમાં બે સભાઓ છે, જેના અધિકાર સમાન છે.

કુદરતી સંપત્તિમાં ત્યાં ત્રણ વસ્તુઓ વિપુલ છે: લોઢું, લાકડું અને જલશક્તિ. આ ત્રણ પર જ ત્યાંના મોટામોટા ઉદ્યોગો રચાયા છે. લાકડાનો ઉદ્યોગ તો ત્યાં એટલો (અનુસંધાન પૃ ૨૨૪ ઉપર)







ડાબી બાજુથી: (૧) ૧૨મી સદીનાં આ દેવળ જેવાં પુરાતન સ્થાપત્યો તથા (૨) સ્ટૉકહોમમાંના રાજાના આ મહેલ જેવી અદ્યતન ઇમારતે સ્વીડનમાં છે. બલ્કે અદ્યતન સ્થાપત્ય અને ફર્નિચર માટે તો સ્વીડન નામચીન છે. છેલ્લે: લોઢું ગાળવાનો ઉદ્યોગ સ્વીડનમાં ધીકતો છે

 [અનુસંધાન પાછળ પૃ. ૧૯૭થી]

હુમલો કરવા તૈયાર થયું, ત્યાં વિમાન-વિનાશક તોપે તેને બરાબર આંટયું. એક પળ તો ડાબી પાંખ પર તે સ્થિર રહ્યું અને પછી એકદમ ૨૪૦૦ ફૂટ ઉપરથી સીધું નીચે પડયું જ્યાં પડયું ત્યાં અગ્નિ અને ધુમાડાનો એક જબરો સ્તંભ ઊભો થઈ ગયો.

કામ પૂરું કરી ધીરે રહીને કોટોવ નીચે ઊતર્યો.ને પોતના હાથપગ ખંખેરતો પેલું વિમાન પડયું હતું ત્યાં ગયો અને રીવોલ્વર વડે તે વિમાન પર ગોળીઓ છોડવા લાગ્યો. અને પછી શૂન્ય મનથી ખાઈ તરફ વળ્યો. આ પછી જ તેને કાને શબ્દો પડયા, 'કોટોવ! મિકેનિક કોટોવ!' ઑગ્નેવ અને કૅપ્ટન બૂમો પાડતા હતા.

ઑગ્નેવે હાથ પહોળા કરીને કોટોવને તેડી લીધો. કૅપ્ટને તેનો કોટ ઉતારીને કાળજીપૂર્વક જોયું કે ક્યાંય ઘા તો નથી થયો ને!

કોટોવે સીગરેટ માગી. જિંદગીમાં પ્રથમ વાર તેણે સીગરેટ પીધી.

દુશ્મન-વિમાનો હવે પાછાં વળવા માંડયાં હતાં. વિમાન-વિનાશક તોપો હજુ યે ગોળા છોડતી જ હતી. ઑગ્નેવે કૅપ્ટન તરફ સૂચક દૃષ્ટિ ફેંકી. કૅપ્ટન સમજી ગયો કે ઑગ્નેવ દુશ્મનોનો પીછો પકડવા માગે છે. તેણે કંઈ જવાબ ન આપ્યો. મૌનને 'હા' ગણીને ઑગ્નેવ પૅરેશ્યૂટ ઉપાડતોક ને વિમાન તરફ દોડયો. ડાળીઓ અને વૃક્ષો સાથે અથડાતો કૂટાતો તે પોતાના વિમાન પાસે તો પહોંચ્યો; પણ પછી તેને યાદ આવ્યું કે પોતાના વિમાનમાં દારૂગોળો તો નથી. તરત તે પાસેના બીજા વિમાનમાં ચડી ગયો.

મોટરનો મોટો અવાજ કરતો સીધો તે ઊડયો. રશિયન વિમાનને આમ અચાનક ઊડતું જોઈ દુશ્મનનાં ત્રણ વિમાનો ઝડપથી પાછાં ફર્યાં અને ઑગ્નેવના વિમાન પર હુમલો કરવા નેમ લીધી. તે ત્રણ વિમાનમાંનું એક જરા દૂર રહ્યું, અને બીજાં બંનેએ ઑગ્નેવ પર સીધો હુમલો કર્યો ને હજુ તો તે પાંચસો ફૂટ ઉપર ચડે એ પહેલાં જ તેઓ તેના પર તૂટી પડયાં. પરંતુ ઑગ્નેવ તૈયાર હતો. તેણે ઝડપથી વિમાનને તારવી લીધું અને દુશ્મનોનો હુમલો નિષ્ફળ બનાવ્યો. પછી તરત જ ડાબી પાંખ તરફનું શત્રુ વિમાન સ્થિર થાય એ પહેલાં જ આબાદ ઘા કરી લીધો!

તે દુશ્મનોનો વ્યૂહ સમજી ગયો હતો. તેને અસહાય અને એકલો જાણીને તે મારવા જ આવ્યા હતા—યુદ્ધ કરવા નહિ. પેલું દુશ્મન-વિમાન સહેજમાં બચી તો ગયું, પણ તેની જમણી પાંખ લગભગ તૂટી ગઈ ને તે વાદળાંમાં નાસવા ગયું. પરંતુ વિમાન-વિનાશક તોપોએ તે અશક્ય બનાવ્યું. એક ગોળો આબાદ તેને વાગ્યો અને આકાશમાં જ તેના ભુક્કા થઈ ગયા.

હવે ઑગ્નેવ બીજા વિમાન તરફ વળ્યો. તેનો જોરદાર હુમલો ખાળીને એ છટક્યું. પરંતુ ઑગ્નેવે તેનો પીછો પકડીને ગોળીઓ છોડી. આકાશમાં લાલ ભૂરા અને લીલા તણખા ઝર્યા. દુશ્મને પણ સામેથી જવાબ આપ્યો અને ઑગ્નેવના હાથે કંઈક વાગ્યું. તેને તીવ્ર વેદના થઈ. પરંતુ તે તરફ દુર્લક્ષ કરીને તેણે હુમલો કર્યો.

ફરી બન્ને વિમાનો સામટો હુમલો કરવા ઑગ્નેવ સામે આવ્યાં. ઑગ્નેવે બટન પર અંગૂઠો મૂક્યો—બધી મશીનગન છોડવા. પરંતુ ઓહ! તેને અસહ્ય વેદના થઈ. અંગૂઠો કામ કરવા જ અશક્ત હતો! તેણે ખૂબ જોર કર્યું, પરંતુ અંગૂઠો બટન દબાવી જ શકતો ન હતો ને તેને અતિશય પીડા થતી હતી. જખમનું દુઃખ વધતું જ જતું હતું. છતાં એક મરણિયો પ્રયત્ન કરીને તેણે બટન દાબ્યું અને તેની મશીનગનની ઝડીઓથી દુશ્મન વિમાન ચાળણી થઈ ગયું. દુશ્મન-પાઈલટ ઊડી પડયો ને તેનું વિમાન તરત જ ભોંયે જઈ પડયું.

ઑગ્નેવે ત્રીજા વિમાન માટે ચોમેર જોયું પણ તે તો ક્યારનું નાસી ગયું હતું. ઑગ્નેવે હવે નીચે ઊતરવાનો વિચાર કર્યો.

તે માટે તેણે થ્રૉટલ-લીવરના હાથાને પોતાની તરફ ખેંચવા પ્રયત્ન કર્યો, પરંતુ વ્યર્થ. તેનો જમણો હાથ તદ્દન નકામો થઈ ગયો હતો! જાણે શરીર પર તે મિથ્યા લટકતો જ હતો અને તેમાંથી લોહી વહ્યે જતું હતું. તેણે ડાબા હાથમાં ચક્ર લીધું અને વિમાનને ધરતી પર ઉતારવા ફરી 'થ્રૉટલ લીવર' ખેંચવા ધાર્યું. પરંતુ જમણો હાથ જાણે અસ્તિત્વમાં જ ન હોય એટલો નકામો થઈ ગયો હતો!

એરોડ્રોમ પર તે ચક્કર લગાવતો જ રહ્યો. કેમે કર્યું થ્રૉટલ લીવર ખેંચાય નહિ અને નીચે ઊતરાય નહિ. તેના જમણા હાથમાંથી ઝપાટાબંધ લોહી વહ્યે જતું હતું. નીચે બધા સમજ્યા કે કંઈક બન્યું અવશ્ય છે. ઑગ્નેવ પોતાના હાથ તરફ અને નીચે ધરતી પર દૃષ્ટિ ફેંકતો જ રહ્યો. તે ધારત તો ડાબા હાથમાંનું ચક્ર છોડીને પૅરેશ્યૂટની મદદથી નીચે ઊતરી શકત, પણ તેમ કરતાં વિમાનને ગુમાવવું પડે તેમ હતું, ને તે આવા કીમતી વિમાનનો ત્યાગ કરવા ઈચ્છતો ન હતો. શું કોટોવે પોતાના પ્રાણની પણ પરવા કર્યા વગર આવું જ એક વિમાન હજી હમણાં જ નહોતું બચાવ્યું?

ઑગ્નેવને પોતાની જાત પર ખૂબ ગુસ્સો ચડયો. તેણે દાંત કચકચાવ્યા. તે જ પળે તેના મગજમાં એક વિચાર ઝબકી ગયો. તરત તેણે ચક્રને દાંત વચ્ચે મજબૂત રીતે પકડયું અને ડાબા હાથ વડે થ્રૉટલ લીવર ખેંચ્યું. આબાદ! વિમાને નીચે ઊતરવું શરૂ કર્યું ને હંમેશાની જેમ બરાબર તે નીચે તો ઊતર્યો. પરંતુ વિમાનમાંથી બહાર નીકળવા જેટલી શક્તિ તેનામાં રહી નહોતી.

ત્યાં તો કોટોવ, કૅપ્ટન અને ડૉકટર ત્યાં દોડી પહોંચ્યા અને તેને દવાખાને લઈ ગયા. તેના જમણા હાથ પર ચાર ઘા થયા હતા અને એક ગોળીએ તો તેના અંગૂઠાને વીંધી નાખ્યો હતો! ડૉકટરે પાટાપીંડી કર્યાં. કોટોવ ઑગ્નેવની પથારી પાસે જ બેઠો હતો ને કોમળતાપૂર્વક સ્નેહભરી નજરે ઑગ્નેવ તરફ જોઈ રહ્યો હતો.

ઑગ્નેવના અંગૂઠાનો જખમ કેમે કર્યો રૂઝાતો ન હતો.

જ્યારેજ્યારે કોટોવ તેને મળવા આવતો ત્યારે ઑગ્નેવ પ્રથમ તો પોતાના વિમાનના સમાચાર જ પૂછતો. પરંતુ કોટોવને તો ઑગ્નેવના અંગૂઠાની ચિંતા હતી. કારણ તે જમણા હાથનો અંગૂઠો હતો ને? યુદ્ધ-વિમાનમાં જમણા હાથનો અંગૂઠો જ મહત્ત્વનાં બટન દાબે છે અને તે અંગૂઠા વગર હવે ઑગ્નેવ ઊડી નહિ શકે.

ડૉકટરો પણ ઑગ્નેવના અંગૂઠા વિષે જ ચિંતાભરી ચર્ચા કરતા. અંતે સર્જને કહ્યું, 'હવે તો અંગૂઠો કાપી જ નાખવો પડશે.' આ સાંભળીને કોટોવ ધ્રુજી ઊઠયો.

'એ સિવાય કોઈ માર્ગ નથી, ડૉકટર?' તેણે આતુરતાથી પૂછ્યું.

'ના, હાડકું ભાંગી ગયું છે. ઓસ્ટિયો માઈલાઈટિસ...'

'પરંતુ તમે તો જાણો છો કે...'

'હું બધું સમજું છું; પરંતુ અમે બધું કરી છૂટયા છીએ. હવે તો કાપી નાખ્યા સિવાય બીજો કોઈ જ માર્ગ નથી.'

આમ-મહેલના નૃત્ય-ઘરમાં ઑગ્નેવની પથારી હતી. હાથમાં સ્કેચબૂક લઈને કોટોવ ઑગ્નેવ પાસે બેઠોબેઠો તેની માગણીથી એ નૃત્યઘરનું એક રેખાચિત્ર દોરી રહ્યો હતો, પણ અણગમતે મને. ઑગ્નેવને ગઈ કાલે ૧૦૧ તાવ આવ્યો હતો તેની તેને ચિંતા હતી. ઑગ્નેવના ભવિષ્યના આધાર-સ્તંભ જેવા અંગૂઠા વિષે જ તે વિચાર્યા કરતો. રાત્રે ચિત્રવિચિત્ર સ્વપ્ન તેને હેરાન કરતાં.

ઑગ્નેવ કોટોવની પેન્સિલ તરફ એકી નજરે નિહાળી રહ્યો

હતો. આ પખવાડિયામાં તે ઘણો દૂબળો પડી ગયો હતો. થોડી વાર રહીને તે બોલ્યો. 'કાલે મેં બારીમાંથી કોઝેવનિકોવને ઊડતાં જોએલો. તેની વિશિષ્ટ વિમાની વ્યૂહરચના પરથી મેં તેને તરત ઓળખી કાઢ્યો.'

'ત્રિકોણ રચીને તેની ટુકડી ઊડતી હતી ને ?'

'હા, મને થયું કે વિજયપ્રસ્થાન થઈ રહ્યું છે!'

'આવી શાંત હવા હોય ત્યારે બધા વિમાનીઓ આ મહેલ પાસેથી જરા નીચા ઊડે છે—તમને સલામી આપવા.'

'મને કોઇ વાર સંભારે છે કે ?'

'અરે, ઘણી યે વખત. કહોને, તમારી જ વાતો કર્યાં કરે છે.'

'પણ તું હમણાં આટલો દિલગીર કેમ દેખાય છે ?'

'મને યે તમારા જ વિચાર આવ્યા કરે છે.'

'શું મારી ચિંતા કરવા જેટલો હું માંદો છું ?'

'એમ તો નહિ, પણ...'

'હં, તું કૈંક છુપાવે છે.' ઑગ્નેવ રજાઈ હટાવી ઊભો થવા લાગ્યો.

'ઊભા ન થાઓ, તમને હજુ એવી રજા—'

'ચૂપ ! મારે કોઈની સંભાળની જરૂર નથી. ચાલ મારી સાથે.'

'પણ કયાં ?'

'સેનાપતિ પાસે. મને ખબર છે તું શા માટે બેચેન છે.'

'અરે, પણ...'

'મૂંગો રહે. હું તેમને મારો અંગૂઠો કાપવા દેવાનો નથી.' એમ કહી ઑગ્નેવ બૂટ પહેરવા વાંકો વળ્યો. પણ અશક્તિને લીધે જમીન પર પડી ગયો. તેનો પ્લાસ્ટરવાળો હાથ છો સાથે અથડાયો. તરત નર્સ દોડી આવી. ઑગ્નેવને ઊંચકીને સુવાડી દેવામાં આવ્યો. નર્સ ધીમા અવાજે કોટોવને ચાલ્યા જવાનું કહેતી હતી તે ઑગ્નેવ સાંભળી ગયો. 'એને અહીં બેસવા દો.' તેણે કહ્યું.

'પરંતુ તમારે તો હવે ઊંઘી જવું જોઇએ.'

'હું વીનવું છું કે એને અહીં રહેવા દો.'

કોટોવે પ્રથમ વાર જ ઑગ્નેવની આવી કોમળ અને લાગણીવશ વાણી સાંભળી. નર્સ ચાલી ગઈ. 'બેસ તો.' ઑગ્નેવે કહ્યું. કોટોવ બેઠો.

'મને બધું કહે...'

એવામાં અખાત તરફની બારીમાંથી વિમાન-ટુકડી ઊડતી દેખાઇ. પાંખને જરાક નમાવીને તેમણે ઑગ્નેવનું સન્માન કર્યું.

'જુઓ પણે....'

'મારે એ નથી જોવું. તું મને બધી વાત કર.'

'હું કાલે આવીશ.'

'કાલે મને ખરી હકીક્ત કહીશ ને ?' 'હા.'

'તું જઈને કર્નલને મળી મારે માટે જે કરવું ઘટે તે કરીશ ?'

'કદાચ વધારે..'

'વધારે ? વધારે શું ?'

'એ તો હજી હું યે જાણતો નથી.'

'ત્યારે કાલે નક્કી ?' 'હા.'

પાનખરની ભેજવાળી ઠંડી રાત એરોડ્રોમ પર ઊતરી પડી હતી. પવન વૃક્ષ સાથે અથડાઇને ઉદાસ અવાજ કરતો હતો. કોટોવ કર્નલના મુકામ બહાર આંટા મારતો હતો. કર્નલે આજે તેને બોલાવ્યો હતો. અત્યારે પણ તે ઑગ્નેવના જ વિચાર કરતો હતો. એરોડ્રોમ, યુદ્ધ, સેવાનાં ચાર વર્ષ, એ બધા વિચારોનું મધ્યબિંદુ અત્યારે ઑગ્નેવ જ હતો.

'કોટોવ!' સંતરીએ ધીરેથી કહ્યું. કોટોવ હળવેહળવે અંદર ગયો.

'કેમ કોટોવ ?' ગરમ સૂટ પહેરેલા કર્નલે હાથ મિલાવતાં કહ્યું. 'બેસો, આ ખુરસી પર.' કોટોવ બેઠો. કર્નલ તેની સામે ઊભા રહ્યા. પાસે જ કમિશ્નર બેઠા હતા. કોટોવ તરફ ફરીને તે બોલ્યા, 'આજે ઑગ્નેવને જોવા ગયા હતા કે ?'

'જી હા.'

'કેમ છે હવે એને ?'

'ઠીક નથી. અંગૂઠો કાપી નાખવો પડશે.'

'સમજ્યો. ઑગ્નેવ ભારે કમનસીબ છે !'

'અને તેના વિમાનની શી હાલત છે, કોટોવ ?' કર્નલે પૂછયું.

'તે બરાબર છે, કર્નલ.'

'એને સ્થાને કોને મૂકવો એની સલાહ આપશો ?'

'એમાં હું શું જાણું? ને હું તો એ રીતે વિચાર જ કરી શકતો નથી.'

'અમે એ વિષે વિચાર્યું છે.' કમિશ્નરે કર્નલ તરફ જોઇ કહ્યું. 'અમે કોટોવને તે સ્થાને નીમવાના છીએ.'

કોટોવ એકદમ ઊભો થઈ ગયો.

'તમે ખુશી નથી થયા ?' પણ કોટોવ મૂંગો જ રહ્યો.

'કેમ બોલતા નથી ?' કમિશ્નરે કહ્યું.

'શું બોલું ?' 'કેમ ?'

'એ બહુ જ દુ:ખદાયક ઘટના છે. યુદ્ધ-વિમાની થવા માટે તો હું ખૂબ જ તલસું છું; પરંતુ ઑગ્નેવની જગ્યા લેવી . . .'

'તમે ઑગ્નેવનું સ્થાન 'પચાવી' નથી પાડતા. તમે તો યુદ્ધમાં તેને સહાય કરી રહ્યા છો.'

કોટોવે કર્નલના શબ્દ સાંભળ્યા ખરા, પરંતુ તે તેના દિલ સુધી પહોંચી શકયા નહિ. ઑગ્નેવની જગ્યા લેવી? એક સામાન્ય અકસ્માતને અંગે ઑગ્નેવ વિમાની થતો અટકે ત્યારે તેની જગ્યાએ પોતે વિમાની થવું? ના, ના, ના, એ અશકય છે!

'ઠીક ત્યારે,' કર્નલે કોટોવને કહ્યું. 'આવતી કાલે આપણે બન્ને સાથે ઊડીશું. એકાદ પખવાડિયામાં તમે ટુકડીમાં જોડાઈ જશો. બરાબર છે ને?' 'પણ કર્નલ—'

'બરાબર છે. તમે જઇ શકો છો.'

કોટોવ આખી રાત જાગતો રહ્યો. અનેક વિચારો તેને સતાવતા હતા. પખવાડિયા પછી પોતાને યુદ્ધ-વિમાનનું સુકાન-પદ મળશે; અને તે ઑગ્નેવના જ યુદ્ધ-વિમાનનું. હજી થોડા દિવસ પહેલાં તે પોતે સ્વપ્ન સેવતો—ઑગ્નેવના હાથ નીચે ઊડવાનું—ઑગ્નેવની જ ટુકડીમાં. પણ હવે ? ઑગ્નેવ એરોડ્રોમ પર આવશે અને ગમગીન આંખોએ પોતાને—કોટોવને તેના વિમાનમાં ઊંચે ચડતો નિહાળશે ! આ વિચારતાં કોટોવ ધ્રૂજી ઊઠયો. ફરીફરી તે વિચારવા લાગ્યો. ઑગ્નેવ જેવો સમર્થ, નિર્ભય વિમાની એક અંગૂઠાના અભાવે લડી ન શકે એ અસહ્ય હતું.

આમ ને આમ પ્રભાત થઇ ગયું. કોટોવ પોતાના વિમાન પાસે આવ્યો. કૅનવાસ ઉતારીને તે વિમાન સાફ કરવા લાગ્યો. કૉક-પિટ સાફ કર્યાં પછી તે સીટ તરફ વળ્યો અને તરત તેની નજર પેલા બટન પર ગઇ. પેલું ગોળી છોડવાનું બટન ! આ બટન દાબીને જ ઑગ્નેવે હજારો ગોળીઓ છોડી હશે ! અને હવે ? કોટોવે નિસાસો નાખ્યો.

પછી તેણે પોતાનો અંગૂઠો હથેળીમાં વાળી દઇ માત્ર આંગળીઓ વડે જ બટન દાબી જોવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એ અશકય હતું. એને માટે આંગળીની નહિ પણ અંગૂઠાની જ જરૂર હતી. પછી તેણે પોતાના ડાબા હાથ વડે પ્રયત્ન કરી જોયો, તો તરત ડાબા હાથના અંગૂઠાએ તે કામ ઉપાડી લીધું.

'ઑગ્નેવને જમણા અંગૂઠાને બદલે ડાબા અંગૂઠે વાગ્યું હોત તો !' તેણે વિચાર્યું. અને અચાનક જાણે વિદ્યુત્-ત્વરાથી તેના મગજમાં એક વિચાર ઝબકી ઊઠયો ! તેનું હૃદય જોરથી અને ઝડપથી ધડકવા લાગ્યું. જો પોતે પેલા બટનને વિમાનીના ડાબા હાથ તરફ ગોઠવી શકે તો ?—તો ?—તો કેવું ?

અને... ખુદા ખેર કરે ! ઑગ્નેવ આમ તો મજબૂત હતો. પોતાના દાંત વડે તેણે સુકાન-ચક્ર પકડયું હતું તો શું ચાર આંગળાં વડે ન પકડી શકે ? બટન દબાવવા માટે તો ફક્ત અંગૂઠાની જ જરૂર છે. તો પછી ડાબા હાથનો અંગૂઠો શા ખપનો છે ? કોટોવ ઝડપથી શ્વાસ લેવા લાગ્યો. તેને એક વિચાર આવતો હતો. કોઇ પણ ઉપાયે બટનને ડાબી બાજુ મૂકવું જોઈએ.

તે વિમાનમાંથી કૂદી પડયો અને લાંબી ફલાંગે દોડતોદોડતો લશ્કરી ઈજનેર પાસે ગયો. કોટોવની બધી વાત સાંભળી લઈ ઇજનેરે પોતાની પાતળી મૂછ મરડી, વાળમાં આંગળી ફેરવી, અને પછી કહ્યું. 'હા. આવા ટુચકા ટેકનિકલ મૅગેઝિનમાં આવે છે ખરા.'

'હું પણ પ્રયત્ન કરી જોઉં. જો તમે રજા આપો તો મહેનત કરું.'

'વારુ, મારી રજા છે, જાઓ.'

અને તે દિવસે તથા પછીના બે દિવસ લગી કોટોવ ઑગ્નેવને મળવા પણ ગયો નહિ. માત્ર ટૂંકી ચિઠ્ઠી લખીને તે સંતોષ માનતો.

ઑગ્નેવના હાથ પરના જખમ તો રૂઝાઇ ગયા હતા અને ઓપરેશન કરી તેનો અંગૂઠો કાપી નાખ્યા પછી તે ભાગ પણ ઝડપથી રૂઝાતો જતો હતો. હવે તે હરીફરી શકતો; છતાં શાંત વેધક નજરે બારીમાંથી ભૂરા આકાશ તરફ જોતો પથારીમાં પડયો રહેતો. માત્ર જ્યારે પોતાનાં મિત્ર-વિમાનો બારી પાસેથી યુદ્ધ કરવા જતી વેળા તેને સલામી આપતાં ત્યારે તે આંખો બંધ કરી પડખું ફેરવી જતો.

અને પોતાના એ બધા સાથીદારો તેને એક પછી એક યાદ આવતા. તેમની સાથે તેણે કેટલાં બધાં વર્ષો ગાળ્યાં હતાં ! તેને કોટોવ યાદ આવ્યો. એ જુવાને પોતાને કેટલો બધો આકર્ષ્યો હતો ! યુદ્ધમાંથી પાછા ફરતાં તે આનંદ પામતો. થતું કે કોટોવ આતુર નજરે પોતાની રાહ જોઇ રહ્યો હશે. જ્યારે પોતે વિમાનમાંથી ઊતરીને કોટોવને વિમાન સોંપતો ત્યારે કેટલો બધો ચિંતામુક્ત થઈ જતો ! અને પોતે યુદ્ધ કરવા ઊપડતો ત્યારે કોટોવ કેવા મધુર સ્મિત વડે પોતાને મીઠી વિદાય આપતો ! એ સ્મિતના જોરે તે દુશ્મનોના ભુક્કા ઉડાવી દેતો.

પણ હવે તો કોટોવથી પણ કદાચ છુટા પડવું પડશે. પોતાની જિંદગીનું સત્ત્વ, જીવનનો પાયો જ જાણે ખોવાઇ જતો હોય તેમ ઑગ્નેવને લાગ્યું. પોતે પછી એકલોએકલો શું કરશે ? તેને થતું કે જીવનમાં જે ભયંકરમાં ભયંકર બનાવ બનવાનો છે તે આ પથારી છોડવાનો છે. પથારીમાંથી ઊઠયા પછી એરોડ્રોમને સલામ કરીને પોતાને કદાચ વિદાય લેવી પડશે ! પરંતુ શા માટે આ બધું ?

એક સવારે તે આમ વિચારતો ગમગીન મને બેઠો હતો, ત્યાં એક નર્સ આવી અને તેને મુલાકાત-ખંડમાં જવાનું કહ્યું. તે ઊઠયો. થોડી વાર શાંત ઊભો રહ્યો, બેદરકારીથી કોટ ચડાવ્યો અને ધીરે પગલે નૃત્ય-ઘરમાંથી બહાર નીકળ્યો. મુલાકાત-ખંડમાં તેણે થોડા સફેદ કોટ પહેરેલા માણસોને જોયા. એકાએક ખૂબ પ્રકાશમાં આવવાથી પ્રથમ તો તે કર્નલ, કમિશ્નર કે કોટોવને પિછાની ન શકયો. પણ પછી પોતાના અમલદારોને ઓળખતાં તે ટટ્ટાર થયો અને મૌન રહીને દરેક તરફ તેણે પોતાનો ડાબો હાથ લંબાવ્યો. કર્નલ અને કમિશ્નર મોટેથી પ્રફુલ્લતાથી વાતો કરતા હતા. ઑગ્નેવને એ બધાનાં હાસ્ય ખૂંચ્યાં. તેઓને આટલો બધો આનંદ શેનો થતો હતો?

'તમે તો ઘણા દુબળા પડી ગયા છો.' કર્નલે કહ્યું.

ઑગ્નેવે જવાબ ન આપ્યો. તેણે કોટોવ તરફ જોયું. પરંતુ તે પણ મૂછમાં હસતો હોય તેમ લાગ્યું.

'ઑગ્નેવ !' કર્નલે કહ્યું. ઑગ્નેવ હજી મૂંગો જ રહ્યો.

'શા માટે આટલો બધો દુ:ખી થાય છે ?' કર્નલે પૂછ્યું.

'હું નથી ઈચ્છતો કે કોઈની યે મારા જેવી સ્થિતિ થાય, કર્નલ ' ઑગ્નેવે દર્દભર્યા અવાજે કહ્યું.

કર્નલે પોતાના બંને હાથ ઑગ્નેવના ખભા પર મૂકયા અને કહ્યું, 'પણ ઑગ્નેવ, તું ઊડી શકીશ.'

'હું ઊડી શકીશ ? શી રીતે ? કયા વિમાનમાં ?'

'તારા પોતાના જ વિમાનમાં. તેમાં ફેરફાર ફક્ત એટલો થશે કે બટન ડાબી બાજુએ પેટ્રોલ-ચાંપ પાસે ગોઠવવામાં આવશે.'

ઑગ્નેવ શૂન્ય નજરે તાકી રહ્યો : 'હું ન સમજ્યો; ફરી કહો તો.'

'તું તારા પોતાના જ યુદ્ધ-વિમાનમાં ઊડી શકીશ. માત્ર ફેરફાર એટલો કે ગોળીઓ છોડવાનું બટન ડાબી બાજુએ ગોઠવવામાં આવશે.' કર્નલે ફરીથી સમજાવ્યું.

ઑગ્નેવ કંઇક કહેવા જતો હતો, પરંતુ કહી ન શકયો. ઢગલો થઈને તે ખુરસીમાં બેસી પડયો.

'અને આ કાર્ય માટે તમે એનો આભાર માનો.' કમિશ્નરે કોટોવ તરફ હાથ લંબાવતાં કહ્યું, 'આ શોધ તેની છે.'

ઑગ્નેવ ખુરશી પરથી ઊભો થઇ ગયો. સ્નેહપૂર્વક ડાબો હાથ કોટોવ ફરતો વીંટાળીને તેણે તેને છાતી સરસો દાબી દીધો અને ધીમા અવાજે કહ્યું: 'પ્રિય દોસ્ત !'

જિંદગીમાં પ્રથમ વાર જ ઑગ્નેવ આવી કોમળતાથી બોલ્યો.

વિમાન-ટુકડી ઊડતી હતી. આકાશ સ્વચ્છ હતું. ક્ષિતિજમાં વાદળાં તરતાં હતાં. ત્યાં તો સૂર્ય બહાર નીકળ્યો. પાણી ચમકવા લાગ્યું. કાળું જંગલ જાણે લીલુંછમ થઇ ગયું. નીચે એક શહેર પણ સ્પષ્ટ દેખાતું હતું. કોટોવ ગાતો હતો અને આનંદથી સીસોટી વગાડતો હતો. તે પણ એક વિમાનનો સુકાની હતો. આકાશ સામે જોઈને જંગલ તરફ નજર ફેંકીને અને અખાતનાં પાણીને ઊછળતાં દેખીને તે આનંદપૂર્વક ગાતો હતો.

તે ગાતો હતો કારણ કે તેની પાંખ સાથે પાંખ મિલાવીને ઑગ્નેવ પણ ઊડતો હતો.

જય ગાંધી : મહાત્માજીની શહીદી પછી તેમના વિષે હિંદની અને પરદેશની વિવિધ ભાષાઓમાં જેટલાં કાવ્યો લખાયાં હોય તેનો એક સંગ્રહ કરીને 'જય ગાંધી' નામ હેઠળ પ્રસિદ્ધ થવાનો છે. તેમાં દરેક ભાષાનાં કાવ્યો ઉપરાંત મહાત્માજીના નિકટવાસીઓ તથા નેતાઓના લેખો પણ આવશે. આ પ્રકાશનનો નફો ગાંધી સ્મારક ફંડમાં અપાશે. જેમણે મહાત્માજીના મૃત્યુ પછી તે પર કાવ્યો લખ્યાં હોય તેઓ તે નીચેના સરનામે (દેવનાગરી લિપિમાં તથા જરૂર હોય ત્યાં હિંદી સમજૂતી સાથે) મોકલી આપે : શ્રી સોહનલાલ દ્વિવેદી, ગાંધીગૃહ, બિંદકી(Bindki) યૂ. પી.



માધુકરી

ઊઠ પડતાં પડી શું રહ્યો છે પુરુષ
ભોંય પટકેલ ઢેફા સમાણો,
ઊઠ, માટી નથી તું મરેલી, ન તું
પ્હાડનો ચેતનાહીણ પાણો.

—પૂજાલાલ

ગોવિંદરામ વાટુમલ અને એમનું 'વાટુમલ ફાઉન્ડેશન'

પરદેશમાં જઈને જે કેટલાક હિંદીઓએ પોતાની કુનેહ અને આવડતથી નામ કાઢીને સારી એવી સંપત્તિ ભેગી કરી છે તેમાં ગોવિંદરામ જે. વાટુમલનું નામ, તેમની હિંદ પ્રત્યેની સક્રિય લાગણીને કારણે જુદું જ તરી આવે છે. આજથી ૩૧ વર્ષ પહેલાં તે અમેરિકન તાબા હેઠળના હોનોલુલુમાં વેપાર અર્થે જઈ ખૂબ ધન કમાયા. પણ તેનો ઉપયોગ બીજા ધનિકોની માફક કેવળ પોતાના સ્વાર્થ પૂરતો કે કુટુંબ પૂરતો જ ન કરતાં, પોતાના વતનની આબાદી માટે પણ તેમણે કર્યો. પોતાના દેશની ગરીબાઈ તથા અજ્ઞાન દૂર થાય તથા પ્રત્યેક ક્ષેત્રમાં બીજા દેશોની માફક તેની પ્રગતિ થાય એ માટે તેમણે 'વાટુમલ ફાઉન્ડેશન' નામની એક સંસ્થા સ્થાપી, જે પરદેશમાં વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ અભ્યાસ કરવા માટે હિંદના બુદ્ધિમાન વિદ્યાર્થીઓને દર વર્ષે ૩,૩૦,૦૦૦ રૂપિયાની મોટી શિષ્યવૃત્તિઓ આપે છે. આજ સુધી અનેક વિદ્યાર્થીઓ એ સંસ્થાની મદદને લીધે પરદેશમાં જઈ ઉચ્ચ પ્રકારનું શિક્ષણ લઈ શક્યા છે અને એ રીતે દેશની ઉન્નતિમાં ફાળો આપ્યો છે.

શ્રી ગોવિંદરામનો જન્મ સિંધમાં હૈદ્રાબાદ શહેરમાં એક કૉન્ટ્રૅક્ટરને ત્યાં સાધારણ કુટુંબમાં થયો હતો. તેમની ૮ વર્ષની ઉંમરે તેમના પિતા ઊંટ પરથી પડી જતાં તદ્દન અપંગ બની ગયા અને કુટુંબની બધી જવાબદારી તેમના મોટાભાઈ જમનાદાસ પર આવી પડી. એ માટે જમનાદાસ નસીબ અજમાવવા પરદેશ ઊપડ્યા અને ફિલિપાઈન્સના મનીલા ગામે ધંધો જમાવ્યો. પણ ઘેર ત્યાં સુધીમાં તો ગોવિંદરામના બીજા બે ભાઈઓને કુટુંબનાં પાંચ જણનો જીવનનિર્વાહ ચલાવવા રોજના બે આના લેખે મજૂરી કરવી પડતી.


કુશાગ્ર બુદ્ધિવાળા ગોવિંદરામે શાળામાં સારી પ્રગતિ કરીને મૅટ્રિકની પરીક્ષા પસાર કરી તે અરસામાં પરદેશમાં મોટાભાઈનો ધંધો ઠીકઠીક જામી જવાથી તેમણે ગોવિંદરામને એન્જિનિયરિંગનો અભ્યાસ કરાવ્યો. પણ બે વર્ષ એ અભ્યાસ કરી તે સરકારી ખાતામાં કારકુન તરીકે નિમાયા, જ્યાં થોડા જ વખતમાં તેમની હોશિયારી અને કુનેહને કારણે તે મુખ્ય કારકુનના પદે ચડ્યા. પણ ત્યાં તેમનો પગાર હતો ફક્ત ૩૦ રૂપિયા!

૧૯૧૭માં એક દિવસ મોટાભાઈ તરફથી તેમને કાગળ મળ્યો: 'મેં દુકાનની એક શાખા હોનોલુલુ ખાતે ઉઘાડી છે. પણ ત્યાંનો વ્યવસ્થાપક સંતોષકારક નથી. તું એ જગ્યાએ આવીશ?' સાહસ માટે ઝંખી રહેલા ગોવિંદરામને તો એ જ જોઈતું હતું. લાગલા જ હોનોલુલુ જઈને એમણે ત્યાંની શાખા સંભાળી લીધી. અને પછી તો ત્યાંના મુક્ત વાતાવરણમાં તેમની વેપારી શક્તિઓ પણ ખીલી ઊઠી. તેમની આવડત જોઈ મોટાભાઈ પણ નિશ્ચિંત થયા ને પોતાનો માત્ર થોડો ભાગ રાખી ત્યાંનો ધંધો ગોવિંદરામને સોંપી દીધો.

એ અરસામાં ગોવિંદરામના જીવનધ્યેયને સહાયકારી થાય તેવો એક બનાવ બન્યો. ઍલન જેન્સન નામની એક અમેરિકન સંગીત-શિક્ષિકા સાથે તેમને પરિચય થયો. તેમણે હિંદ માટેની પોતાની મહત્ત્વાકાંક્ષા ઍલનને સમજાવી એમાં પોતાની જીવનસંગિની થવા માગણી કરી અને ઍલને હા પાડતાં ૧૯૨૨માં તેઓ બંને લગ્નગ્રંથીથી જોડાયાં. આથી શ્રીમતી વાટુમલને અમેરિકન નાગરિક તરીકેના હક્ક ગુમાવવા પડ્યા અને વળી થોડા મહિના બાદ અમેરિકન સરકારે 'ઓરીએન્ટલ ઇમિગ્રેશન ઍક્ટ' પસાર કરવાથી ગોવિંદ-

માસમાસનાં પંખી

[૩૧] મોર



પોતાના મત્ત કંઠ વડે વર્ષાઋતુનું ઉમળકાભર્યું સ્વાગત કરી વાતાવરણમાં માદકતા ફેલાવનાર મયૂર તો આપણે ત્યાં સરસ્વતીદેવીનું પ્રિય વાહન પણ મનાયો છે. કોઈ રાજવી જેવા દબદબાભર્યા તેના દેખાવ તથા ભભકદાર રંગસૌંદર્યને કારણે કવિઓ અને કલાકારોને તે એટલો તો પ્રિય છે કે લલિત સાહિત્યમાં કોયલ પછી કદાચ બીજે જ નંબરે તેનો વિપુલ ઉલ્લેખ આવે.

કોઈ રાજવંશીનો ખ્યાલ આપતી માથે શોભતી સુંદર કલગી, શરીર પર વૈવિધ્યભરી વાદળી રંગાવટ અને પૂંછડી પર લીલી ઝાંય મારતા આસમાની રંગનાં ચાંદલિયાળાં પીછાંનો રંગસમૃદ્ધ સંભાર એવું એનું રૂપ અત્યંત મોહક છે. પણ મોરનું સાચું અને સંપૂર્ણ સૌંદર્ય તો તે જ્યારે પોતાની માદા-ઢેલને રીઝવવા એ પૂંછડીનાં પીછાંની કળા કરી નૃત્ય કરે છે ત્યારે ખીલે છે. એ ભવ્ય શોભા માણસને ચકિત કરી દે છે. રંગોનું એ વિપુલ વૈવિધ્ય જોઈ કુદરતે તેના પર મુક્ત હસ્તે રંગોની લીલા વેરી દીધી હોય એમ લાગે છે.

નદી સરોવરથી સભર વનસ્થલનો તે વાસી છે ને ઘણુંખરું ૩-૪ ઢેલ સાથે ફરતો હોય છે. માદાને નરના જેવી કલગી તો હોય છે, પણ બાકીના શરીર પર નર જેવો રંગસંભાર નહિ હોવાથી અડવી લાગે છે.

તીક્ષ્ણ દૃષ્ટિ ને સરવા કાન ધરાવતું આ પંખી એટલું તો બીકણ છે કે કોઈનો સહેજમાત્ર અણસાર મળતાં જ નાસી જાય છે. ઘણુંખરું તે જમીન પર જ ફરે છે અને પોતાની ભારે કાયાને કારણે ઊડવાનો કાયર છે; છતાં જરૂર પડે ત્યારે ન ફફડે મોટા અવાજ સાથે ઊડે પણ છે. તેનો ખોરાક આમ તો દાણા ને વનસ્પતિ છે, પણ લાગ મળતાં જીવજંતુ, ખિસકોલી, નાના સાપ આદિને છોડતો નથી. ઢેલ ૩ થી ૫ બદામી પડતાં રંગનાં ઈંડાં મૂકે છે. ઈંડાં સેવાઈ રહેતાં ૨૬થી ૨૮ દિવસ લાગે છે.



રામને પણ અમેરિકન નાગરિક બનવાનો હક ચાલ્યો ગયો પણ એની લેશમાત્ર ચિંતા નકરતાં તેમણે બંનેએ ધંધાના વિકાસ તરફ ધ્યાન પરોવ્યું અને ૧૦ વર્ષમાં તો અથાક પરિશ્રમ લઇને તેમણે ધંધાની સિકલ બદલી નાખી. તેમની નાની સરખી દુકાન એક જંગી સ્ટોરમાં પલટાઇ ગઇ, એટલું જ નહિ પણ બીજે બે ગામ પણ તેની શાખાઓ શરૂ થઈ. નોકરો તથા કારકૂનો સાથે જે આત્મીયતાભર્યો સંબંધ તે રાખતાં તેથી તેમને માણસો પણ સારાં મળી રહ્યાં. અને વર્ષે દહાડે ૬૬ લાખ રૂપિયાનો જંગી વેપાર તેમણે કરવા માંડ્યો.

આમ, સારી સંપત્તિ ભેગી થતાં પોતાના દેશની આબાદીના વિચારો સિદ્ધ કરવા તે હવે પ્રવૃત્ત થયા. તેમનું સ્વપ્ન તો હિંદને અમેરિકા જેવો સમૃદ્ધ અને શક્તિશાળી દેશ બનાવવાનું હતું. તે માટે પ્લેગ, કૉલેરા તથા મેલેરિયાથી દર વર્ષે મરતા ૭૦ લાખ લોકોને બચાવવા જોઇએ, અન્ન વગર ભૂખે મરતા પોતાના ૮ કરોડ જેટલા દેશબાંધવોને અન્નનો કોળિયો પહોંચાડવો જોઈએ, અને દેશને આબાદ બનાવવા અનેક ઉદ્યોગો સ્થાપવા જોઈએ. આ માટે તેમણે મૂળ તરફ નજર પહોંચાડી અને જોયું કે આ સર્વ ભગીરથ કાર્યો પાછળ ઉચ્ચ શિક્ષણ લીધેલા નિષ્ણાતોની પહેલી જરૂર છે. હિંદના કેટલા યે બુદ્ધિશાળી વિદ્યાર્થીઓને કેવળ આર્થિક અશક્તિને કારણે પરદેશોમાં ઉચ્ચ અભ્યાસ લેવાની મહત્ત્વાકાંક્ષા છોડી દેવી પડે છે એની પણ તેમને ખબર હતી. આથી આવા મહત્ત્વાકાંક્ષી લાયકાતવાળા હિંદીઓ પરદેશમાં જઈ શકે અને ત્યાં જઈ દેશોપયોગી અદ્યાવત જ્ઞાન મેળવી આવી દેશની પ્રગતિ કરી શકે તે માટે તેમને આર્થિક મદદ આપવાનું તેમણે નક્કી કર્યું.

આ માટે તેમણે 'વાટુમલ ફાઉન્ડેશન' નામની વિખ્યાત સંસ્થાની કૅલિફોર્નિયાના લૉસ ઍન્જલિસ શહેરમાં સ્થાપના કરી અને એ સંસ્થાને પોતાના ધંધામાં ભાગીદાર બનાવીને ધંધાના નફામાંથી તેને કાયમી આવક મળે એવી વ્યવસ્થા કરી. પહેલે વર્ષે તેમણે ૧૪ શિષ્યવૃત્તિઓ (ફેલોશિપ) આપવાની જાહેરાત કરી. જેમાં વિદ્યાર્થીઓને અમેરિકા જવા-આવવાના તથા ભણવાના ખર્ચ ઉપરાંત દર મહિને ૪૬૫ રૂપિયા બે વર્ષ સુધી મળવાના હતા. તે માટે યોગ્ય વિદ્યાર્થીઓની પસંદગી જાતિ, ધર્મ કે રાજકીય કારકિર્દી પરથી નહિ પણ કેવળ લાયકાત પરથી થવાની હતી. જ્યારે વાટુમલની આ ઉદાર સખાવતની અને અભિનવ વ્યવસ્થાની જાહેરાત થઈ ત્યારે સમસ્ત હિંદે 'હિંદના સેસિલ ર્‌હોડ્ઝ'તરીકે તેમનું ગૌરવ કર્યું. પહેલે વર્ષે તે ૧૪ શિષ્યવૃત્તિઓ માટે ૨૦૦૦ અરજીઓ આવી! જેમાંથી હિંદ અને અમેરિકાના શ્રેષ્ઠ કેળવણીકારો તથા નિષ્ણાતોની બનેલી સમિતિએ ૧૪ યોગ્ય વ્યક્તિઓને ચૂંટી કાઢી.

આ 'વાટુમલ ફાઉન્ડેશન' ઉપરાંત હિંદ અને અમેરિકા એકબીજાનો વધુ સારી રીતે પરિચય પામે તે માટે તેમણે બંને દેશના નામાંકિત સંસ્કારસ્વામીઓને પરસ્પરના દેશમાં મોકલવાની વ્યવસ્થા કરી. તે પ્રમાણે હિંદ તરફથી હિંદના પ્રખ્યાત તત્ત્વચિંતક સર રાધાકૃષ્ણનને તેમણે અમેરિકા આમંત્ર્યા અને અમેરિકા તરફથી પુલિટ્ઝર ઈનામના વિજેતા ડૉ. મર્લે કર્ટિવને હિંદ મોકલ્યા. વળી હિંદ અને અમેરિકાનાં પુસ્તકાલયોમાં એકબીજાના દેશને લગતી માહિતી આપતાં પુસ્તકો પણ તેમણે રખાવ્યાં છે, જેથી બંને દેશો એકબીજાને સારી રીતે સમજી શકે. એ ઉપરાંત અમેરિકામાં વૉશિંગ્ટન, ન્યૂ યૉર્ક અને કોલંબિયાની યુનિવર્સિટીઓમાં હિંદ વિષે વ્યાખ્યાનો અપાવવાની વ્યવસ્થા કરી છે. હિંદ વિષે અમેરિકાને વધુ ને વધુ માહિતી મળે તથા હિંદને અમેરિકા વચ્ચે મૈત્રી બંધાય તે માટે તેમના સતત પ્રયત્નો ચાલુ છે. તેમણે હિંદના વિદ્યાર્થીઓને પરદેશ મોકલવાનો જે જ્વલંત દાખલો બેસાડ્યો છે, તેનું અનુકરણ હાલ કેટલાક ઉદ્યોગપતિઓએ પણ કરવા માંડ્યું છે અને હિંદની સરકારે તો હાલમાં જ ૧૬૦૦ જેટલા પદવીધર વિદ્યાર્થીઓને પરદેશ ઉચ્ચ શિક્ષણ લેવા મોકલ્યા છે.

૧૯૪૬ના જુલાઈમાં અમેરિકન સરકારે પોતાના 'ઓરીએન્ટલ ઇમિગ્રેશન' કાયદાને સુધારીને હિંદીઓને અમેરિકન નાગરિક બનવાની પરવાનગી આપી. એ સુધારા હેઠળ સૌ પહેલા અમેરિકન નાગરિક બનવાનું માન ગોવિંદરામને જ મળ્યું. તેમને આજે બે પુત્રીઓ અને એક પુત્ર છે.

તુલસી : આંગણાનું અણમોલ ઔષધ

ચોમાસું આવે છે. તેની રોગિષ્ટ હવા સામે, મચ્છર સામે અને એ ઋતુમાં થતા રોગો સામે કુદરતે એ જ ઋતુમાં ખૂબ ફૂલતોફાલતો એક અતિ ઉપયોગી છોડ સર્જ્યો છેઃ આપણો ચિરપરિચિત તુલસી.

હજી પૂરાં પચાસ વર્ષ નથી વીત્યાં. એ વખતે પ્રત્યેક હિન્દુના ઘેર, ફળિયામાં, બાગમાં અને મંદિરમાં તુલસીની પ્રતિષ્ઠા થતી. આપણા ભારતીય વૈજ્ઞાનિકોએ તુલસીમાં અનેક ગુણોનાં દર્શન કર્યાં હતાં, અને એ નિરુપદ્રવી વૃક્ષનો દરેક લાભ લઈ શકે એ હેતુ લક્ષમાં રાખી તેને આંગણાની શોભાનું ને પૂજાનું સ્થાન આપ્યું હતું. તુલસીમાં રહેલું જંતુનાશક તત્ત્વ હવામાં ફેલાય અને હવા નિર્મળ રાખે એ તેમાં હેતુ હતો. પરંતુ આધુનિક સભ્યતાએ આપણા આરોગ્ય અને જીવન માટે અણમોલ ગણાતું એ ઔષધ ખૂંચવી લીધું છે.

તુલસીની જેટલી ઉપયોગિતા હવાશુદ્ધિની દૃષ્ટિએ છે, તેટલી જ ઉપયોગિતા ઘરમાં થતાં નાનાં મોટાં દરદો મટાડવાની દૃષ્ટિએ પણ છે. તેની માહિતી ટૂંકમાં આ નીચે આપી છેઃ

(૧) ઘરમાં કોઇને પણ શરદી થઈ હોય તો તુલસીનાં પાન અને કાળાં મરીનો ઉકાળો કરીને દિવસમાં બે વખત પાવો. ત્રણ દિવસમાં શરદી મટી જશે. (૨) ઉધરસ થાય તો તુલસીનાં માંજર વાટીને મધ અથવા આદુના રસમાં દિવસમાં બે ત્રણ વાર ચાટી જવાં. (૩) ઘણીવાર બાળકો ને મોટાંઓને કાનમાં શૂળ જેવા ચસકા ઊપડે છે, એ વખતે તુલસીનાં પાનનો રસ કાઢી કાનમાં નાખવાથી શૂળ મટી જશે. (૪) ઈન્ફ્લ્યુએન્ઝા(વાતકફ જ્વર)માં કાળાં મરી અને તુલસીનાં પાન સરખે ભાગે વાટીને ચણા જેવડી ગોળીઓ વાળી દિવસમાં ત્રણ વખત બબ્બે ગોળીઓ પાણી સાથે લેવી. (૫) ઘરમાં ઘણીવાર નાનાં બાળકો ભરાઈ જાય છે. આવા પ્રસંગે આગળના વખતમાં દાદીમા તુલસીનાં પાનનો રસ ગરમ કરીને પાઈ દેતાં અને છાતીએ ચોપડતાં. જેથી બાળકો સારાં થઈ જતાં. (૬) દાદર થાય તો તુલસીનો રસ દિવસમાં બે વાર તે પર લગાવવો. (૭) શરીરમાં ખજવાળ આવતી હોય તો તુલસીનો ખરડ કરો અને પછી ગરમ પાણીએ નવરાવો. (૮) ઝેરી જંતુના કરડ પર તથા વીંછીના ડંખ

પર તુલસીના રસમાં જરા મીઠું મેળવીને લગાડવાથી વેદના શાંત થશે. (૯) બાળકોનું પેટ ચડી ગયું હોય ત્યારે એક ચમચી તુલસીનો રસ પાઈ દેવો. (૧૦) માથું દુઃખતું હોય, ત્યારે તુલસીના સૂકા પાનનું ચૂર્ણ કરી એ ચૂર્ણ છીંકણી માફક સૂંઘવું. તરત માથું હળવું થઈ જશે. (૧૧) પેટમાં વાયુના ગરબડાટ હોય, પેટ ઢમઢોલ જેવું લાગતું હોય તો તુલસીનાં પાન, સીંધાલુણ, હીંગ અને મરીનો ખારો ઉકાળો કરીને પી જવો. (૧૨) ભૂખ ન લાગતી હોય તો તુલસીનાં પાનનો ચા પીવો. (૧૩) જીર્ણ તાવમાં ગળોના ઉકાળામાં તુલસીનો રસ અને મધ નાખી બે વખત ઉકાળો પીવો. (૧૪) મૅલેરિયામાં કાળાં મરીના વસ્ત્રગાળ ચૂર્ણને તુલસીના સ્વરસની એકવીસ ભાવનાઓ આપીને એ ચૂર્ણ દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવું. (૧૫) હૃદયરોગ પર તુલસીનો ક્ષાર સવાર-સાંજ બબ્બે રતી જેટલો મધ સાથે અથવા ગોળ સાથે ચટાડવો. (૧૬) આળસ, સુસ્તી અને નબળાઇમાં તુલસીનાં પાનનો ચા, દૂધ, એલચી અને સાકર નાખીને પીવો. (૧૭) બાળકોને ઉલટી અને ઉબકો થતાં હોય ત્યારે તુલસીનો રસ મધ નાખીને પાવો. (૧૮) રતાંધળાપણું આવ્યું હોય તો કાળાં તુલસીનો રસ કાઢી બબ્બે ટીપાં આંખમાં પંદરવીસ દિવસ નાખવાં. (૧૯) શરીરે શીળસ નીકળ્યા હોય, તો તુલસીના રસનો શરીર પર ખરડ કરવો. (૨૦) વાયુના સોજા ચડ્યા હોય ત્યારે તુલસીનો રસ, ઘી અને મરીનો ભૂકો એકત્ર કરી દિવસમાં બે વખત પાવો. (૨૧) ઉંદર કરડે તો એના કરડ પર તુલસીના રસમાં અફીણ વાટીને ચોપડવું. (૨૨) ગમે તે પ્રકારની ઉલટીમાં તુલસીના રસમાં એલચીનું ચૂર્ણ નાખીને દિવસમાં ત્રણ વાર પીવું. (૨૩) બાળકોના ઝાડા પર તુલસીનાં બી વાટીને પાવાં. (જયહિંદ)

દોરી કૂદવાનો એક નવો રેકૉર્ડ

[આ નીચે આપેલી, શ્રી ભગવતપ્રસાદ જાનીના દોરી-કૂદકાના રેકૉર્ડની વિગત વાંચી તેની નોંધ લેતાં અમને આનંદ થાય છે. પણ એને દુનિયા આગળ માન્ય 'રેકૉર્ડ' તરીકે ન ધરી શકાય; કારણકે એ વિષયના જ્ઞાતા અને વિશ્વસનીય નિરીક્ષકોની સાક્ષીએ એ પ્રયોગ થવો જોઇએ.તજ્જ્ઞના સાક્ષ્ય વિનાનો પ્રયોગ આંતરરાષ્ટ્રીય વ્યાયામ-સમાજમાં પ્રમાણભૂત નહિ ગણાય. માટે આવા પ્રયોગ કરનારે અગાઉથી એના ખાસ જાણકારોને માહિતગાર કરીને, એમને સાક્ષી થવા આમંત્રવા જોઇએ, તેમજ ઑલ ઇન્ડિયા ઑલિમ્પિક જેવી સંસ્થાને અને આ વિષયની નિષ્પક્ષપાતપણે સમીક્ષા કરનારાં સામયિકોને એમના પ્રતિનિધિ મોકલવા મનાવવા જોઇએ. તો જ સમગ્ર પ્રયોગ પ્રમાણભૂત બને. (—હ. આ.)]

ગઈ તા. ૨૫મી એપ્રિલે શ્રી. ભગવતપ્રસાદ દુલેરાય જાનીએ અમરેલીમાં 'પારેખ મહેતા વિદ્યાલય'માં અગ્રગણ્ય પ્રજાજનો અને મુખ્ય અમલદારોની હાજરીમાં, દુનિયાનો સતત દોરી કૂદવાનો (Non-stop skipping) રેકૉર્ડ જે પોતે પાંચ વર્ષ પહેલાં વાંકાનેર મુકામે તોડ્યો હતો તે ફરી તોડવાનો પ્રયત્ન કર્યો હતો. તેમાં તેઓ ૨ કલાક ૩૧ મિનિટ જેટલા સમયમાં ૧૪,૪૦૪ વખત દોરી કૂદ્યા હતા. જગતમાં આ દિશામાં રેકૉર્ડ કરી પ્રથમ સ્થાન લેનાર અમેરિકન એરટર લેવીએટ ને જ્યૉર્જ ડબ્લ્યુ. રોલૅન્ડોએ દરેકે એક શ્વાસે ૧૫,૦૦૦ 'સ્કિપ' કરેલા છે. ભાઈ જાની આ પ્રયત્નમાં સમય ને ગણત્રીની બાબતમાં બંને રેકૉર્ડ ન તોડી શકતાં ફક્ત ઝડપનો રેકૉર્ડ તોડી શક્યા હતા. ઈ. ૧૯૪૩માં એમની દર મિનિટની સરાસરી ૮૫·૭ કૂદકાની હતી, જ્યારે આ પ્રયત્નમાં એ સરાસરી વધીને ૯૫·૪ થઈ હતી.

મૂળ વાંકાનેરના વતની ભાઈ ભગવતપ્રસાદ જાનીનો જન્મ



પાલીતાણામાં ૧૯૭૫ના મહા વદ ૧૧ના રોજ થએલો. વાંકાનેરમાં મૅટ્રિક સુધી ભણ્યા એ દરમ્યાન કસરતનો શોખ લાગેલો અને ઇ. ૧૯૩૩માં સૌરાષ્ટ્ર વ્યાયામ મંડળે પોરબંદરમાં યોજેલા ગ્રીષ્મ વર્ગમાં તેમણે 'વ્યાયામ વિશારદ'ની પરીક્ષામાં સફળતા મેળવી. ત્યાં સ્વ. છોટુભાઈ માકડ(વીર માકડ)નો પરિચય થયો. શ્રી માકડ સન ૧૯૩૧માં દોઢ કલાકમાં ૭૦૦૦ દોરી કૂદ્યા હતા એ સાંભળીને દુનિયાના ૧૫૦૦૦ના રેકૉર્ડ વચ્ચેનો મોટો તફાવત એમને ખૂંચ્યો અને ભવિષ્યમાં વધારે સારું કૂદી બતાવવાનો સંકલ્પ કર્યો. સન ૧૯૩૯માં વાંકાનેરમાં પોતે સ્થિર થઈ અખાડાની પ્રવૃત્તિ શરૂ કરતાં એ સંકલ્પને ફળદાયી બનાવવાનો પુરુષાર્થ આદર્યો અને માત્ર ૭૫ કૂદકાથી શરુ કરી પોણા બે વર્ષમાં તેઓ વીર માકડે કરેલો ૭૦૦૦નો રેકૉર્ડ વટાવીને ૯૦૦૦ સુધી પહોંચ્યા. એવામાં વચ્ચે ટાઇફૉઈડની બીમારી આવતાં તે બંધ રહ્યું, અને દોઢ વર્ષ બાદ ફરી શરૂ કરી સન ૧૯૪૩ના મે માસમાં પોતાના મિત્રમંડળ સમક્ષ તે ૨ કલાક ૧ મિનિટમાં ૧૦૫૧૧ કૂદ પર પહોંચ્યા. હવે એમને જગતનો રેકૉર્ડ તોડવાની તાલાવેલી લાગી અને રોજના ૫૦૦ વધીને એમણે ૨૫-૮-૧૯૪૩ના રોજ વાંકાનેરની જનતા અને શ્રી મહારાજકુમાર સમક્ષ ૨ કલાક ૫૬ મિનિટમાં ૧૫૦૭૫ સ્કિપ કરીને નવો રેકૉર્ડ સ્થાપ્યો.

હાલ તેઓ અમરેલીના 'પારેખ મહેતા વિદ્યાલય'માં વ્યાયામ-શિક્ષક તરીકે કામ કરે છે. તેઓ હજી પોતાનો જ રેકૉર્ડ તોડીને નવો રેકૉર્ડ સ્થાપવાની ઉમેદ ધરાવે છે અને જો આર્થિક સહાય મળે તો તે માટે પશ્ચિમના દેશોમાં જવાની આશા રાખે છે.

વાળ

માણસ માથે વાળ સાથે જન્મે છે અને મરણ પર્યંત વાળ એની સાથે જ રહે છે. પણ જન્મથી મરણ સુધીના ગાળા દરમિયાન વાળ વિષેની બહુ ઓછી સાચી હકીકતો એના જાણવામાં આવે છે.

બાળકના જન્મ પહેલાં લગભગ છ મહિનાથી ગર્ભમાં જ એના માથાના વાળ ઊગવા માંડે છે અને જીવનના છેલ્લા શ્વાસ સુધી ઊગવાની એ ક્રિયા ચાલુ જ રહે છે.

આપણા શરીરની પ્રક્રિયાઓમાં મેલેનિન નામનો એક પદાર્થ પેદા થાય છે અને વાળનાં મૂળિયાંને તેનું પોષણ મળે છે. વાળનો રંગ પણ આ મેલેનિનમાંથી જ મળે છે. પણ માણસની ઉમર જેમ-જેમ વધતી જાય અને શરીરમાં મેલેનિન ઓછું ને ઓછું પેદા થતું જાય તેમતેમ વાળ ભૂખરા બનતા જાય છે. તેમાં યે કોઇ ચાલુ વાળનો પોતાનો રંગ કાળો મટીને ભૂખરો બનતો નથી, પણ એક કાળો

વાળ મરીને ખરી જાય તે પછી જ તેની જગ્યાએ ઓછા મેલેનિનવાળો નવો ભૂખરો વાળ ઊગે છે.

ઘણાના વાળ કાચી ઉંમરે ધોળા થાય છે. તેનાં જુદાંજુદાં કારણો છે : (૧) જિંદગીભર ચાલે તેટલો મેલેનિનનો જથ્થો પેદા કરવાની વારસાગત અશક્તિ; (૨) અતિશય ચિંતા, વ્યથા કે એવાં કારણે જ્ઞાનતંતુઓનું ઢીલાં પડી જવું કે (૩) ટાઇફૉઈડ, મેલેરિયા યા એવા ઉગ્ર રોગોને કારણે શરીરનું જોમ હણાઇ જવું. દુર્ભાગ્ય એ છે કે બીજી અનેક શોધો થઇ છે પણ મેલેનિન તૈયાર કરવાની શક્તિ માણસે એકવાર ગુમાવ્યા પછી તે ફરી પ્રાપ્ત કરવાનો કોઇ રસ્તો વિજ્ઞાન હજી શોધી શક્યું નથી.

કોઇ જબ્બર આઘાતને કારણે માણસના વાળ રાતોરાત ધોળા થઇ ગયાની વાતો ઘણાએ સાંભળી અને વાંચી હશે. હજી હમણાં સુધી વૈજ્ઞાનિકો આ વાત માનવાની ના પાડતા હતા. પણ જુદીજુદી ઑસ્પિટલમાં એવા સંખ્યાબંધ બનાવો બન્યા પછી આ વાત હવે સૌને સ્વીકારવી પડી છે. એમ બનવાનાં ચોક્કસ કારણો જાણવા માટે હજી સંશોધન ચાલી રહ્યું છે.

ઓચિંતાનાં રૂવાં(રોમાંચ) ઊભાં થઇ જવાની વાત પણ કલ્પિત નથી. શરીરના દરેક વાળના મૂળ સાથે એકએક બારીક સ્નાયુ સંકળાએલો હોય છે. આપણને બહુ બીક લાગે કે ઓચિંતી ટાઢ વાય ત્યારે એ સ્નાયુઓ સંકોચાઈ જવાથી શરીરની રુવાંટી ઊભી થઈ જાય છે.

માણસના વાળમાં કોઇ અજબ શક્તિ રહેલી છે. કોઈ પણ સામાન્ય માણસનો એક જ વાળ ૧/૪ રતલ વજન તોળી શકે છે. માથામાં સરેરાશ એક લાખ વાળ હોય છે એ ગણતરીએ, એક ચોટલાને આધારે કેટલા બધા ટનનું વજન લટકાવી શકાય તે ગણવું મુશ્કેલ નથી !

આપણા વાળ રબર જેવા સ્થિતિસ્થાપક છે. સરેરાશ વાળને તેની લંબાઈના ૧/૫ ભાગ જેટલો ખેંચીને લંબાવી શકાય છે, પ્રયોગો

મહાએકાદશી

'ઉત્सवप्रिया: खलु मानवा:' એ સનાતન કહેવત અનુસાર તહેવારો તો દરેક દેશમાં અને દરેક કાળમાં હોય જ છે, પરંતુ આપણા દેશમાં તહેવારો તથા ઉત્સવોની જેટલી વિપુલતા તથા વૈવિધ્ય છે તેટલાં બીજે ભાગ્યે જ હશે. પણ આપણા તહેવારો પાછળ બીજા દેશોની માફક કેવળ આમોદપ્રમોદની કે રોજના કંટાળા ભરેલા જીવનમાં આનંદ ઉત્પન્ન કરવાની જ દૃષ્ટિ નથી રહેલી. પ્રજાજીવનને ધારણ કરનાર ધાર્મિક ભાવના સચેત રહે, કોઈ મહાન ઐતિહાસિક પ્રસંગ કે રાષ્ટ્રીય ભાવનાનું સ્મરણ તાજું રહે, લોકોને સામાજિક કેળવણી મળે, આર્ય સંસ્કૃતિનાં વિવિધ અંગો ખીલે તથા ઋતુ પ્રમાણે જીવનમાં આવશ્યક ફેરફાર કરી વ્યક્તિ પોતાનું આરોગ્ય સાચવી શકે, એવા અનેક હેતુઓ એ તહેવારોની પાછળ રહેલા છે.

આષાઢ સુદ ૧૧ને દિવસે આવતો આ તહેવાર આપણે ત્યાં દેવશયની કે દેવપોઢી એકાદશી તરીકે પણ જાણીતો છે, કારણ એ દિવસે ભગવાન વિષ્ણુ શયન કરી જાય છે અને ચાર માસ શયનમાં ગાળી કારતક સુદ ૧૧ને દિવસે તે ઊઠે છે એમ મનાય છે. ચાતુર્માસનો પ્રારંભ આ દિવસથી થતો હોવાથી લોકો તે દિવસે આરોગ્યની દૃષ્ટિએ હિતકર એવાં કેટલાંક વ્રતો લે છે; તેનું મૂળ કારણ તો એ કે ચોમાસામાં સૂર્યપ્રકાશ ઓછો રહેતો હોવાથી પાચનશક્તિ મંદ રહે છે અને બીજી રીતે પણ હવાપાણી સારાં ન હોવાથી ખાનપાનમાં અમુક જાતનો સંયમ આવશ્યક બને છે, જેથી ચોમાસું નિર્વિઘ્ન અને સુખેથી પસાર થાય છે. આપણે ત્યાં સ્ત્રીઓમાં મોટા પ્રમાણમાં ઊજવાતું 'મોળાકત વ્રત' પણ આ દિવસ પછી શરૂ થાય છે.

વરસની સર્વ અગિયારશોમાં મહત્ત્વની ગણાતી આ એકાદશીને દિવસે મુખ્યત્વે વિષ્ણુની ભાવપૂર્વક પૂજા કરવામાં આવે છે અને દશમ અગિયારશ અને બારશ એમ ત્રણે દિવસ પ્રભુભજનમાં ગાળવાનું શાસ્ત્રવચન છે. દશમને દિવસે એક વખત જમીને અગિયારશને આ દિવસે તદ્દન કોરો ઉપવાસ કરવાનો રિવાજ છે, પણ કેટલાક લોકો તે દિવસે એક વખત જમે છે, કેટલાક ફલાહાર કરે છે અને કેટલાકો ફક્ત ઘઉં ચોખા જ તે દિવસે વર્જ્ય કરે છે. ઉચ્ચનીચ સર્વ લોકો એકસરખા ભાવથી આ તહેવાર વિધિપૂર્વક પાળે છે. વિષ્ણુનાં મોટાં દેવાલયોમાં તે દિવસે યાત્રા ભરાય છે અને મોટો ઉત્સવ થાય છે. પ્રાચીન કાળમાં પાંડવો આદિ રાજાઓ પર આવેલાં સંકટોનો આ એકાદશી વ્રત પાળવાથી વિષ્ણુએ કેવી રીતે નાશ કર્યો એ કથા ભાવિક લોકો આ દિવસે ઘણા ભાવથી વાંચે છે.

ધાર્મિક અને આરોગ્યની આ દૃષ્ટિ ઉપરાંત એક પુરાણ-પ્રસંગને પણ આ તહેવારમાં ગૂંથી લેવામાં આવ્યો છે. પૂર્વે પ્રહ્લાદનો પૌત્ર મૃદુમાન્ય મહાપ્રતાપી અસુર થઈ ગયો. તેણે દેવોને ખૂબ ત્રાસ આપ્યાથી ભગવાન વિષ્ણુએ તેને હરાવી દેવોને જુલમમાંથી મુક્ત કર્યા. મૃદુમાન્યે હવે કઠણ તપશ્ચર્યા દ્વારા ભગવાન શંકરની ઉપાસના આરંભી, મહાદેવને પ્રસન્ન કરી અમરતાનું વરદાન મેળવ્યું અને આમ નિશ્ચિંત બની બમણા જોરથી દેવોને હેરાન કરવાનું શરૂ કર્યું. તેના ત્રાસથી ગભરાઇને બધા દેવો ત્રિકૂટ પર્વત પર ધાત્રી ઝાડની ગુફામાં સંતાઇ ગયા. તેમને શોધતોશોધતો મૃદુમાન્ય ત્યાં જઈ પહોંચ્યો અને ગુફાના દ્વાર આગળ સંતાઈ બેઠો. આમ, ગુફાની બહાર જવાનો રસ્તો બંધ થઈ જવાથી દેવોને ભોજન મળ્યું નહિ ને તેમને ઉપવાસ થયા. પણ એ ઉપવાસથી દેવોના એકત્રિત થએલા શ્વાસમાંથી એક શક્તિ ઉત્પન્ન થઇ, જેનું એકાદશી દેવી તરીકે પુરાણકારોએ અલંકારિક ભાષામાં વર્ણન કર્યું છે. એ શક્તિને દેવોએ ગુફાના દ્વાર પાસે લપાઈ બેઠેલા મૃદુમાન્યનો નાશ કરવાની વિનતિ કરતાં તેણે આ એકાદશીને જ દિવસે મૃદુમાન્યનો નાશ કરી દેવોને તથા પૃથ્વીને યાતનામાંથી છોડાવી. તે વિજય પ્રીત્યર્થે આ દિવસને તહેવાર તરીકે રૂઢ કરવામાં આવ્યો.

હિંદભરમાં સર્વ સ્થળે આ તહેવાર એકસરખા ભાવથી ઊજવાય છે, પરંતુ દક્ષિણમાં પંઢરપુરમાં તો તેનું મહત્ત્વ કંઈ ઓર છે. તે દિવસે ત્યાં વિઠોબાના મંદિર આગળ ઘણી ધામધૂમપૂર્વક મોટો ઉત્સવ થાય છે ને વિઠ્ઠલ(વિષ્ણુ)ના નામસ્મરણથી વાતાવરણ ગાજી ઊઠે છે. વારકરી સંપ્રદાયના દોઢ બે લાખ લોકો તે દિવસે દૂરદૂરથી હાથમાં ધજા લઇ ભક્તિરસથી તરબોળ બની વિશિષ્ટ પાલખીઓ સાથે ચાલતા પંઢરપુર આવે છે, જે પ્રથા છેક ઈ. ૧૨૯૦માં જ્ઞાનેશ્વર મહારાજના વખતથી ચાલી આવી છે. વિઠ્ઠલનું નામસ્મરણ, ભક્ત પુંડલિકનો જયઘોષ, તુકારામના અભંગોનો પાઠ, ભજનકીર્તન તથા મૃદંગના તાલ ઈત્યાદિથી વાતાવરણમાં ભક્તિરસની એવી ઉષ્મા ફેલાય છે કે પંઢરપુર દેવનગરી બની ગયા જેવું લાગે છે.

આમ, સર્વ જગતનું પોષણ ને રક્ષણ કરનાર તરીકે મનાએલા શ્રી વિષ્ણુ પ્રીત્યર્થે ઊજવાતો આ ભારતવ્યાપી તહેવાર ઘણી દૃષ્ટિએ મહત્ત્વનો છે. તે દિવસે લાખો ભાવિક હિંદુઓ જે પ્રેમથી ઈશ્વરસ્મરણ કરે છે તેથી દેશમાં એક પ્રકારનું ધાર્મિક તેજ પ્રકટે છે. વળી તે દિવસે ચાતુર્માસ માટે વ્રત લેવાનો અનુરોધ કરતો આ તહેવાર આરોગ્યની દૃષ્ટિએ પણ અગત્યનો છે.

બાદ જણાયું છે કે વાળ ભીના હોય ત્યારે એને તાણીને એની લંબાઇના ૭૦ ટકા ભાગ જેટલા લંબાવવા છતાં એ તૂટતા નથી !

માથાની તાલમાંથી વાળનો કાંટો ફૂટતો હોય છે તે કાળે એ સૌથી વિશેષ ઝડપભેર ઊગે છે. સામાન્ય રીતે દરેક નવો વાળ પહેલે મહિને પોણા ઈંચની ગતિએ ઊગતો હોય છે. તે પછી એનો વેગ ધીમો પડે છે. સરેરાશ વાળની જિંદગી છ માસથી ચાર વર્ષ સુધીની હોય છે. તે પૂરી થયે એ મરી જઈ ખરી પડે છે, પણ એ જ મૂળમાંથી બીજો નવો વાળ તરત ઊગવા માંડે છે. વાળને મૂળમાંથી ખેંચી કાઢવામાં આવે ત્યારે પણ એ જ જગ્યાએ નવો વાળ ઊગે છે ખરો, પણ એને બહાર ચામડીની સપાટી સુધી આવતાં છથી બાર અઠવાડિયાં લાગી જાય છે.

વાતાવરણમાં ભેજ હોય ત્યારે વાળ લાંબા થાય છે, સૂકી હવામાં એ સંકોચાઇને ટૂંકા થાય છે. વાતાવરણના ભેજની અસર વાળ ઉપર એટલી ઝડપભેર અને સચોટ થતી હોય છે કે ભેજમાપક યંત્રમાં પણ માણસના વાળ વાપરવામાં આવે છે. વધુઓછા ભેજને કારણે યંત્રમાંનો એ વાળ લાંબોટૂંકો થાય તેની સાથેસાથે યંત્રનો એક કાંટો પણ ભેજનું વત્તુંઓછું પ્રમાણ દર્શાવતો જાય છે.

વાળને કલપ દેવડાવનારાઓએ તેમ કરતાં પહેલાં પૂરતો વિચાર કરવા જેવો છે. વનસ્પતિમાંથી બનેલા રંગો જોકે ઓછા નુકસાનકારક હોય છે, છતાં વાળને રંગવાથી એ બગડે તો છે જ. એનો કુદરતી ચળકાટ તે ગુમાવે છે અને બટકણા પણ બને છે.

પણ વાળની બાબતમાં વિજ્ઞાનની સૌથી મોટી શોધ તો તાલ પડવાનાં કારણોની છે. એક અમેરિકન તબીબી શાળામાં ૮૦ ખોપરીઓ ચીરીને તેનો અભ્યાસ કરતાં જણાયું કે શરીરમાં ચૂનો વધી જવાને પરિણામે હાડકાં વધુ પડતાં વિકસી જાય તેથી માથાની સપાટી સુધી જતા લોહીનો પ્રવાહ રુંધાઇ જાય છે ને વાળ ઊગતા બંધ પડે છે. ખોપરીનાં હાડકાંનો વધુ પડતો વિકાસ થવાથી પણ અંદરથી લોહી વહેવાનાં ઝીણાં છિદ્રો પુરાઈ જઇને તાલ પડે છે. એ છિદ્રો જેટલાં વધુ પુરાયાં હોય તેટલું તાલનું પ્રમાણ વધારે હોય છે. ચૂનાનું પ્રમાણ સામાન્ય રીતે સ્ત્રીઓના કરતાં પુરુષોના શરીરમાં વધુ હોવાથી પુરુષોને જ વધુ તાલ પડે છે.

માથે ટોપી પહેરી રાખવાથી તાલ પડે છે એ તો ભ્રમ છે. ઊલટું ઉઘાડે માથે ફરવાથી નુકસાન થાય છે, એથી વાળ એવા સૂકા ને બટકણા બની જાય છે કે પછી એને ખરી પડતાં વાર નથી લાગતી.

માથામાં તાલ પડવાનું કારણ શોધાયા છતાં તેનો ઇલાજ હજી નથી જડી શક્યો. જોકે કેટલાક સાદા નિયમોનું પાલન કરવાથી તાલ પડવાના કાર્યમાં વિલંબ નાખી શકાય છેઃ (૧) વાળને ઘસીઘસીને અને વારંવાર ઓળતાં રહેવું; (૨) માથામાં તેલ બને તેટલી વાર ઘસવું; (૩) માથાની સપાટી સ્વચ્છ રહે તે રીતે માથું બરાબર ધોતા રહેવું અને (૪) માનસિક પરિતાપોથી બને તેટલા દૂર રહેવું.

માથું ઓળવાથી અને ખૂબ ઘસવાથી માથાની સપાટી ચેતનવંતી રહે છે અને તેથી વાળનાં મૂળિયાંને પૂરતું લોહી મળી રહે છે. વાળ વારંવાર ધોવાથી માથું સાફ રહે છે અને કોઇ પણ જાતના ચેપથી એ મુક્ત રહે છે. માનસિક પરિતાપનો પ્રશ્ન તો દરેક વ્યક્તિએ પોતાની મેળે જ વિચારી લેવાનો રહે છે પોતાની ચિંતાઓ, વ્યથાઓ અને નિરાશાઓને પોતે કાબૂમાં રાખી શકે છે કે નહિ તે પ્રત્યેક માનવીએ પોતાની જાતને પૂછી લેવું જોઈએ. કેશ-શાસ્ત્રીઓને તો એટલું જ કહેવાનું હોય છે કે, 'જો તમારું માથું ઠેકાણે રાખશો તો તમારા વાળ સચવાશે.' (કૉરોનેટ)

—મ.

બ્રિગેડિયર મહમ્મદ ઉસમાન અન્સારી

કાશ્મીર મોરચે નૌશેરા વિભાગમાં ધસમસ્યા આવતા પાકિસ્તાન પ્રેરિત ઝનૂની હુમલાખોરોની ચઢાઇને રોકીને, પ્રતિકૂળ સંજોગોમાં પણ કેવળ પોતાની હિંમત, કુનેહ ને બહાદુરીથી તેમને પરાજિત કરી અક્ષુણ્ણ કીર્તિ મેળવનાર બ્રિગેડિયર ઉસ્માનનું ગઈ તા. ૪થીએ લડાઈના મેદાન પર મૃત્યુ થતાં હિંદે કેવળ એક ઉચ્ચ કક્ષાના સેનાપતિ જ નહિ પણ એક પ્રથમ પંક્તિના ચારિત્ર્યશીલ અધિકારી ગુમાવ્યા છે. યુદ્ધની શૌર્ય-ખુમારી સાથે લોકહિતની દૃષ્ટિ તેમનામાં એટલી પ્રબળ હતી કે માત્ર લશ્કરમાં જ નહિ પણ જનતામાં પણ તે એકસરખા લોકપ્રિય હતા. જન્મે મુસલમાન હોવા છતાં કોમથી પર એવી



રાષ્ટ્રહિતની દૃષ્ટિ રાખી તેમણે કાશ્મીર મોરચે હિંદી સંઘ તરફથી જે અતુલ્ય પરાક્રમ બતાવ્યું તેથી પાકિસ્તાની હુમલાખોરોની બાજી એવી તો ધૂળમાં મળી ગએલી કે તેમણે બ્રિ૦ ઉસ્માનના માથા માટે ૫૦ હજાર રૂપિયાનું ઈનામ જાહેર કરેલું !

યુક્તપ્રાંતના આજમગઢ જિલ્લાના બીબીપુર નામના ગામડામાં તેમનો જન્મ થએલો. તેમનું કુટુંબ ગાંધીજીના પરિચિત મહૂંમ ડૉ. અનસારીના કુટુંબ સાથે સંકળાએલું હતું. શરુનું શિક્ષણ કાશીની હરિશ્ચન્દ્ર હાઈસ્કૂલમાં લઇ અલ્લાહાબાદ યુનિવર્સિટીમાંથી તે બી.એ. થયા; જે દરમ્યાન તેમણે ઉત્તમ ખેલાડી તથા રાજકારણના અભ્યાસી તરીકે નામના મેળવેલી. ત્યાંથી તે ઇંગ્લંડની પ્રખ્યાત લશ્કરીશાળા સૅન્ડહર્સ્ટમાં અભ્યાસ કરી લશ્કરમાં દાખલ થયા ને પોતાના ઉચ્ચ ગુણોને કારણે ઝપાટાબંધ પ્રગતિ કરવા લાગ્યા. ૧૯૩૫થી ૪૧ તે બલુચ રેજિમેન્ટમાં હતા. ત્યાર પછી તે પેશાવર વિસ્તારમાં કૅપ્ટન નિમાયા. ગયા મહાયુદ્ધમાં ઈરાક ને બ્રહ્મદેશમાં પણ તેમણે પ્રશંસનીય કામગીરી બજાવી હતી. એ અરસામાં પૅરેશ્યૂટયુદ્ધનું શિક્ષણ લઇ આવી પૅરેટ્રૂપર્સ ટુકડીના અધિકારી બન્યા હતા.

ઉચ્ચ લશ્કરી ગુણો સાથે બ્રિગેડિયર ઉસ્માનનું ચારિત્ર્ય શુદ્ધ અને પારદર્શી હતું. તેમણે કદી બીડી કે તમાકુનું સેવન કર્યું નથી કે દારૂને હાથ લગાડ્યો નથી. વળી તેઓ ચુસ્ત શાકાહારી હતા અને અત્યાર સુધી અપરિણિત રહ્યા હતા. મહાત્માજી માટે તેમને અત્યંત માન હતું અને તેમના સિદ્ધાંતોને તે અનુસરવા મથતા. જે હાથ વડે તે રાઇફલ ચલાવતા તે જ હાથ વડે જ્યારે તે પોતાના નિવાસસ્થાને રેંટિયો કાંતતા બેસતા ત્યારે અનેકો આશ્ચર્યથી જોઇ રહેતા ! ગણવેશમાં ન હોય તે વખતે તેઓ ખાદીનો જ પોશાક પહેરતા અને વખત મળે ત્યારે મહાત્માજીની 'આત્મકથા'નું પારાયણ કરતા ! માત્ર એમના કાયમી નિવાસસ્થાને જ નહિ પણ યુદ્ધક્ષેત્ર પરની એમની કચેરીમાં પણ મહાત્માજીની છબિ લટકતી.

પણ ઉસ્માનમાં રહેલી તેજસ્વી રાષ્ટ્રીયતાનાં દર્શન તો હિંદના ભાગલા પડયા ત્યારે થયાં. તે વખતે ઘણાખરા મુસ્લિમ અધિકારીઓ પાકિસ્તાનમાં મળતા મોટામોટા હોદ્દાઓને કારણે હિંદ છોડી પાકિસ્તાન જતા. પણ બ્રિ૦ ઉસ્માને હિંદ છોડવાની ના પાડી. દ્વિરાષ્ટ્ર સિદ્ધાંતના તે મૂળથી જ વિરોધી હતા.

૧૯૪૭ના ઑગસ્ટમાં મુલતાનમાં વ્યવસ્થા જાળવવા તે નિમાયા. ત્યાં તથા ગુરુદાસપુરમાં રાતદિવસ પરિશ્રમ કરી તેમણે હજારો હિંદુઓ, શીખો તથા મુસલમાનોને કોમી આગમાંથી બચાવેલા.

ત્યાંથી તે કાશ્મીરમાં નૌશેરા મોરચે નિમાયા. તે વખતે હુમલાખોરોનો ત્યાં ચઢતો સિતારો હતો. પણ બ્રિગેડિયર ઉસ્માને આવતાં વેંત એવી વીજળિક ઝડપે હુમલા કરવા માંડયા કે હુમલાખોરોને નાસતાં ભોંય ભારે પડી. વરસતા બરફમાં જે બહુ દુરીભરી અદ્ભુત કામગીરી તેમણે બજાવી તેની તો પંડિત જવાહરલાલ તથા અનેકોએ પ્રશંસા કરી છે. અંતે, જે યુદ્ધભૂમિ પર તેમણે નામના મેળવી એ જ ભૂમિ પર પ્રાણનું બલિદાન આપીને પોતાની કીર્તિ પર તેમણે કળશ ચઢાવ્યો!

ખરેખર, બ્રિગેડિયર ઉસ્માનના મૃત્યુથી ભારતીય સેનાના નભોમંડળમાંથી એક ઉજ્જવળ સિતારો ખરી પડયો છે.

સ્વીડન (અનુ૦ પૃ. ૨૧૫થી ચાલુ) વિશાળ છે કે પરદેશ નિકાસ થતી વસ્તુમાં લાકડું તથા તેમાંથી બનતા પ્લાઈવૂડ, કાગળ આદિ વસ્તુઓ મુખ્ય છે. નિકાસમાં બીજે નંબરે આવતું લોઢું અત્યાર સુધી કાચું જ મોકલાતું, પણ હવે તેમાંથી વરાળયંત્રો, વીજળિક યંત્રો, એંજિનો વગેરે બનાવાય છે. જગતભરમાં જાણીતા 'પ્રાઇમસ સ્ટવ' પણ સ્વીડનની જ બનાવટ છે. ઉદ્યોગો માટે જરૂરી એવો કોલસો સ્વીડનમાં નહિવત્ છે, પણ તેની ખોટ તેની મબલખ જલશક્તિમાંથી ઉત્પન્ન થતી વિપુલ વિદ્યુત્‌શક્તિએ દૂર કરી છે.

(મારે શું? અનુ. ૧૯૪થી) એવું એને ભાન થતું નહોતું. થોડી વારે પેલા લોકોના માણસો તો આવ્યા નહિ, પણ ઉપરાઉપરી કાપડની ગાંસડીઓ ડબામાં આવવા લાગી! એટલામાં એક પોલીસ આવ્યો ને કાપડ કોનું છે એવી પૂછપરછ કરી. પણ ચારમાંથી એકે એ પોતાનું છે એમ ન કહે. એટલે પોલીસે મહારાજને પૂછયું કે કાપડ તમારું છે? મહારાજે સ્પષ્ટ જણાવ્યું કે પોતાનું તો નથી પણ કોનું છે એ આ ભાઈઓ નક્કી જાણે છે. એટલે એમાંનો એક ઊઠયો ને નીચે ઊતરી પોલીસને દૂર લઈ ગયો. ગાડી ઊપડવાની તૈયારીમાં હતી તે વખતે એ માણસ પાછો આવ્યો. પોલીસ તો પાછો આવ્યો જ નહિ. એ પણ સ્વરાજ્યનું હિત સાચવનાર ઓછો જ હતો? એની પણ દૃષ્ટિ સ્વહિતની જ હતી. પછી તો પુષ્કળ બીજું કાપડ આવ્યું: એટલું બધું કે જાજરૂમાં પણ તાપડું પાથરીને પેલા માણસોએ એનાં પોટકાં ખડકવા માંડયાં. મહારાજે પૂછયું કે માણસો પેસાબપાણી કરવા કયાં જશે? ત્યારે કહે કે 'તમે તમારે જુઓને, ગાડી ઊપડયા પછી બધું બરાબર કરી દઈશું.' જાજરૂ ભરાઈ ગયું, એટલે બહાર થપ્પી થવા માંડી. છતાં મહારાજને જ બધી પડી હોય એમ મહારાજ એકલા જ વિરોધ કરતા રહ્યા. બીજા ઉતારૂઓને આની સામે કશી જ ફરિયાદ કરવાની નહોતી! એમને એમાં શો સ્વાર્થ હતો?

સ્વકર્તવ્ય વિષેની સંપૂર્ણ બેદરકારીનો એક આથી પણ ભયંકર દાખલો ટાંકું. પંદરેક હજારની વસતિવાળા એક ગામમાં ભરવસતિમાં આવેલા ને પુષ્કળ ઊંડા કૂવામાં એક બાઇ પાણી ભરતાં પડી ગઇ. કૂવો ૭૦–૮૦ હાથ ઊંડો હશે. ભારે હોહા મચી ને ખૂબ લોક એકઠું થઈ ગયું. પણ કોઈની અંદર ઊતરીને બાઇને બચાવવાની હામ ન ચાલે. એટલામાં એક જુવાન એ રસ્તેથી પસાર થતો હશે તેણે વાત સાંભળીને હામ ભીડી. કછોટો લગાવીને દોરડેદોરડે એ કૂવામાં ઊતર્યો. પાછળ મજબૂત દોરડાં નંખાયાં. એણે બાઈને પાણીમાંથી કાઢીને કમરે દોરડું બાંધ્યું, એટલે ઉપરવાળાઓએ એને આસ્તેઆસ્તે ખેંચી લીધી. બાઇ ઉપર પહોંચી એટલે સ્વાભાવિકરીતે જ બાઇની સારવાર ચાલી. પણ બાઇને બચાવનાર હજી અંદર રહ્યો છે એવી કોઇને ફુરસત ન રહી! ગરબડ કરતું લોક વિખરાયું ને પેલો જુવાન અંદર જ બરાડતો રહ્યો! અર્ધા કલાકે એક બાઇ ત્યાં પાણી ભરવા આવી તેને આ વાતની જાણ થઈ ત્યાર પછી એનાથી બહાર નીકળી શકાયું. આ દાખલો આમ તો સરતચૂકનો છે, પણ સરતચૂક કેમ થઇ એનું પૃથક્કરણ કરીશું તો તરત સમજાશે કે બીજાઓ પ્રત્યેનાં કર્તવ્ય વિષેની આપણી ઉદાસીનતા જ એની જનેતા છે. પેલા જુવાને તે દિવસે પાણી મેલ્યું કે હવે પછી કોઇને માટે આમ જાન જોખમમાં ના મૂકવો. પણ આવી મૂક પ્રતિજ્ઞા લઇને આપણો આખો સમાજ બેસી ગયો છે તેનું શું? ઉપકાર, કૃતજ્ઞતા, પરસ્પરસહાયના અનુભવની ઉત્તેજના જ આપણા જીવનમાં પરખાતી નથી.

શું હશે આ બધાનું કારણ? આપણી નાતજાતોએ અલગપણાની લાગણી દૃઢ કરી તે સમાજશરીરમાં સર્વત્ર વ્યાપી ગઇ છે? કે લાંબા સમયની ગુલામીનાં દુઃખદૈન્યે આપણને આવા હલકા ને એકલશૂરા બનાવ્યા છે? કે આપણી પ્રાચીન સંસ્કૃતિ જીર્ણ-અતિ જીર્ણ થવાથી એની શિરાઓમાં નવું ચેતન વહી શકતું નથી? રશિયન વાર્તાકાર ચેખોવે એની એક વાર્તામાં લખ્યું છે કે, 'દુઃખી માણસો સ્વાર્થી, ઘાતકી ને અન્યાયી હોય છે. બે ગમારો પણ પરસ્પરના મનોભાવો જેટલા સમજી શકે તેટલા બે દુઃખિયારા સમજી શકતા નથી. દુઃખ મનુષ્યોને સાંધી શકતું નથી; એ મનુષ્યોને વિખૂટા પાડે છે. આપણે એમ માનીએ કે એકસરખા દુઃખને કારણે દુખિયારાની સમાજમાં એકતા પ્રસરતી હશે; પણ ઊલટું સુખિયાના સમાજ કરતાં અન્યાય અને નિષ્ઠુરતાનું પ્રમાણ એમાં ઘણું વધી જાય છે.' તો શું એક કંગાલ દુઃખી પ્રજા તરીકે આપણે જીવ્યા છીએ તેથી આપણો આવો સ્વભાવ ઘડાયો હશે? પણ સ્વભાવ ગમે તે તત્ત્વોએ ઘડયો હોય, છતાં સંકલ્પથી આ સ્વભાવ આપણે જીતવો પડશે. જે છે તેને ઠેકાણે પરસ્પર સહાયની વૃત્તિ અને પાડોશીધર્મ-માનવધર્મને સ્વભાવમાં દૃઢ કરવા પડશે. તો જ આપણે એક પ્રજા છીએ એવો અનુભવ કરી શકીશું. ને એનાં બળ અને મહિમા ભોગવી શકીશું કોઇ મનુષ્ય એકલો જીવી શકતો નથી. એટલે જ એણે બીજા મનુષ્યોનો લાભ લેવાનો છે ને બીજાઓને પોતાનો લાભ આપવાનો છે. 'મારે શું?'ની મનોદશા પૂરેપૂરી વિઘાતક છે કેમકે એ અસામાજિક છે. અત્યારે તો આપણે મહાભારતે વર્ણવેલા કળિયુગનાં લક્ષણો પ્રગટ કરી રહ્યા છીએ. આપણી જવાબદારીઓને મુકાબલે આપણો વ્યવહાર ઘણો જ હીણો ને તુચ્છ બન્યો છે, તેના સાક્ષીપુરાવા શોધવા પડે તેમ નથી. સ્વરાજ્ય ભોગવતી પ્રજાની લાયકાત આપણામાં નથી. પણ આપણે તે કેળવીશું નહિ તો સ્વરાજ્ય ટકશે પણ નહિ. 'મારે શું?'ને અને સ્વરાજ્યને અસલથી આદવેર છે, એના દાખલા હિંદુસ્તાનના ઇતિહાસમાંથી જોઇએ તેટલા જડશે.

શ્રુતબંધુ

ચાલુ તવારીખ : જૂન

તા. ૧ કચ્છનો વહીવટ હિંદી સરકારે લીધો.

તા. ૨ પૅલેસ્ટાઈનમાં લડતા આરબો અને યહૂદીઓએ સલામતી સમિતિનો ૧ માસની યુદ્ધમોકૂફીનો નિર્ણય સ્વીકાર્યો.

તા. ૮ પશ્ચિમના દેશો સાથે હિંદને જોડતી હિંદી વિમાનીઓથી ચાલતી પહેલી હિંદી આંતરરાષ્ટ્રીય વિમાની સર્વિસ શરૂ થઈ.

તા. ૯ ૧૬૦૫૦ ચો૦માઈલ ક્ષેત્રફળ ધરાવતાં ગુજરાતનાં ૧૭ દેશી રાજ્યો તથા ૧૪૨ તાલુકદારીઓ મુંબાઇ પ્રાંતમાં જોડાયાં.

તા. ૧૨ વીરમગામની નાકાબંધી લાઇનદોરી કાઢી નાખવાની હિંદી સરકારની જાહેરાત.

તા. ૧૫ ઇંગ્લંડ-ઑસ્ટ્રેલિયા વચ્ચેની પહેલી ટેસ્ટ મૅચમાં ઇંગ્લંડની ૮ વિકેટે હાર.

તા. ૧૬ નિઝામે હિંદી સંઘની શરતોનો અસ્વીકાર કરતાં છેવટની વાટાઘાટો પડી ભાંગી. ◐. સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફારખાનને ત્રણ વર્ષની સજા અપાઈ.

તા.૧૭ ગુજરાત સાહિત્યસભાનો ૧૯૪૭નો રણજીતરામ સુવર્ણચન્દ્રક પ્રકૃતિવિજ્ઞાની શ્રી હરિનારાયણ આચાર્યને આપવાનો નિર્ણય.

તા. ૧૮ અમેરિકામાં બૅ. આસફઅલીને બદલે હિંદી એલચી તરીકે સર બી. રામરાવ નિમાયા.

તા. ૧૯ મહાત્મા ગાંધીજીના મોટા પુત્ર શ્રી હરિલાલ ગાંધીનું મુંબાઈમાં અવસાન.

તા. ૨૧ હિંદના છેલ્લા અંગ્રેજ ગવર્નર જનરલ લૉર્ડ લૂઈ માઉન્ટબૅટનની વિદાય અને તેમને સ્થાને પ્રથમ હિંદી ગવર્નર જનરલ તરીકે રાજાજીનું ભારે દબદબાથી આરોહણ.

તા. ૨૨ ઇંગ્લંડના રાજાએ 'હિંદના શહેનશાહ'ની પદવીનો ત્યાગ કર્યો.

તા. ૨૮ જાપાનના હોન્શુ પ્રાંતમાં ભયંકર ધરતીકંપ થતાં ૮૫૦૦૦ની વસતિવાળું ફુકી શહેર તથા બીજાં પાંચ શહેરો નાશ પામ્યાં. લગભગ ૩૦,૦૦૦ લોકો માર્યા ગયા ને પાંચ લાખ ઘરવગરના બન્યા. ◐ લોકસભા ચોક્કસ રાષ્ટ્રગીત નક્કી કરે ત્યાં સુધી 'જનગણમન' મુંબાઈમાં રાષ્ટ્રગીત તરીકે મંજૂર થયું.

તા. ૨૯ ઇંગ્લંડ-ઑસ્ટ્રેલિયા વચ્ચેની બીજી ટેસ્ટમૅચમાં ઇંગ્લંડનો ૪૦૯ રને પરાજય.

આ માસ (જુલાઇ) ઈતિહાસમાં

તા. ૨ હોમીઓપથીની ઉપચારપદ્ધતિના શોધક સૅમ્યુઅલ હાનેમાનનું મૃત્યુ, ૧૮૪૩.

તા. ૪ ઈટાલીના મુક્તિદાતા અને કુશળ સેનાની જિસેપ ગૅરીબાલ્ડીનો જન્મ, ૧૮૦૭.

તા. ૯ નંગા પર્વતનું આરોહણ કરવા આવેલા જર્મન સાહસિકો (ડૉ. અલરિશ, હેર વિલી મર્કેલ, ડૉ. વેલ્ઝેન બૅક) એ આરોહણમાં નડેલી હોનારતમાં મૃત્યુને ભેટ્યા, ૧૯૩૧.

તા. ૧૬ સમર્થ ગુજરાતી વિજ્ઞાનશાસ્ત્રી ત્રિભુવનદાસ કલ્યાણદાસ ગજ્જરનું અવસાન, ૧૯૨૦

તા. ૨૦ જેમાંથી વ્યાપક પ્રજાલડત શરૂ થઈ તે બંગાળના ભાગલા લૉર્ડ કર્ઝને કર્યા, ૧૯૦૫.

તા.૨૩ દેશબંધુના મૃત્યુ પછી રાષ્ટ્રીય લડતના નેતા જતીન્દ્રમોહન સેનગુપ્તનું મૃત્યુ, ૧૯૩૩.

તા. ૨૯ પહેલવહેલું ગુજરાતી દૈનિક પત્ર 'સમાચાર દર્પણ' શરૂ થયું, ૧૮૪૯.

તા. ૩૦ ખેડામાં રાસ ગામે સત્યાગ્રહ કરવા નીકળેલા મહાત્માજીની ધરપકડ, ૧૯૩૩.

તા. ૩૧ બૉય સ્કાઉટના સ્થાપક રૉબર્ટ બેડન-પોવેલે તે પદ્ધતિ અમલમાં મૂકી, ૧૯૦૮.



આ માસની વ્યક્તિ-વિશેષ : **બેન્જામિન ગાઈ હૉર્નિમૅન**

અનેક પ્રલોભનો અને સંકટોની તમા રાખ્યા વગર અન્યાયના વિરોધ અને સત્યના સમર્થનનું નીડર કાર્ય કરી સાહસિક પત્રકારત્વનો પંથ નિર્માણ કરનાર તથા જન્મે અંગ્રેજ હોવા છતાં પોતાની નીડર કલમ તથા કાર્યથી જનતા-જાગૃતિનું વ્યાપક કાર્ય કરી હિંદની સ્વાતંત્ર્ય-પ્રાપ્તિની ચળવળમાં મોટો ફાળો આપનાર આજીવન લડવૈયા પત્રકાર બેન્જામિન ગાઇ હૉર્નિમૅનનો જન્મ ઇ. ૧૮૭૩ના જુલાઇની ૧૭મીએ ઇંગ્લંડમાં નૌકાખાતાના એક અમલદારને ત્યાં થયો હતો. શિક્ષણ પોર્ટસ્મથમાં પૂરું કર્યા પછી તે પત્રકારત્વના ક્ષેત્રમાં પડ્યા ને ટૂંક સમયમાં એક સ્થાનિક પત્રના સહસંપાદક બન્યા, અને થોડા વખત બાદ તે પત્રના મુખ્ય સંપાદક નિમાયા. પરંતુ તે પત્રના માલિકે તેમને અમુક બાબતમાં નીતિ બદલવાની ફરજ પાડતાં જ તેમણે રાજીનામું આપી દીધું. ત્યાંથી લંડનની વિખ્યાત ફ્લીટ સ્ટ્રીટમાં થોડો વખત કામ કર્યા બાદ ૧૯૦૬માં કલકત્તાના 'સ્ટેટ્સમૅન' પત્રના મદદનીશ સંપાદક તરીકે તે હિંદ આવ્યા. ત્યારથી હિંદને જ વતન બનાવીને તે રહ્યા. ૧૯૧૩માં તે પત્રના માલિક સાથે વાંધો પડતાં ત્યાંથી પણ છૂટા થયા.

હિંદ માટેની તેમની આત્મીયતા તથા સમર્થ પત્રકાર તરીકેની શક્તિઓને કારણે સ્વ. સર ફિરોઝશાહ મહેતાએ તેમને પોતાના 'બૉમ્બે ક્રૉનિકલ' પત્રના તંત્રી નીમ્યા; અને તેમની નીડર રાષ્ટ્રીય વિચારસરણી તથા સરકારી અન્યાયો પર પ્રખર ટીકા કરવાની નિર્ભયતાને કારણે જોતજોતામાં 'બૉમ્બે ક્રૉનિકલ' સમસ્ત હિંદનું અગ્રિમ પત્ર બની ગયું. તે સાથે હોમરૂલ લીગની ચળવળોમાં પણ તેમણે ભાગ લેવા માંડ્યો. તેમની આ ઉદ્દામ વિચારસરણી તે પત્રના ડિરેક્ટરોને પસંદ ન પડવાથી તેમણે તેમના પર નિયંત્રણ મૂકવાનો પ્રયત્ન કરતાં જ તેમણે રાજીનામું આપ્યું. પણ એથી લોકમત એવો ઉગ્ર બન્યો કે ડિરેક્ટરોને રાજીનામું આપી દેવું પડ્યું; અને નવા ડિરેક્ટર-મંડળે હૉર્નિમૅનને ફરી તંત્રી નીમ્યા.

એવામાં રોલેટ ઍક્ટ આવ્યો અને તે વિરુદ્ધ મહાત્માજીએ શરૂ કરેલી સત્યાગ્રહ સભાના તે ઉપપ્રમુખ નિમાયા અને પોતાની જોશીલી કલમથી સરકારના અત્યાચારનો વિરોધ તેમણે એવો તો ઉગ્ર કર્યો કે આખરે સરકારે તેમને ૧૯૧૯ના મે માસમાં દેશપાર કર્યા. ૭ વર્ષ સુધી ઇંગ્લંડમાં હદપારી ભોગવી ૧૯૨૬માં સરકારી આજ્ઞાને અવગણીને તે હિંદની સેવા કરવા હાજર થયા. થોડો વખત ફરી 'બૉમ્બે ક્રૉનિકલ' ચલાવ્યા બાદ તેઓ નવા પત્ર 'બૉમ્બે સેન્ટિનલ'ના તંત્રી નિમાયા. આજે પણ તે જ સ્થાને તેઓ છે.

બાસ્તિલનું પતન (આ માસનો પ્રસંગ-વિશેષ): રાજાશાહીનો અંત લાવી 'સ્વતંત્રતા, સમતા અને બંધુતા' સ્થાપનાર ફ્રાન્સના જગપ્રસિદ્ધ રાજ્યવિપ્લવના મંગળાચરણ જેનાથી થયા તે આ ઇતિહાસપ્રસિદ્ધ પ્રસંગનો દિવસ ફ્રાન્સમાં રાષ્ટ્રીય તહેવાર તરીકે ઊજવાય છે. ફ્રાન્સના આપખુદ રાજાઓ, જુલમી જમીનદારો તથા અભિમાની અમીરો ને ધર્મગુરુઓના અત્યાચારો નીચે કચડાતી, ભૂખે મરતી ફ્રાન્સની જનતામાં ધખી રહેલા અસંતોષનો જ્વાળામુખી, ૧૭૮૯ના મે માસમાં રાજાએ પાર્લામેન્ટને કચડી નાખવાનો પ્રયત્ન કરતાં જ ફાટી નીકળ્યો. એ પ્રલયકારી જુવાળનો પહેલો શિકાર બન્યો બાસ્તિલનો કિલ્લો, જ્યાં રાજા ને અમીરોની ઇતરાજીનો ભોગ બનેલા સેંકડો નિર્દોષ લોકો કામ ચલાવ્યા સિવાય પૂરી રખાતા. ૧૭૮૯ની ૧૪મી જુલાઇએ એ જંગી કારાગૃહ પર રોષે ભરાએલું લોકદળ ત્રાટક્યું. કિલ્લાના બચાવનો ઉપરીનો પ્રયત્ન નિષ્ફળ કરીને વિરાટ જનશક્તિએ કિલ્લો કબજે કરી કેદીઓને મુક્ત કર્યા અને મૂર્તિમંત દોઝખ સમા એ કિલ્લાને જમીનદોસ્ત કરી નાખ્યો. આ ખબર ફેલાતાં આમ જનતામાં જે નવું જોમ આવ્યું તેણે ફ્રાન્સની રાજક્રાંતિને વિજયી બનાવી દીધી.

ઉદ્યમ ઉદ્યમ ઉદ્યમ વળી અદકો સૌથી આપ;
કર્મ બીચારું બાપડું, ઉદ્યમ પૂર પ્રતાપ.

—શામળ

સસ્તું સાહિત્ય વર્ધક સંસ્થાના સ્થાપક ભિક્ષુ અખંડાનંદજીની ઉદાત્ત નમ્રતાની એક વાત છે કે એક વખત ગુરુપૂર્ણિમાને દિવસે કાર્યાલયનાં પુસ્તકોનાં પ્રૂફ તપાસનાર મણિલાલ વ્યાસને પાંચ રૂપિયા ભેટ મોકલીને સાથે ચિઠ્ઠીમાં લખ્યું: 'કેટલાક મહિના પહેલાં મેં તપાસેલાં પ્રૂફમાં તમે મારી ભૂલ બતાવેલી, તે માટે આજે ગુરુપૂર્ણિમાને દિવસે આ ગુરુભેટ મોકલું છું તે સ્વીકારશો.'

કહેવતોના અર્થ: 'ધૂળધાણી ને વાપાણી'—જે વાત કે કાર્યને અંતે ખૂબ જહેમત પછી પણ કાંઇ યે સાર કે સિદ્ધિ ન નીકળે તેનો અંજામ બતાવવા માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'ડૂંગર ખોદી ઉંદર કાઢ્યો' જેવી: 'ઢેફું ભાંગીને ધૂળ કરી'; 'મુઆ નહિ ને પાછા થયા'; 'દળદર ગયું ને દાથરી આવી'; 'મેલ કરવતિયા કરવત કે મોચીડાના મોચીડા'; 'મણમાં આઠ પાંચશેરીની જ ભૂલ!' વગેરે.

અનેકાર્થી શબ્દ: **ચાક**=પૈડું, ચક્કર; ચક્રગતિ કે ઘૂમરી; કુંભારનો ચાકડો; અંબોડાનું એક ઘરેણું; એક જાતની પોચી સફેદ માટી—ખડી; ફાટેલું કે ચીરેલું; તન્દુરસ્ત; ઊજળું, તેજસ્વી.

પ્રયોગોથી સિદ્ધ થયું છે કે ગાય અગર ભેંસના શરૂઆતમાં દોહેલા દૂધ કરતાં છેવટના દોહેલા દૂધમાંથી વધુ માખણ નીકળે છે.

ધોળા કપડા પર સહેજ દાઝ લાગવાથી પડેલા ડાઘ અલ્ટ્રાવાયોલેટ કિરણોની મદદથી કાઢી શકાય છે.

કલાકણિકા: બોર્નિયો જંગલના વતનીઓમાં, ધાર્મિક વિધિઓમાં વપરાતું, 'હૉર્નબિલ' પંખીના રૂપમાં સુંદર આકૃતિવાળું લાકડાનું સાધન.



ગણિતગમ્મત: ૧થી ૯ સુધીના આંકડાઓને અનુક્રમમાં ગોઠવીને માત્ર તેમની વચ્ચે ગણિતની જુદીજુદી નિશાનીઓ વાપરી તેમનો સરવાળો ત્રણ રીતે ૧૦૦ કરી શકાય:

૧+૨+૩+૪+૫+૬+૭+(૮×૯)=૧૦૦
૧૨+૩−૪+૫+૬૭+૮+૯ =૧૦૦
૧૨૩+૪૫−૬૭+૮−૯ =૧૦૦

વળી એ જ રીતે ૯થી૧ એમ ઉલટા ક્રમમાં આંકડાઓ ગોઠવીને પણ એક રીતે ૧૦૦ સરવાળો લાવી શકાય: ૯૮−૭૬+૫૪+૩+૨૧=૧૦૦



સખત વરસાદ વખતે છત્રી હોવા છતાં હાથમાંની થેલી ઘણી વખત ભીંજાઈ જઇ અંદરની વસ્તુઓ બગડે છે. શાળામાં જતા વિદ્યાર્થીઓને તો તેમનાં પુસ્તકો ખરાબ થવાની ભીતિ રહે છે. આ મુશ્કેલી દૂર કરવા, રદ્દી છાપાંની જાડી થપ્પી લઇ, તેની વચ્ચોવચ આડો કાપ પાડી, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે થેલીના હેંડલ સોંસરું ભેરવી દેવાથી છાપું થેલીને ભીની થતાં અટકાવશે.


શરદીને લીધે અવાજ બેસી ગયો હોય ત્યારે પાંચ-છ લવિંગ એકી સાથે ખાઈ જવાથી ગળું જરા સાફ થશે.



ગાંધીજીના સ્મરણમાં આગામી ૧૫મી ઑગસ્ટે હિંદના સ્વાતંત્ર્ય-દિનની પહેલી સંવત્સરીએ હિંદ સરકાર તરફથી ૧॥ આનો, ૩॥ આના, ૧૨ આના ને ૧૦ રૂપિયાની કિંમતની જે ટિકિટો બહાર પડશે તેમાંની દોઢ આનાવાળી ટિકિટ ઉપર આપી છે. તે બદામી રંગની છે, જ્યારે ૩॥ આના અને ૧૨ આનાવાળી ટિકિટો વિવિધ રંગોની છે. ૧૦ રૂપિયાવાળી ટિકિટ બે રંગોમાં હશે.

વીજળીના ખોટા થએલા ગોળામાંથી તાર વગેરે કાઢી લીધા પછી ખાલી ગોળામાં થોડું સ્વચ્છ પાણી ભરી દેવાથી કામચલાઉ બૃહદર્શક(Magnifier) બનશે (મ. પ. જ.)

હિંદમાં સૌ પહેલું અખબાર ૧૭૮૦ની ૨૦મી જાન્યુઆરીએ કલકત્તામાં પ્રગટ થયું. 'બંગાળ ગૅઝેટ' તેનું નામ.



અકબરના વિવિધ સિક્કાઓમાં આ ત્રાંબાના તનકાની વિશેષતા તેના પરના મોટા ને ઉઠાવદાર અક્ષરો છે. એક બાજુ 'અકબર બાદશાહનો દિલ્હીમાં પાડેલો તનકા' ('તનકા-ઇ-અકબર શાહી ઝર્બ-ઈ-દિલ્હી') લખેલું છે ને બીજી બાજુ તે પાડવામાં આવ્યાનું વર્ષ 'હિજરી ૪૩નો દી ઇલાહી માસ'(માહ દી ઈલાહી૪૩)લખેલું છે.

રાજા રવિવર્મા (અનુ૦ પૃ. ૨૧૦થી ચાલુ) તેમના કામમાં ઉદ્યોગ અથાગ હતો. વડોદરામાં એક વખત અર્જુન-સુભદ્રાનો આલેખ ગોઠવતાં સાંજ પડી ગઇ. તો યે પોતાને સંતોષ ન થયો, એટલે નોકર પાસે દીવા મંગાવી કામ ચાલું રાખ્યું, તે ઠેઠ સવારના ચાર વાગ્યે આલેખ સંતોષપૂર્ણ થયો ત્યારે જ છોડયું.

સૌજન્યના તો રવિવર્મા સાગર હતા. તેમની પાસે જનારને તે બહુ ભાવથી મળતા. કીર્તિ મળ્યા પછી તો મુલાકાતીઓ એટલા વધ્યા કે તેમનો સમય કોઈ ન બગાડે તે માટે તેમના સંબંધીઓને ઘણી ચોકી રાખવી પડતી. પણ તેમને ખબર પડે ત્યારે તે તેમને તે માટે ઠપકો આપતા. તેમની સેવા-શુશ્રૂષા કરનાર નોકરો સુદ્ધાંને તે બહુ પ્રેમથી નવાજતા.

તેમનાં ચિત્રો હિંદનાં ઘરોની ભીંત પર હારબંધ સત્કાર પામ્યાં છે. કોઇને તેમાં અપવાદીપણું લાગ્યું નથી. એમનાં ચિત્રોએ હિંદુ સંસ્કૃતિની ઉષ્મા જીવતી કરી અને સૌંદર્યશોભા તથા પ્રેમનું વાતાવરણ આપી ઘરનાં સૌભાગ્ય ને દીપ્તિ વધારવામાં તે લગભગ એક આખા યુગ સુધી સાધન બન્યાં છે. એ સમયના કવિઓ અને લેખકો પણ તેમનાં ચિત્રોનો ઉલ્લેખ કરતા, એટલું જ નહિ પણ તે પર લેખો કે કાવ્યો પણ લખતા.

અલબત્ત, રાજા રવિવર્માની કલામાંનાં અમુક નાટકી તત્ત્વો તથા અન્ય બાબતો માટે બીજો મત ધરાવનારા વિદ્વાનો પંડિતો અને કલાકારોની દલીલો તથા ચર્ચામાં ઘણે અંશે સત્ય પણ છે;છતાં રવિવર્માએ એક આખી પેઢી સુધી ભારતભરમાં જે કલારાજ્ય ભોગવ્યું, તેવું બીજા કોઇને નસીબે હજી તો મળ્યું નથી. ગરીબ કે તવંગર, ધર્મિષ્ઠ કે વિદ્વાન, રસિક કે આમજન સૌ તેમનાં ચિત્રોનો આદર કરતા. તેઓ પોતે સરળ અને નિરાડંબરી હતા. સંસ્કૃત ભાષાના તેઓ પંડિત હોઇ નિરંતર ઉચ્ચ વાચન અને અભ્યાસ માટે વિદ્વાનોનો સમાગમ શોધતા. જીવનના અંત ભાગમાં એ કહેતા કે, 'કળામાં હવે કંઇક ખરી સમજણ પામવા આવ્યો છું, તે વખતે જ જીવનની સંધ્યા આવી પહોંચી છે.' આવી ભક્તિ ધરાવતો આત્મા પોતાનું કાર્ય પૂર્ણ કરવા ફરી ભારતમાં દેખાશે જ એવી શ્રદ્ધા સાથે તેમની જન્મ-જયંતીની શતવર્ષીએ એ ભારત-પ્રતિભાને આપણી અંજલી અર્પીએ.

અથાણું

સ્ટેશનથી ગાડી ઊપડવાની તૈયારી હતી. એટલામાં ત્રણ જણા દોડતા આવ્યા. પણ ત્યાં તો ગાડી ચાલુ થવાથી તેઓ ગાડીની સાથે-સાથે દોડવા લાગ્યા. સ્ટેશનના મજૂરોએ ધક્કા મારીને બે જણને તો ગાર્ડવાળા ડબ્બામાં ચઢાવી દીધા. પણ ત્રીજો ન ચડી શકયો. તે ગાડી તરફ જોઈને બહુ દુઃખી થતો હતો. તેની સાથે સમવેદના પ્રગટ કરતાં એક મજૂરે કહ્યું, 'અફસોસ, તમે રહી ગયા.'

પેલાએ જવાબ આપ્યો: 'હા, અફસોસ તો થાય છે જ. પણ મારા કરતાં મારા પેલા બે મિત્રોને વધુ દુઃખ થતું હશે, કારણ તેઓ તો મને મૂકવા આવેલા!'

*

રમણ ગુસ્સામાં પહેલે જ દિવસે નિશાળેથી પાછો આવ્યો અને બાને કહી દીધું, 'આવતી કાલથી હું નિશાળે નથી જવાનો.'

'પણ કેમ?' બાએ કારણ પૂછ્યું.

'કેમ શું વળી? મને વાંચતાં નથી આવડતું, લખતાં નથી આવડતું; અને તેઓ મને વાતો પણ કરવા નથી દેતા. તો પછી નિશાળે જવાનો ઉપયોગ શો?'







રાજા રવિવર્માની કળાનો આરંભ તસ્વીરી ચિત્રોથી થયો હતો, ને તેથી તેમનાં ચિત્રો ઘણે ભાગે તસ્વીરી બેઠકમા ગોઠવાએલાં તથા જરૂરી નાટ્યાભિનયના રૂપમાં હોય છે; પણ તેમની સુસ્પષ્ટ મનોહર આલેખનાથી ચિત્તાકર્ષક બન્યાં છે. વખત જતાં તેમણે પાત્રોની સૃષ્ટિ વધારી અને પૃષ્ઠસૃષ્ટિ(બૅકગ્રાઉન્ડ) સુધારી. એમનાં સંખ્યાબંધ ચિત્રોમાંથી ત્રણ આ અંકમાંના એમના પરિચય લેખ સાથે તથા ત્રણ ચૂંટીને આ ઉપર આપ્યાં છે. ઉપર આપેલાં ચિત્રોમાં ડાબી બાજુથી : (૧) **શકુન્તલાનો જન્મ :** ઋષિ વિશ્વામિત્રે તપોભ્રષ્ટ થઈને મેનકા સાથે સંસાર માંડ્યો અને બાળક શકુન્તલાનો જન્મ થયો. મેનકાને ઈન્દ્રે સોંપેલા કાર્યની સમાપ્તિ થઈ એટલે તે હવે ઋષિને બાળક સોંપીને ઇન્દ્ર પાસે જવા માગે છે. ઋષિને આ જંજાળ જોઈને ભાન આવે છે અને પશ્ચાત્તાપમાં હાથ ઊંચો કરી પોતે હવે મુક્ત થવા માગે છે. આ ચિત્ર નાટ્યાભિનયનો નમૂનો છે અને રવિવર્માનાં અતિ લોકપ્રિય થએલાં ચિત્રો પૈકીનું એક છે. ગુજરાતના વિદ્વાન સ્વ. મણિલાલ નભુભાઈ પર તેણે એટલી અસર કરેલી કે તેના પર એમણે કાવ્યપંક્તિઓ રચી હતી અને તે પોતાના ઓરડામાં ટાંગેલું રાખતા. (૨) **'અણગમતી કામગીરી'** : વિરાટના રાજાના રાણીવાસમાં દાસી તરીકે રહેલી દ્રૌપદીને કીચકની સેવામાં ભોજન લઈને જવાનું જ્યારે ફરમાન થયું ત્યારે તે ઓશિયાળી બનીને અણગમતે મને મહાલયનાં પગથિયાં ઊતરી રહી છે તે પ્રસંગનું આ ચિત્ર છે. અંદરની મનોવેદના દ્રૌપદીના આલેખનમાં અસરકારક રીતે ઉતારી છે અને દ્વારપાળ નિરપેક્ષ ભાવે તેને જોઈ રહ્યો છે. થોડામાં થોડી પૃષ્ઠરચના અને પાત્ર-સંકીર્ણતા હોવા છતાં પ્રસંગ અને ભાવનું સૂચન એટલું સંપૂર્ણ છે કે ચિત્ર સફળ બની ગયું છે. (૩) **બેગમનું સ્નાનગૃહ :** રાજા રવિવર્માની કારકિર્દીના અંત સમયમાં આલેખાએલું આ ચિત્ર એમની પકવ કલમનો એક નમૂનો કહી શકાય તેવું છે. માત્ર ઊંચી રેખાઓવાળું જ ચારપાંચ પાત્રોનું મંડળ ચિત્રયોજનામાં લાવવું એ સમર્થ રચનાકૌશલ ગણાય છે. બેગમ ખાનદાનની અદાથી પોતાની દાસીઓને પોતાના શરીરની સેવા કરવા દે છે, અને દરેક દાસી જુદા અભિનયથી પ્રસંગની પૂર્તિ કરે છે. પાસે ઊભેલી હબસી દાસીની વિરૂપતાના પડછે બેગમનું મુખ ચન્દ્ર સમું પ્રકાશે છે; જ્યારે પાછળ એક દાસી હુક્કામાં ફૂંક મારીને ચેતવી રહી છે. આ વિવિધ રેખાવિન્યાસ સરળતાથી ઊભેલી બેગમને વધુ આકર્ષક બનાવે છે. આ ચિત્ર આજનાં ચિત્ર-પ્રદર્શનમાં પણ આગલી હરોળમાં આવે એવું સુબદ્ધ અને સફળ આલેખન છે. (બીજાં ચિત્રો એમના લેખ સાથે)